RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 21-06-2026 I VOL : 12 I Issue : 96 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે બદલાઈ શકે તે બદલો, બાકી સ્વીકારો. સ્મિત સૌથી સુંદર શણગાર છે.

3  ગુજરાતમાં મેડિકલ કરતાં પણ B.Com, B.A. અને BBA ભણવું મોંઘું! ખાનગી યુનિવર્સિટીઓ બની 'શિક્ષણ માફિયા'

4  અયોધ્યા રામમંદિરમાં 'કથિત ગોટાળા'ના આરોપોથી ખળભળાટ

6  સ્લીવલેસ ડ્રેસ પહેરીને ગીત ગાનારી ઇરાની સિંગરની વધી મુશ્કેલી

7  ભારતે અફઘાનિસ્તાનને 9 વિકેટથી હરાવ્યું:સિરીઝ 3-0થી જીતી

### અમેરિકા-ઈઝરાયલે કરારનું ઉલ્લંઘન કર્યું હોવાનો દાવો

# ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ફરી બંધ કર્યું

## લેબનોન પર ઇઝરાયલી હુમલામાં 16 લોકોના મોત બાદ નિર્ણય, નેતન્યાહુ બોલ્યા- હુમલા ચાલુ રહેશે

પાક્કો ગુજરાત ન્યૂઝ, તહેરાન

અમેરિકા ઈરાન વચ્ચેના શાંતિ કરારના થોડા જ દિવસો બાદ ઈરાનની સંયુક્ત મિલિટરી કમાન્ડે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (Strait of Hormuz)થી જહાજોની અવરજવર બંધ કરવાની જાહેરાત કરી છે. તેની પાછળ તેમણે યુદ્ધ ખતમ કરવાવાળા કરાર (MOU)નું અમેરિકા દ્વારા ઉલ્લંઘન, દક્ષિણ લેબેનોનથી સેના ન હટાવવી અને ઈઝરાયલ દ્વારા સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનું કારણ જણાવ્યું છે. કરારના ઉલ્લંઘન પર ઈરાનની આગામી ચેતવણી ઈરાને આ નિર્ણયને પ્રથમ પગલું ગણાવ્યું છે અને ચેતવણી આપી છે કે જો ઉલ્લંઘન ચાલુ રહેશે, તો વધુ પગલાં લેવામાં આવશે. જણાવી દઈએ કે, અમેરિકા અને ઈરાને આ અઠવાડિયે એક કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા, જેના પરિણામ સ્વરૂપ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવાની જાહેરાત કરવામાં આવી હતી. યુદ્ધવિરામની ખબરો વચ્ચે ઇઝરાયલી હુમલા બીજી તરફ, અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર કરારના સમાચારોના થોડા જ કલાકો પછી શનિવારે દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા હતા, જેમાં બે બાળકો પણ સામેલ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે 17 જૂનની રાત્રે શાંતિ કરાર પર હસ્તાક્ષર થયા હતા. તેમાં હોર્મુઝ ખોલવા અને લેબનોનમાં હુમલા બંધ કરવાની શરતો હતી. પીસ ડીલ પર હસ્તાક્ષર કર્યા પછી પણ ઈઝરાયલે લેબનોનમાં હુમલા ચાલુ રાખ્યા હતા. આ પછી ટ્રમ્પની પહેલ પર 19 જૂનની રાત્રે ઈઝરાયલ અને લેબનોન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ હતી.

## બંગાળને પાકિસ્તાનનો ભાગ બનાવવાનો પ્રયાસ થયો: મોદી

કોલકાતા

પશ્ચિમ બંગાળના હુગલીમાં પીએમ મોદીએ રાજ્યની અગાઉની સરકારો પર આરોપ લગાવ્યો કે બંગાળને પાકિસ્તાનનો ભાગ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ધાર્મિક એજન્ડા ચલાવીને ઘૂસણખોરોને સંરક્ષણ આપવામાં આવ્યું અને તેમના દ્વારા જમીનો પર કબજો કરવામાં આવ્યો. મોદીએ કહ્યું કે હવે રાજ્યમાં કાયદાનું શાસન સ્થાપિત કરવા અને વિકાસને ગતિ આપવા માટે કેન્દ્ર સરકાર સતત કામ કરી રહી છે. પશ્ચિમ બંગાળના હુગલીમાં પીએમ નરેન્દ્ર મોદીએ અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું. વિધાનસભા ચૂંટણી જીત્યા પછી આ તેમની પ્રથમ મુલાકાત છે. તેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) નો 23મો હપ્તો જાહેર કર્યો અને રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) નો પ્રારંભ કર્યો. તેની કુલ રકમ 18,880 કરોડ રૂપિયા છે. આ યોજનાનો લાભ દેશભરના 9.44 કરોડથી વધુ ખેડૂતોને મળશે. બંગાળમાં, 45 લાખથી વધુ લાભાર્થીઓના ખાતામાં 900 કરોડ રૂપિયા જમા કરવામાં આવશે. આ ઉપરાંત પીએમએ હાવડાના સંકરૈલ-સંતરાગાછી લિંક લાઇન પ્રોજેક્ટ લોન્ચ કર્યો.

# ભારતમાં સોનાનો મોટો ભંડાર મળ્યો, 4 જગ્યાએ કરાશે


## રૂપિયા 7,500 કરોડથી વધુની કિંમતનું સોનું હોવાનો અંદાજ

કુર્નૂલ

સમગ્ર વિશ્વમાં સોનાની વધતી માંગ અને આકાશને આંબતી કિંમતો વચ્ચે ભારતમાં સોનાનો એક મોટો ખજાનો હાથ લાગ્યો છે. દક્ષિણ ભારતના રાજ્ય આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં આવેલા જોન્નાગિરી ગામમાં અંદાજે 50 ટન સોનાનો ભંડાર હોવાની પુષ્ટિ થઈ છે. આ મોટી શોધ બાદ આંધ્રપ્રદેશ આગામી થોડા જ વર્ષોમાં દેશમાં સોનાનો સૌથી મોટો સપ્લાયર પક્ષ બનીને ઉભરી શકે છે. આનાથી દેશમાં ન માત્ર સોનાનું સ્થાનિક ઉત્પાદન વધશે, પરંતુ સોનાની આયાત(ઈમ્પોર્ટ) પર ભારતની નિર્ભરતા પણ ઘણી ઓછી થશે. માઇન્સ વિભાગના અગ્ર સચિવ (પ્રિન્સિપલ સેક્રેટરી) મુકેશ કુમાર મીણાએ એક પત્રકાર પરિષદમાં આ અંગેની મહત્ત્વની વિગતો શેર કરી હતી. તેમણે જણાવ્યું કે, એકલા જોન્નાગિરીમાં જ અંદાજે 50 ટન સોનું મોજૂદ હોવાનો અંદાજ છે. સ્થાનિક બજારમાં આ સોનાની અંદાજિત કિંમત આશરે 7,500 કરોડથી લઈને 9,000 કરોડની વચ્ચે હોવાનું માનવામાં આવે છે. લગભગ એક દાયકા પહેલા આ ગામમાં માઈનિંગ માટે 1,500 એકર જમીન ફાળવવામાં આવી હતી. હાલમાં માત્ર 500 એકર જમીન પર જ ખોદકામ અને સંશોધન થયું છે, જેમાંથી 13 ટન સોનાનો અંદાજ મળ્યો છે અને બાકીની 1,000 એકર જમીન પર શોધખોળ થતાં આ આંકડો 50 ટન સુધી પહોંચી જશે. રાજ્ય સરકાર આ ખનિજ-સમૃદ્ધ વિસ્તારોના વધુ વિકાસ માટે પ્લાનિંગ કરી રહી છે. મુકેશ કુમાર મીણાના જણાવ્યા અનુસાર, સોનાના માઈનિંગ માટે જોન્નાગિરી ઉપરાંત અન્ય ચાર સંભવિત જગ્યાઓની પણ ઓળખ કરવામાં આવી છે. આ યાદીમાં રામાગિરી, જવ્વકુલા, ચિગુરુકુંટા અને બિસ્નાટમનો સમાવેશ થાય છે. સોનાનું માઈનિંગ એ ખૂબ જ મોટું રોકાણ અને અત્યાધુનિક ટેક્નોલૉજી માંગી લેતું કામ હોવાથી, સરકારે પારદર્શક ટેન્ડર પ્રક્રિયા દ્વારા આ માઈનિંગ રાઈટ્સ ખાનગી પ્લેયર્સને સોંપ્યા છે.

### એક નજર...

### એલી અવરામનો બોલ્ડ લુક જોઈ ફેન્સ થયા ક્રેઝી



આ વખતે કંઈક એવું થયું કે એલી તેના કપડાના કારણે ચર્ચાનો વિષય બની છે. વાસ્તવમાં, એલીએ બોલ્ડ લુકમાં તસવીરો શેર કરી છે. એલીનો આ લુક સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે એલી અવરામ પહેલીવાર 2013 માં બિગ બોસ 7 માં જોવા મળ્યો હતી. ઝલક દિખલા ઝામાં ભાગ લીધો અને 2013માં 'મિકી વાયરસ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું.

### NEWS TRACK

### બાંગ્લાદેશમાં ફરી ભયંકર આક્રોશ: ઢાકામાં ગુંજ્યા 'જય શ્રી રામ'ના નારા, મશાલ સાથે હિન્દુઓ રસ્તા પર

બાંગ્લાદેશના પાટનગર ઢાકામાં કથિત રીતે કટ્ટરપંથીઓ દ્વારા ભગવાન રામની તસવીરના અપમાનના વિરોધમાં મોટા પાયે પ્રદર્શનો શરૂ થયા છે. આ ઘટનાને પગલે હજારો હિન્દુઓએ ગઈકાલે શુક્રવારે સાંજે ઢાકામાં મશાલ સરઘસ કાઢ્યું હતું અને 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા. પ્રદર્શનકારીઓએ આ કૃત્ય પાછળ જવાબદાર લોકોની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે. હિન્દુ મહાજોત સહિતના સંગઠનો અને વિદ્યાર્થીઓ શાહબાગ વિસ્તારમાં એકઠા થયા હતા અને નેશનલ પ્રેસ ક્લબ સુધી કૂચ કરી હતી. પ્રતિમાનું નિર્માણ કાર્ય અટકાવી દેવાયું આ સમગ્ર વિવાદ ઉત્તરી ગાયબાંધા જિલ્લાના પલાશબારીમાં ભગવાન રામની 81 ફૂટ ઊંચી પ્રતિમાના નિર્માણને લઈને શરૂ થયો છે. શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર સમિતિ દ્વારા આ પ્રતિમા બનાવવામાં આવી રહી હતી, જેનું લગભગ 80 ટકા કામ પૂરું થઈ ચૂક્યું છે. જો કે, કટ્ટરપંથી જૂથો તરફથી મળેલી કથિત ધમકીઓને કારણે હાલમાં આ કામ અટકાવી દેવામાં આવ્યું છે.

### PM મોદી અને જિનપિંગ દુનિયાના બે સૌથી મહાન નેતાઓ: ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ભારતના PMના કર્યા વખાણ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ખાસ ઈન્ટરવ્યૂમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે. ટ્રમ્પે પીએમ મોદીને દુનિયાના બે સૌથી મહાન નેતાઓમાંના એક ગણાવ્યા છે અને કહ્યું કે, 'પીએમ મોદી અને ચીનના વડાપ્રધાન શી જિનપિંગ બે એવા ગ્લોબલ લીડર્સ છે, જેમની કામ કરવાની શૈલીથી હું સૌથી વધુ પ્રભાવિત છું.' અમેરિકન પ્રમુખે વડાપ્રધાન મોદીના લાંબા શાસનકાળ અને તેમની અનોખી કાર્યશૈલીની પ્રશંસા કરવાની સાથે એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારતના આર્થિક વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં પીએમ મોદીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની રહી છે. ઈન્ટરવ્યૂ દરમિયાન જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને દુનિયાના બે મહાન નેતાઓના નામ આપવા માટે કહેવામાં આવ્યું, ત્યારે તેમણે શી જિનપિંગ અને પીએમ મોદીના નામ લીધા હતા. વડાપ્રધાન મોદી વિશે વાત કરતાં ટ્રમ્પે કહ્યું કે, 'નરેન્દ્ર મોદી ખૂબ જ ઉત્કૃષ્ટ નેતા છે. તેઓ યુદ્ધોથી દૂર રહે છે, જે અત્યંત સમજદારીભરી બાબત છે. તેઓ 1.5 અબજ (150 કરોડ) લોકોની વસ્તી ધરાવતા દેશનું નેતૃત્વ કરે છે.

# નર્મદાનું લોહી પીતા નેતા-માફિયાના રાક્ષસી ખેલ

## કરજણના વિંગરવાડામાં ધારાસભ્યની ઓથ હેઠળ નદીની છાતી ચીરાઇ, ખાખી વર્દીને લોહીલુહાણ કરનાર રીઢા ગુંડા સામે કાયદો નપુંસક!










કરજણ/વડોદરા: પવન માકન

ગુજરાતમાં કાયદાનું શાસન જીવે છે કે પછી નેતાઓ અને ખનન માફિયાઓની શરમજનક મિલીભગતે તેને જીવતો દાટી દીધો છે? આ સળગતો સવાલ વડોદરાના કરજણ તાલુકાના વિંગરવાડા ગામની નર્મદા નદીના પટમાંથી ઉઠી રહ્યો છે. સાસરોડ વાળા રોડથી નારેશ્વર તરફ જતી નર્મદા નદીને માફિયાઓએ અંધેર નગરી ગંડુ રાજાની જેમ લૂંટવાનું આખું સામ્રાજ્ય ઊભું કર્યું છે. સ્થાનિક સૂત્રોના પાકા અને સનસનાટીપૂર્ણ અહેવાલ મુજબ, કરજણના ભાજપના ધારાસભ્ય અક્ષય પટેલની સીધી ભાગીદારી અને છત્રછાયામાં ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘો નામનો રીઢો ગુનેગાર નર્મદાની છાતી ચીરીને કરોડો રૂપિયાની કુદરતી સંપત્તિની સરેઆમ ધાડ પાડી રહ્યો છે.

### 100થી વધુ ડમ્પરોની રાક્ષસી ફોજ: નર્મદાના અસ્તિત્વ પર ખતરો

વિંગરવાડાના નદી પટમાં કાયદાના કાયર શાસકોની નજર સામે ૧૦૦ થી ૧૨૫ ડમ્પરો, ૨૦ થી ૨૫ જેસીબી મશીનો અને ૧૫થી વધુ હિટાચી તેમજ લોડર મશીનોની આખી ફોજ દિવસ-રાત નદીને ખોતરી રહી છે. સરકારી લીઝના બહાના હેઠળ તંત્રની આંખોમાં ધૂળ નાખીને, માત્ર કાગળ પર જૂજ રૂપિયાની રોયલ્ટી ભરીને મહિને કરોડો રૂપિયાની સરકારી ચોરી આચરવામાં આવી રહી છે. સત્તાના નશામાં ચૂર આ ટોળકી સરકારી તિજોરીને નગ્ન લૂંટ લૂંટી રહી છે.

### ફ્લાઈંગ સ્ક્વૉડ અને મામલતદાર વેચાઈ ગયા કે ડરી ગયા?

આ ગુંડાશાહી સામે સ્થાનિક ગ્રામજનોએ આક્રમક રજૂઆતો કરી, પણ ભ્રષ્ટ તંત્રના કાન પર જૂ સુદ્ધાં સરકતી નથી. ગાંધીનગર ફ્લાઈંગ સ્ક્વોડના ચાવડા નામના અધિકારીને આ ગેરકાયદેસર ખનનના લોકેશન અને પુરાવા આપવા છતાં તે નફ્ફટ મૌન ધારણ કરીને બેઠા છે. સ્થાનિક પ્રાંત અધિકારી કે મામલતદારની ઓકાત નથી કે આ સ્થળ પર જઈને રેડ પાડી શકે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે ધારાસભ્ય અક્ષય પટેલની સીધી લિંક સીએમ (CM) ઓફિસ સુધી હોવાથી, વડોદરાથી લઈને ગાંધીનગર સુધી લાખો રૂપિયાની હપ્તાખોરીનું કાળું નેટવર્ક બરાબર સેટ કરી દેવાયું છે.

### રક્ષક જ ભક્ષક: પ્રમાણિક પોલીસ કોન્સ્ટેબલનું અપહરણ કરી ઢાઢર નદીમાં ફેંકવાનો ખુની ખેલ!

આ કાળી કમાણીનો અસલી ચહેરો એ છે કે આ કૌભાંડનો મુખ્ય સુત્રધાર ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘો પોલીસ પર હાથ ઉપાડતા પણ અચકાતો નથી. અગાઉ કરજણ પોલીસ સ્ટેશનના જાબાંજ કોન્સ્ટેબલ લક્ષ્મણ આહીરે ખાણ-ખનીજ વિભાગને સાથે રાખીને પિંગલવાડામાં રેતી ખનન પકડવા છાપો માર્યો હતો. પરંતુ અંદરખાનેથી બાતમી લીક થતાં ખાણ-ખનીજની ટીમ પરત ફરી હતી. યારબાદ એકલા જઈ રહેલા કોન્સ્ટેબલ લક્ષ્મણ આહીરનું આ ગુંડા અને તેના સાગરીતોએ સરેઆમ રસ્તા પરથી અપહરણ કર્યું હતું! તેને જલારામ નગરના એક મકાનમાં પૂરીને પશુની જેમ ઢોર માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, પુરાવા મિટાવવા માટે તેને અધમૂઓ કરી ઢાઢર નદીમાં ફેંકીને જાનથી મારી નાખવાનો ભયાનક પ્રયાસ થયો હતો. એ બહાદુર પોલીસકર્મી વહેલી સવારે ૫ વાગ્યે લોહીલુહાણ હાલતમાં જીવ બચાવીને ભાગ્યો અને કરજણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધી હતી.

### કેસ રફેદફે કરવા 1 કરોડનું આંધણ: સત્તાધારી પક્ષ કેમ મૌન?

કરજણ નગરપાલિકાના સભ્ય બનેલા આ ગુંડા ગોકુલ ભરવાડ અને ધારાસભ્ય અક્ષય પટેલની જુગલબંધી એટલી ખતરનાક નીવડી કે ખાખી વર્દીને લોહીલુહાણ કરનારો આ માફિયા કાયદાના પાંજરામાંથી સાજોનરવો છૂટી ગયો. સૂત્રોના જણાવ્યા મુજબ, આ કેસને દબાવવા અને જીતવા માટે ૧ કરોડ રૂપિયા પાણીની જેમ વહાવવામાં આવ્યા હતા. સવાલ એ છે કે, દેશના રક્ષકોને જાનથી મારી નાખવાની કોશિશ કરનારા આવા ગુનાહિત ઈતિહાસ ધરાવતા નરાધમોને બીજેપી કયા મોઢે છાવરી રહી છે?

### 'પાક્કો ગુજરાત'નો ચીમકીભર્યો સવાલ

**શું કરજણના ધારાસભ્ય અને તેના પાળેલા ગુંડાઓ આગળ ગુજરાત સરકાર નપુંસક સાબિત થઈ ચૂકી છે? હવે આ માફિયા સામ્રાજ્યને ઉખેડી ફેંકવા માટે સ્થાનિકો દ્વારા વડોદરા જિલ્લા કલેક્ટર અને એસપી (SP) સમક્ષ પુરાવા સાથે આરપારની લડતની તૈયારી કરી લેવાઈ છે. હવે જોવાનું એ રહેશે કે ભ્રષ્ટાચાર અને ગુંડાતત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની ડંફાસો મારતી સરકાર આ કરોડોના ખનન માફિયાઓ પર બુલડોઝર ફેરવશે, કે પછી નેતાજીના ખિસ્સા ભરવા માટે નર્મદા મૈયાને આમ જ માફિયાઓના હવાલે છોડી દેશે?**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ડભોઇનો ₹42 કરોડનો 'સરીતા ઓવરબ્રિજ' આખરે ઝળહળ્યો

## ■ વારંવાર અહેવાલો પ્રસારિત થતાં ઊંઘતું તંત્ર જાગ્યું, સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા યાત્રિકો અને સ્થાનિક વાહનચાલકોને અંધારપટમાંથી મળી મુક્તિ

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઇ શહેરમાં તંત્રની ઘોર બેદરકારી અને લોકશાહીના ચોથા સ્તંભ સમાન મીડિયાની જાગૃતતાનો એક બહુ મોટો કિસ્સો સામે આવ્યો છે. ડભોઇના હૃદય સમાન અને સૌથી મહત્વના ગણાતા સરીતા ઓવરબ્રિજ પર લાંબા સમયથી છવાયેલા કાળાડિબાંગ અંધારપટ અંગે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર દ્વારા જનતાના હિતમાં વારંવાર ધારદાર અહેવાલો પ્રસારિત કરવામાં આવ્યા હતા. પ્રજાના આ પ્રશ્નને વાચા આપતા અહેવાલોની એવી તે સીધી અને સચોટ અસર થઈ કે આખરે કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું તંત્ર જાગ્યું છે. ઓવરબ્રિજ પર લગાવવામાં આવેલી તમામ 280 નવી લાઈટોને ગઈકાલે રાત્રે ચાલુ કરી દેવામાં આવતા આખો બ્રિજ ઝળહળી ઉઠ્યો છે. લાઈટો શરૂ થતાં જ સ્થાનિક નગરજનો અને વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો છે અને પાક્કો ગુજરાતનો દિલથી આભાર માન્યો છે.

રેલવે ડી.એમ. 30/8-8 માર્ગ પર આવેલ આ સરીતા ઓવરબ્રિજના નિર્માણ માટે અંદાજે રૂપિયા 42 કરોડથી વધુનો તોતિંગ ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટરને આ કામ પૂર્ણ કરવા માટે 15 મહિનાની સમય મર્યાદા આપવામાં આવી હતી અને સત્તાવાર દસ્તાવેજો અનુસાર આ બ્રિજનું કામ વર્ષ 2022 સુધીમાં પૂર્ણ થવાનું હતું. જો કે, કામ પૂર્ણ થયા બાદ અને નવી લાઈટો નાંખ્યા પછી પણ સતત ચાર મહિના જેટલા લાંબા સમય સુધી લાઈટો બંધ રાખવામાં આવી હતી! કરોડો રૂપિયાનો આ પ્રોજેક્ટ સરકારી આળસના કારણે અંધારામાં ગરકાવ થઈને પડ્યો હતો. આ ઓવરબ્રિજ માત્ર ડભોઇ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (કેવડિયા) જતો મુખ્ય માર્ગ છે. આ સિવાય: રાજપીપળા, કરનાળી અને ચાણોદ જેવા પવિત્ર ધાર્મિક સ્થળો, વઢવાણા પક્ષી અભયારણ્ય પોઇચા (કુબેર ભંડારી અને સ્વામિનારાયણ મંદિર) તરફ જતા હજારો વાહનચાલકો અને દેશ-વિદેશના પ્રવાસીઓને દરરોજ રાત્રિના સમયે ભારે અંધકાર વચ્ચે જીવના જોખમે અહીંથી પસાર થવું પડતું હતું. અંધારાના કારણે આ હાઈવે પર અકસ્માતનો ભય સતત તોળાતો રહેતો હતો, જેમાંથી હવે કાયમી મુક્તિ મળી છે.

'જો પાક્કો ગુજરાત ન્યૂઝે જનતાનો અવાજ ઉઠાવીને વારંવાર વહીવટી તંત્રના કાન ન ખેંચ્યા હોત, તો આ સરકારી બાબુઓ હજુ પણ ઊંઘતા રહ્યા હોત. હવે અંધારામાંથી મુક્તિ મળતા અકસ્માતો અટકશે અને અમારી રાત્રિની મુસાફરી સુરક્ષિત બનશે.'

– સ્થાનિક રહીશો અને વાહનચાલકો

ગઈકાલે રાત્રે જ્યારે બ્રિજની તમામ 280 લાઈટો એકસાથે ચાલુ થઈ ત્યારે સમગ્ર વિસ્તાર જાણે રોશનીથી નાહી ઉઠ્યો હતો. પ્રજાના ટેક્સના પૈસાનો સદઉપયોગ થાય અને સરકારી તંત્ર પોતાની જવાબદારી નિભાવે તે માટે પાક્કો ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે અને રહેશે.



# જેતપુરમાં જુગારના અખાડા પર પોલીસનો દરોડો : 11 મહિલાઓ ઝડપાઇ, 1.07 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ

જેતપુર ઉદ્યોગનગર પોલીસની ટીમને ચોક્કસ બાતમીના આધારે જેતપુરના ધોરાજી રોડ પર આવેલ જલારામ નગર-૧ વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં જુગારના અખાડા પર દરોડો પાડી જુગાર રમતી ૧૧ મહિલાઓને ઝડપી લીધા છે.

મળતી માહિતી અનુસાર, રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી વિજયસિંહ ગુર્જર તથા જેતપુર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી રોહીતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ, જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, જેતપુરના ધોરાજી રોડ પર આવેલ જલારામ નગર-૧ વિસ્તારમાં રહેતી રેખાબેન જગદીશભાઈ વાઘેલા પોતાના રહેણાંક મકાનમાં બહારથી મહિલાઓને બોલાવી, નાલ ઉઘરાવીને ટોકન સિસ્ટમથી તીન પત્તીનો જુગાર રમાડી રહી છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા સ્થળ પરથી જુગાર રમતી જેતપુર, જુનાગઢ અને આસપાસના વિસ્તારોની કુલ ૧૧ મહિલાઓને ઝડપી પાડી હતી. પોલીસે સ્થળ પરથી રોકડ રૂ. ૬૬,૬૦૦, ૫ મોબાઈલ ફોન (કિ.રૂ. ૪૦,૫૦૦) અને જુગાર રમવા માટે વપરાતી ટોકન સિસ્ટમના ૪૫૨ નંગ ટોકન સહિત કુલ રૂ. ૧,૦૭,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ-૪, ૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સફળ કામગીરીમાં ઈન્ચાર્જ પીઆઇ એમ.એલ.આહિર પીએસઆઈ કે.બી.ગઢવી, હેડ.કોન્સ નિલેશભાઈ મકવાણા, હિતેષભાઈ વરૂ, અજયભાઈ રાઠોડ, રાજુભાઈ સાંબડા, વાસુદેવસિંહ જાડેજા, સંજયભાઈ પરમાર, રેવતીબેન ચૌહાણ જોડાયા હતા.

# નડિયાદમાં આગની ઘટના: પીજ રોડ પર પાન પાર્લરમાં અચાનક લાગી આગ, ધુમાડાના ગોટેગોટા ઉડતા અફરાતફરી

નડિયાદ

શહેરના વ્યસ્ત ગણાતા પીજ રોડ પર આવેલી એક પાન પાર્લરની દુકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી છે. દુકાનમાંથી એકાએક ધુમાડાના કાળા ગોટેગોટા નીકળવાનું શરૂ થતાં જ આસપાસના સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

ઘટનાની વિગત એવી છે કે પીજ રોડ પર આવેલ પાન પાર્લરમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આખી દુકાન ધુમાડાથી ઘેરાઈ ગઈ હતી. ધોળા દિવસે રસ્તા પર ધુમાડાના વાદળો છવાઈ જતા વાહનચાલકો પણ ક્ષણભર માટે થંભી ગયા હતા અને વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગની તીવ્રતા જોઈને આસપાસના જાગૃત નાગરિકોએ તાત્કાલિક નડિયાદ ફાયર વિભાગને આ અંગે જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતા જ ફાયર ફાઈટરની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

રાથમિક માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ દુકાનમાં રહેલો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે, જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી સત્તાવાર રીતે જાણી શકાયું નથી.

### હાઈકોર્ટની ફટકાર બાદ તંત્ર સુપર એક્શન મોડમાં

# યુસુફ પઠાણને વડોદરા મ્યુનિ. કોર્પોરેશનનો મોટો ઝટકો!

વડોદરા

ગુજરાતના વડોદરા અને ક્રિકેટ જગતના જાણીતા ચહેરા તેમજ પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ માટે મુશ્કેલીઓના વાદળો વધુ ઘેરાયા છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) એ ભૂતકાળમાં યુસુફ પઠાણ દ્વારા કરાયેલા ગેરકાયદેસર દબાણવાળા વિવાદાસ્પદ પ્લોટને લઈને એક સનસનાટીભર્યો નિર્ણય લીધો છે. કોર્પોરેશન હવે આ કિંમતી જમીનની જાહેર હરાજી કરીને તેને વેચવા જઈ રહ્યું છે. નામદાર હાઈકોર્ટે બુટલેગરો અને જમીન પચાવી પાડનારાઓ સામે લાલ આંખ કર્યા બાદ વડોદરા કોર્પોરેશનનું તંત્ર સફાળું જાગ્યું છે અને આ મોટો નિર્ણય લીધો છે. વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલા અતિ કિંમતી એવા 978 ચોરસ મીટરના રેસિડેન્શિયલ પ્લોટ પર યુસુફ પઠાણ દ્વારા કથિત રીતે કમ્પાઉન્ડ વોલ બનાવીને ગેરકાયદે કબજો જમાવી લેવામાં આવ્યો હતો. આ સરકારી પ્લોટને પચાવી પાડવાના ખેલ સામે સામાજિક કાર્યકરો અને વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. હવે વીએમસી (VMC) એ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ આ વિવાદિત પ્લોટની જાહેર હરાજી કરશે અને જે સૌથી ઊંચી



બોલી લગાવશે તેને આ જમીન સોંપી દેવામાં આવશે. આ મામલો જ્યારે ગુજરાત હાઈકોર્ટના ચોપડે ચડ્યો, ત્યારે અદાલતે પણ પૂર્વ ક્રિકેટર કે નેતા હોવાનો મોભો જોયા વગર કાયદાનો આકરો કોરડો વીંઝ્યો હતો. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન યુસુફ પઠાણ અને કોર્પોરેશન બંનેનો જોરદાર ઉધડો લીધો હતો. અદાલતે સાફ શબ્દોમાં આદેશ આપ્યો હતો કે, આ સરકારી જમીન તાત્કાલિક ખાલી કરવામાં આવે અને ગેરકાયદે કબજો રાખવા બદલ નિયમ મુજબનો દંડ પણ વસૂલવામાં આવે. કોર્ટની આ કડક ફટકાર બાદ જ વડોદરા કોર્પોરેશનના આળસુ અધિકારીઓ દોડતા થયા છે.

પાક્કો ગુજરાતનો સવાલ: સામાન્ય માણસનું ઝૂંપડું તોડનારા સાહેબો, સેલિબ્રિટીઝ સામે કેમ ઢીલા પડે છે?

આ ઘટનાથી સાબિત થાય છે કે કાયદો બધા માટે સરખો છે, પછી ભલે તે કોઈ સેલિબ્રિટી હોય કે મોટો રાજનેતા. પણ પાક્કો ગુજરાત ન્યૂઝ સવાલ ઉઠાવે છે કે, વડોદરા કોર્પોરેશનને આ પ્લોટ વેચવાની બુદ્ધિ હાઈકોર્ટના ચાબખા વાગ્યા પછી જ કેમ આવી? જ્યારે કોઈ ગરીબ માણસ લારી ઉભી રાખે કે નાનું ઓટલા જેવું દબાણ કરે, ત્યારે વીએમસીનું બુલડોઝર તૂટી પડે છે, તો પછી કરોડોની સરકારી જમીન પર કમ્પાઉન્ડ વોલ ચણાઈ ગઈ ત્યાં સુધી અધિકારીઓ કઈ આશામાં આંખો મીંચીને બેઠા હતા?

હવે આ 978 ચોરસ મીટરના પ્રાઈમ લોકેશન વાળા પ્લોટની હરાજીથી કોર્પોરેશનની તિજોરીમાં કરોડો રૂપિયા છલકાશે, પણ જનતા એ જોવા માંગે છે કે આવી કિંમતી જમીનો પચાવી પાડનારા મોટા માથાઓ સામે કોર્પોરેશન ભવિષ્યમાં આવી જ કડકાઈ બતાવશે કે નહીં!

# નવયુગ વિદ્યાલય જંબુસરમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી

જંબુસર

જંબુસરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ નવયુગ વિદ્યાલય, સરસ્વતી વિદ્યા મંદિર અને પૂજા વિદ્યા મંદિર ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સ્ટેટ યુવક બોર્ડના જિલ્લા કોઓર્ડિનેટર બીનીતાબેન પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય યોગ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે યોગ પ્રોટોકોલ મુજબ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્ય અને મહેમાનોના સ્વાગત સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના આશરે 1,800 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો



હતો. ભરૂચથી આવેલા યોગ ટ્રેનરો રશ્મિકાંતભાઈ ત્રિવેદી, માલવીબેન નકુમ, ચંદ્રિકાબેન પારેખ અને હેતલબેન લીમ્બચિયાએ વિદ્યાર્થીઓને યોગાસન અને પ્રાણાયામનું માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ યોગ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લઈ યોગ પ્રત્યે જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન માનસિક શાંતિ અને સ્વસ્થ જીવનશૈલી માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# વડોદરામાં કોર્પોરેશનનું બુલડોઝર ફર્યું: અલકાપુરીના શ્રીમ શાલિની મોલમાં જ્વેલર્સનું ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

વડોદરા

શહેરના પોશ ગણાતા અલકાપુરી વિસ્તારમાં મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા ગેરકાયદેસર બાંધકામ પર કડક કાર્યવાહી કરવામાં આવી છે. અલકાપુરી મેઈન રોડ પર આવેલા જાણીતા 'શ્રીમ શાલિની મોલ'માં એક જ્વેલર્સની દુકાન દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર ઓટલા અને શેડના બાંધકામને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે તોડી પાડ્યું છે.

મળતી માહિતી મુજબ, મોલમાં આવેલી આ જ્વેલર્સની દુકાન સત્તાવાળાઓ દ્વારા અગાઉ સીલ કરવામાં આવી હતી. આ દુકાનદારે જવાનો રસ્તો રોકીને વધારાનો શેડ બાંધી દીધો હતો અને ગેરકાયદેસર રીતે ઓટલાનું બાંધકામ કરી દીધું હતું. કોર્પોરેશનની ટીમે આજે આ બંધ દુકાનનું સીલ તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને ગેરકાયદેસર રીતે તાણી બાંધવામાં આવેલો લોખંડ-પતરાનો શેડ તેમજ ઓટલો હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

દબાણ હટાવવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે અથવા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે અકોટા પોલીસ સ્ટેશનનો પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે તૈનાત કરી દેવામાં આવ્યો હતો.

કોર્પોરેશનની આ કડક કાર્યવાહીને પગલે મોલના અન્ય વેપારીઓ અને અલકાપુરી વિસ્તારના વ્યવસાયિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે કે જાહેર રસ્તા કે મોલના કોમન પ્લોટમાં કરવામાં આવેલા કોઈપણ પ્રકારના ગેરકાયદેસર દબાણોને સાંખી લેવામાં નહીં આવે.

### રાજકોટમાં સનસનાટીભરી કરોડોની ધાડ

# વૃદ્ધને બંધક બનાવી ₹2.47 કરોડની રોકડ અને સોનાની લૂંટ ચલાવી લૂંટારુઓ ફરાર!

રાજકોટ

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ચોંકાવનારી અને અત્યંત ગંભીર ઘટના સામે આવી છે. રંગીલા રાજકોટમાં ધોળાઝીંકે ત્રાટકેલા લૂંટારુઓએ એક વૃદ્ધને તેમના જ ઘરમાં બંધક બનાવીને અંદાજે 2.47 કરોડની રોકડ રકમ અને સોનાના દાગીનાની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા છે. આ ચકચારી ઘટનાને પગલે સમગ્ર રાજકોટ પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ છે અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે. મળતી પ્રાથમિક વિગતો મુજબ, લૂંટારુઓએ આખી ઘટનાને અંજામ આપવા માટે અગાઉથી જ રેકી કરી હોવાની આશંકા છે. ઘરમાં જ્યારે વૃદ્ધ એકલા હતા, ત્યારે લૂંટારુઓની ટોળકી હથિયારો સાથે ત્રાટકી હતી. પ્રતિકાર કરવાની તક આપ્યા વિના જ લૂંટારુઓએ વૃદ્ધને હથિયારની અણીએ બંધક બનાવી લીધા હતા અને મોઢે ડૂચો દઈ દીધો હતો. ત્યારબાદ આખા ઘરને ફંગોળીને તિજોરીમાં રાખેલી 2.47



કરોડની માતબર રોકડ રકમ અને સોનાના કિંમતી દાગીના લૂંટીને ગણતરીની મિનિટોમાં બારી કે દરવાજેથી રફુચક્કર થઈ ગયા હતા. કરોડોની લૂંટની આ ઘટનાની જાણ થતાં જ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ, સ્થાનિક પોલીસ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે આસપાસના વિસ્તારોમાં કડક નાકાબંધીના આદેશ આપી દીધા છે. લૂંટારુઓ કઈ તરફ ભાગ્યા છે તેની કડી મેળવવા માટે ઘરની આસપાસ અને મુખ્ય રસ્તાઓ પર લાગેલા સીસીટીવી (CCTV) કેમેરાના ફુટેજ ખંખાખવામાં આવી રહ્યા છે.

# મહીસાગર નલ સે જલ કૌભાંડ: ભાજપના નેતા મુકેશ પટેલ સહિત વધુ ત્રણની ધરપકડ, કુલ આંકડો 40 પર પહોંચ્યો

મહીસાગર

મહીસાગર જિલ્લામાં કરોડો રૂપિયાના ચકચારી 'નલ સે જલ' યોજના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. આ મામલે તપાસનો ધમધમાટ તેજ કરતા પોલીસે વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા નવા આરોપીઓમાં સ્થાનિક ભાજપ નેતા અને એપીએમસી (APMC) ડિરેક્ટર મુકેશ પટેલનો પણ સમાવેશ થાય છે. આ ત્રણ ધરપકડ સાથે જ કૌભાંડમાં અત્યાર સુધી ઝડપાયેલા કુલ આરોપીઓનો આંકડો 40 પર પહોંચી ગયો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, 123 કરોડ રૂપિયાના આ બહુચર્ચિત કૌભાંડમાં મુખ્ય આરોપીઓએ સરકારી ગ્રાન્ટમાંથી કરોડો રૂપિયાની ઉચાપત કરી છે. કાગળ પર અને ફિલ્ડમાં થયેલા કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

### સુરતમાં ડ્રમર સાથે લવમેરેજ કરતા ભારે રોષ

# સિંગર આરતી સાંગાણી બાદ હવે સિંગર રિદ્ધિ રાજપરાના પ્રેમલગ્નથી પાટીદાર સમાજમાં ભડકો!

સુરત

પાટીદાર સમાજની દીકરીઓ અને જાણીતી સિંગર્સના પ્રેમલગ્નોને લઈને ગુજરાતમાં વધુ એક મોટો સામાજિક વિવાદ વણસ્યો છે. લોકગાયિકા આરતી સાંગાણીના વિવાદિત લગ્નના કિસ્સાની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં સુરતમાંથી વધુ એક જાણીતી પાટીદાર સિંગર રિદ્ધિ રાજપરાના પ્રેમલગ્ન સામે પાટીદાર સમાજના અગ્રણીઓએ મોરચો માંડ્યો છે. રિદ્ધિ રાજપરાએ તેમની જ ટીમના એક ડ્રમર સાથે પ્રેમલગ્ન કરી લેતા સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ મામલે પાટીદાર અગ્રણીઓ દ્વારા ખુલ્લેઆમ સિંગરનો સામાજિક બહિષ્કાર કરવા અને સમાજના કોઈપણ સ્ટેજ પર તેમને 'નો એન્ટ્રી' આપવા માટે આહવાન કરવામાં આવ્યું છે.

સુરતની જાણીતી ગાયિકા રિદ્ધિ રાજપરા લાંબા સમયથી ડાયરા અને સંગીતના કાર્યક્રમોમાં પ્રખ્યાત છે. સંગીતના જ એક કાર્યક્રમ દરમિયાન તેમની ટીમમાં ડ્રમ વગાડતા યુવક સાથે તેમની આંખ મળી ગઈ હતી. આ મુલાકાત ધીમે-ધીમે પ્રેમમાં પરિણમી



અને આખરે બંનેએ સમાજ કે પરિવારની મંજૂરી વિના પ્રેમલગ્ન કરી લીધા. આ લગ્નની વાત બહાર આવતા જ ડાયરા અને ગરબા જગત સહિત પાટીદાર સમાજના સોશિયલ મીડિયા ગ્રુપોમાં ચર્ચાઓ અને આક્રોશનું ઘોડાપૂર આવ્યું છે.

આ પ્રેમલગ્ન બાદ પાટીદાર સમાજના અગ્રણીઓ અને સંસ્થાઓ દ્વારા ભારે વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. સમાજના અગ્રણીઓએ સોશિયલ મીડિયા પર અને નિવેદનો જાહેર કરીને આહવાન કર્યું છે કે, જે કલાકારો પાટીદાર સમાજના સ્ટેજ પરથી નામ અને દામ કમાય છે, તેઓ જ સમાજની ગરિમા અને સંસ્કારોને ઠેકે ચડાવી રહ્યા છે.

# વાગરાના સાયખા જીઆઇડીસી વિસ્તારમાં ચાલતું કરોડોનું ગેરકાયદેસર માટી ખનન ઝડપાયું, 1.2 કરોડનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ

ભરૂચ જિલ્લા વહીવટી તંત્રએ સરકારી સંસાધનોની લૂંટ ચલાવતા ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ વાગરા મામલતદાર અધિકારીની ટીમે 19જૂન, 2026ની મધરાતે વાગરા તાલુકાના સાયખા જીઆઈડીસી વિસ્તારમાં ઓચિંતી રેડ પાડી મોટા પાયે ચાલતું ગેરકાયદેસર માટી ખનન ઝડપી પાડ્યું હતું. ભૂમાફિયાઓ કોઈપણ પ્રકારની કાયદેસરની મંજૂરી વિના સરકારી જમીનમાંથી માટીનું ખનન કરી રાજ્ય સરકારને રોયલ્ટીનું નુકસાન પહોંચાડી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. પ્રશાસનની ટીમ સ્થળ પર પહોંચતા જ ભારે નાસભાગ મચી ગઈ હતી. તંત્ર દ્વારા સ્થળ પરથી માટીથી ભરેલી 3 ટ્રકો, તેમજ ગેરકાયદે ખોદકામ માટે ઉપયોગમાં લેવાતા બે હિટાચી મશીનો સહિત અંદાજે રૂ. 1.2 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

હાલ ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક પોલીસ દ્વારા સંડોવાયેલા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી અને દંડ વસૂલાતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પ્રશાસનની આ કાર્યવાહીના પગલે સમગ્ર પંથકના ગેરકાયદેસર ખનનકારોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પકડાયેલ મુદ્દા માલ GJ 16AW 9918.GJ16. AW9963. GJ 16AW.9864 અને બે હેતાજી મશીન જપ્ત કરવામાં આવ્યા છે આમ મરી કુલ રૂપિયા 1.2 કરોડ રૂપિયાનું મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યું છે.

# ભાવનગર રેગિંગ કાંડ : ગાંધીનગર સુધી પડ્યા ઘેરા પડઘા

## મુર્ગા બનાવનાર સિનિયરોને હોસ્ટેલ ખાલી કરવા આદેશ

ભાવનગર

ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં જુનિયર વિદ્યાર્થીઓ સાથે રેગિંગની શરમાજનક ઘટના સામે આવ્યા બાદ હવે રાજ્ય સરકાર અને તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. જુનિયરોને માનસિક અને શારીરિક ત્રાસ આપીને મુર્ગા બનાવનાર સિનિયર વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહીના ભાગરૂપે તેમને તાત્કાલિક અસરથી હોસ્ટેલ ખાલી કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. ભાવનગર મેડિકલ કોલેજની હોસ્ટેલમાં સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયરોનું રેગિંગ કરવામાં આવતું હોવાની વિગતો બહાર આવતા જ શૈક્ષણિક આલમમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટનાની ગંભીરતાને જોતા ગાંધીનગર ખાતે બેઠેલા ઉચ્ચ અધિકારીઓ અને આરોગ્ય વિભાગે તાત્કાલિક રિપોર્ટ માંગ્યો હતો. ગાંધીનગરથી મળેલી કડક સૂચના બાદ ભાવનગર કોલેજ પ્રશાસન સફાળું જાગ્યું હતું અને દોષિતો સામે પગલાં લેવાની પ્રક્રિયા શરૂ કરી હતી. ઘટનાની જાણ થતા જ કોલેજની એન્ટી-રેગિંગ કમિટી દ્વારા તાબડતોબ બેઠક બોલાવીને પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસમાં જે સિનિયર વિદ્યાર્થીઓ જુનિયરોને મુર્ગા બનાવવાની અને તેમને ટોર્ચર કરવાની પ્રવૃત્તિમાં મુખ્ય સૂત્રધાર હોવાનું સામે આવ્યું.

### દુબઈની ફ્લાઈટમાં સીટ નીચેથી

# ₹36.89 લાખનું લાવારિસ સોનું ઝડપાયું! : સુરત એરપોર્ટ પર કસ્ટમ્સની મોટી કાર્યવાહી

સુરત

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની દાણચોરી (Gold Smuggling)નો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

દુબઈથી સુરત આવેલી ફ્લાઈટમાં કસ્ટમ્સ વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધરીને સીટની નીચે બિનવારસી હાલતમાં પડેલું લાખો રૂપિયાનું સોનું ઝડપી પાડ્યું છે. દાણચોરોએ કસ્ટમ્સ ચેકિંગથી બચવા માટે અપનાવેલો આ નવો પેંતરો અધિકારીઓની સતર્કતાના કારણે નિષ્ફળ સાબિત થયો છે.

મળતી વિગતો મુજબ, દુબઈથી સુરત એરપોર્ટ પર લેન્ડ થયેલી એરલાઈન્સની



ફ્લાઈટમાં કોઈ શંકાસ્પદ વસ્તુ હોવાની કસ્ટમ્સ વિભાગને આશંકા ગઈ હતી. ફ્લાઈટ ખાલી થયા બાદ કસ્ટમ્સના અધિકારીઓએ પ્લેનની અંદર ઝીણવટભર્યું ચેકિંગ શરૂ કર્યું હતું. આ દરમિયાન એક સીટની નીચેથી અત્યંત ચાલાકીપૂર્વક છુપાવીને રાખેલું એક મખમલી પાઉચ મળી આવ્યું હતું. આ પાઉચ અંગે ફ્લાઈટના સ્ટાફ કે અન્ય કોઈએ માલિકી હક ન દર્શાવતા તે લાવારિસ જાહેર કરાયું હતું.


કસ્ટમ્સ વિભાગે જ્યારે આ શંકાસ્પદ મખમલી પાઉચ ખોલીને તપાસ કરી, ત્યારે તેમાંથી કેમિકલ યુક્ત પેસ્ટ સ્વરૂપે છુપાવેલું શુદ્ધ ૨૪ કેરેટ સોનું મળી આવ્યું હતું.

વજન કરતા આ સોનું અંદાજે 238 ગ્રામ હોવાનું સામે આવ્યું છે, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે 36.89 લાખ આંકવામાં આવી રહી છે. કસ્ટમ્સ એક્ટ હેઠળ આ તમામ સોનું જપ્ત કરી લેવાયું છે.

સુરત એરપોર્ટ પર કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા હવે એ દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે કે આ સોનું દુબઈથી કોણ લાવ્યું હતું અને સુરતમાં તેને કોણ રિસીવ કરવાનું હતું. ફ્લાઈટના તે સીટ નંબરના પેસેન્જર લિસ્ટ અને સીસીટીવી (CCTV) ફૂટેજના આધારે શંકાસ્પદ દાણચોરની કુંડળી ખંખાખવામાં આવી રહી છે. આ કૌભાંડમાં એરપોર્ટના જ કોઈ કર્મચારી કે ફ્લાઈટ સ્ટાફની મિલીભગત છે કે કેમ, તે અંગે પણ પૂછપરછ થઈ શકે છે.

# ગુજરાતમાં મેડિકલ કરતાં પણ B.Com, B.A. અને BBA ભણવું મોંઘું!

## શિક્ષણના નામે ઓપન લૂંટ: ખાનગી યુનિવર્સિટીઓ બની 'શિક્ષણ માફિયા'



- પ્રાઈવેટ યુનિ.ઓની દાદાગીરી: વાર્ષિક 6 લાખ સુધીની તોતિંગ ફી ઉઘરાવી વાલીઓની કમર તોડી, સરકારી તંત્ર કેમ મૌન?
- કોંગ્રેસ પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાનો સરકાર પર પ્રચંડ પ્રહાર: નિવૃત્ત જજની દેખરેખમાં ફી નિયમન કમિટી બનાવવાની ઉગ્ર માંગ

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાત રાજ્યમાં શિક્ષણના વ્યાપારીકરણ અને ખાનગીકરણની ઘેલછાએ હવે તમામ હદો વટાવી દીધી છે. રાજ્યમાં સામાન્ય ગણાતા આર્ટ્સ અને કોમર્સના કોર્સ ભણવા પણ હવે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવાર માટે સપનું બની ગયા છે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ આંકડાકીય પુરાવા સાથે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ગુજરાતની ખાનગી યુનિવર્સિટીઓ શિક્ષણ ક્ષેત્રે ભલે દેશમાં ટોપ ન આવે, પરંતુ વાલીઓને લૂંટવામાં 'વન મિલિયન ફી ક્લબ' (દસ લાખથી વધુ ફી) તરફ દોડી રહી છે. જ્યાં એક સમયે કોંગ્રેસ સરકારના શાસનમાં બનેલી ગ્રાન્ટ-ઈન-એઈડ (સરકારી) કોલેજોમાં આ જ કોર્સ આજે પણ વાર્ષિક આશરે ૨,૮૫૦ થી ૩,૦૦૦ જેટલી નજીવી ફીમાં ભણાવવામાં આવે છે, અને દીકરીઓ માટે તો ટ્યુશન ફી પણ તદ્દન માફ છે; તેની સામે ખાનગી યુનિવર્સિટીઓની લૂંટના આંકડા આંખો ફાડી નાખે તેવા છે: નિરમા યુનિવર્સિટી: જેણે શિક્ષણના નામે ટોકન ભાવે સરકારી જમીન મેળવી, ત્યાં B.Com ની વાર્ષિક ફી ૨,૨૫,૦૦૦ ઉઘરાવાય છે. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU): પંડિત દીનદયાળના 'અંત્યોદય' (ગરીબોના ઉત્થાન) સિદ્ધાંતના નામે બનેલી આ સંસ્થામાં B.Com અને B.A. ની વાર્ષિક ફી ૩,૧૦,૦૦૦ વસૂલાય છે! કર્ણાવતી યુનિવર્સિટી: B.A. માટે વાર્ષિક ૨,૩૭,૫૦૦ અને BBA માટે ૩,૦૦,૦૦૦ ની ફી. ઓરો યુનિવર્સિટી (સુરત): B.A. માટે વાર્ષિક ૧,૯૨,૦૦૦ અને B.Com/BBA માટે વાર્ષિક ૩,૨૭,૦૦૦ ની ઉઘાડી લૂંટ. મારવાડી યુનિવર્સિટી (રાજકોટ): B.A. ના ૫૮,૦૦૦ જ્યારે B.Com અને BBA ના વાર્ષિક ૧,૩૦,૦૦૦ લેવાય છે. નવરચના યુનિવર્સિટી (વડોદરા): B.A. ની વાર્ષિક ફી ૮૪,૭૦૦ અને BBA ની ફી ૧,૫૦,૫૦૦ વસૂલવામાં આવે છે. કોંગ્રેસ પ્રવક્તાએ સીધો સવાલ ઉઠાવ્યો છે કે, 'શું સરકારે આ ખાનગી યુનિવર્સિટીઓને પ્રજાને લૂંટવાનો પરવાનો આપી દીધો છે? મેડિકલ અને ટેકનિકલ શિક્ષણ કરતાં પણ આ કોર્સ મોંઘા કેમ?' ખાનગી યુનિવર્સિટીઓની પાછળ ગુજરાતના મોટા ઉદ્યોગપતિઓના હાથ હોવાથી સરકાર આંખો મીંચીને તમાશો જોઈ રહી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

# હાંસોટ પોલીસે વીજ વાયર ચોર ટોળકી ઝડપી : 4 ગુના ઉકેલાયા

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચની હાંસોટ પોલીસે ખેતીવાડીની વીજ લાઈનના વાયર ચોરી કરતી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે 12 આરોપીઓની ધરપકડ કરીને ચાર ગુનાનો ભેદ ઉકેલ્યો છે અને રૂ. 20.60 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાંસોટ અને પાનોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી વીજ વાયર ચોરીના કુલ ચાર ગુનાઓનો હાંસોટ પોલીસે ઉકેલ લાવી 12 આરોપીઓને ઝડપી પાડ્યા છે. હાંસોટ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ. વસાવાની ટીમે અલગ-અલગ ટુકડીઓ બનાવીને આ તપાસ હાથ ધરી હતી. પોલીસે કેફ ઇલ્યાસ શેખ, વિશાલભાઈ પ્રવીણભાઈ વસાવા, શનિકુમાર ઉર્ફે સાહીલકુમાર ખોડાભાઈ વસાવા, વિનોદભાઈ વિષ્ણુભાઈ પટેલ, રાહુલભાઈ વિનુભાઈ વસાવા, તરૂણભાઈ જગદીશભાઈ વસાવા, સુનિલભાઈ ચેતનભાઈ વસાવા, પિયુષભાઈ જયંતિ વસાવા, રાજકુમાર ખોડાભાઈ વસાવા, વસીમ બશીર શેખ, નૂર નબી સૈયદ અને સોનાદેવી પ્રદીપભાઈ ચૌરસીયાની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓ અગાઉથી હાંસોટ અને પાનોલી પોલીસ મથક વિસ્તારના અંતરિયાળ ગામોની રેકી કરતા હતા. ત્યારબાદ રાત્રિના સમયે ખેતીવાડીની ચાલુ વીજ લાઈનોને હેક્સો બ્લેડ અને પકડની મદદથી કાપી નાખતા હતા. ટોળકીના કેટલાક સભ્યો આસપાસ પોલીસ અથવા અન્ય લોકોની અવરજવર પર નજર રાખતા હતા. અન્ય સભ્યો કાપેલા વાયરને તાત્કાલિક નાના ટુકડાઓમાં વહેંચી કોથળા અને થેલામાં ભરી લેતા હતા. આ ચોરાયેલો માલ મોટરસાયકલ જેવા ટુ-વ્હીલર વાહનો મારફતે સ્થળાંતર કરવામાં આવતો હતો. કામગીરી પૂર્ણ થયા બાદ વાયરને ઝાડી-ઝાંખરા અથવા એકાંત સ્થળોએ સંતાડી રાખી અનુકૂળ સમયે અલગ-અલગ ભંગાર વેપારીઓને વેચી દેવામાં આવતો હતો.

# વીજ કંપની સામે ખેડૂતોના આમરણાંત ઉપવાસનો બીજો દિવસ, રાજ્યમંત્રીના ભાઈ અને સંત સહિત 5 લોકો મેદાને

મોરબી/જેતપર

વીજ કંપનીની મનસ્વી નીતિઓ અને ખેતરોમાં વીરપોલ ઊભા કરવાની દાદાગીરી સામે મોરબીના જેતપર ગામે શરૂ થયેલું ખેડૂતોનું આમરણાંત ઉપવાસ આંદોલન હવે વધુ ઉગ્ર બની રહ્યું છે. આજે આ લડતનો બીજો દિવસ છે, છતાં ખેડૂતો પોતાની માંગણીઓ પર અડગ રહીને મોરચો સંભાળી રહ્યા છે. આ આંદોલનની સૌથી મોટી વાત એ છે કે, આ લડતમાં ખુદ રાજ્યમંત્રીના ભાઈ અને એક પૂજ્ય સંત સહિત પાંચ અગ્રણીઓ આમરણાંત ઉપવાસ પર બેસી ગયા છે, જેને પગલે સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે.



પરંતુ, આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે પણ તંત્રની ઘોર અમાનવીયતા અને બેદરકારી સામે આવી છે. ઉપવાસના બીજા દિવસે પણ આંદોલનકારીઓની કોઈ તબીબી તપાસ (Medical Check-up) કરવામાં આવી નથી. ધોમધખતા તાપમાં અન્ન અને જળનો ત્યાગ કરીને બેઠેલા આંદોલનકારીઓના સ્વાસ્થ્યની ચિંતા કરવાને બદલે આરોગ્ય વિભાગ કુંભકર્ણની નિદ્રામાં સોતું રહ્યું છે, જેથી સ્થાનિક લોકો અને ખેડૂતોમાં તંત્ર સામે ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે.

સંત અને મંત્રીના ભાઈ પોતે ઉપવાસ પર ખેડૂતોના હક માટે ચાલી રહેલા આ આંદોલનમાં મોરબી પંથકના પૂજ્ય સંત અને રાજ્યમંત્રી કાંતિ અમૃતિયાના સગા ભાઈ રાકેશ અમૃતિયા સહિત 5 લોકોએ અન્નનો ત્યાગ કર્યો છે. મંત્રીના પરિવારજન જ જ્યારે સરકારની નીતિ સામે મેદાને પડ્યા હોય, ત્યારે ગાંધીનગર સુધી આના ઘેરા પડઘા પડ્યા છે. આગામી દિવસોમાં જો કોઈ ઉપવાસી ખેડૂતની તબિયત લથડશે તો તેનો જવાબદાર કોણ? તેવા વેધક સવાલો ગ્રામજનો ઉઠાવી રહ્યા છે. એક તરફ સરકાર ખેડૂતોના પડખે હોવાના દાવા કરે છે, તો બીજી તરફ હક માટે બેઠેલા ખેડૂતોની તબીબી તપાસ કરવાની પણ તંત્ર તસ્દી લેતું નથી. ખેડૂતોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જ્યાં સુધી વીરપોલ મુદ્દે નક્કર ઉકેલ નહીં આવે, ત્યાં સુધી આ લડત સહેજ પણ નબળી નહીં પડે. હવે જોવાનું એ રહેશે કે વહીવટી તંત્ર ક્યારે જાગે છે અને સરકાર આ આક્રોશને કઈ રીતે શાંત પાડે છે.

# ભરૂચ ઝૂંપડપટ્ટીમાં આગ, પાંચ ઝૂંપડાં બળીને ખાખ:ચોમાસા પહેલાં ગરીબ પરિવારો સામે આશ્રયનો પ્રશ્ન

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચના જે.બી. મોદી પાર્ક નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં આગ લાગી હતી. આ ઘટનામાં પાંચ જેટલા ઝૂંપડાં બળીને ખાખ થઈ ગયા હતા, જેના કારણે ગરીબ પરિવારો બેઘર બન્યા છે. સદનસીબે, આગમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ પરિવારોનો ઘરવખરીનો સામાન અને આશ્રય સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો છે.

આ ઘટના શનિવારે બની હતી. ઝૂંપડપટ્ટીમાં અચાનક આગ ફાટી નીકળતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પવનના કારણે આગ ઝડપથી ફેલાઈ હતી અને પાંચથી વધુ ઝૂંપડાંને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. ભરૂચ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમને જાણ થતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

આગમાં જાનહાનિ ટળી હોવા છતાં, અસરગ્રસ્ત પરિવારો સામે હવે આશ્રયનો મોટો પ્રશ્ન ઊભો થયો છે. ચોમાસાની શરૂઆત થવાની તૈયારીમાં છે ત્યારે, ઝૂંપડાં ગુમાવનારા આ પરિવારો માટે વરસાદી દિવસો પસાર કરવા મુશ્કેલ બનશે.

# જામનગરમાં આંગણવાડી બહેનોનો પ્રચંડ આક્રોશ: શોષણ સામે 112 કાર્યકરોએ આપ્યા સામૂહિક રાજીનામા

જામનગર

જામનગર જિલ્લામાં સરકારી વહીવટની પોકળ વાતો અને કર્મચારીઓના શોષણની એક અત્યંત ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી છે. નાના બાળકો અને સગર્ભા માતાઓના પોષણની જવાબદારી જેના ખભા પર છે, તેવા જામનગરના ૧૧૨ જેટલા આંગણવાડી કાર્યકરોએ સિસ્ટમની જોહુકમી સામે લાલ આંખ કરીને સામૂહિક રાજીનામા ધરી દીધા છે. મહિનાઓથી અટકેલા પગાર અને ખિસ્સામાંથી ચૂકવેલા નાસ્તાના બિલના નાણાં ન મળતા આંગણવાડી બહેનોનો પિત્તો ગયો છે અને તેમણે તંત્ર સામે આરપારની લડાઈનું રણશિંગું ફૂંક્યું છે.

આંગણવાડીમાં આવતા ભૂલકાઓને પૌષ્ટિક આહાર અને નાસ્તો મળી રહે તે માટે આ બહેનોએ પોતાના ઘરના નાણાં અને ઉધાર-ઉછીના કરીને બિલ ચૂકવ્યા હતા. તંત્ર દ્વારા વાયદાઓ પર વાયદા કરવામાં આવ્યા, પરંતુ મહિનાઓ વીતી જવા છતાં નાસ્તાના બિલનું એક પણ નાણું ચૂકવવામાં આવ્યું નથી.



આટલું ઓછું હોય તેમ, રાત-દિવસ લોહી પાણી એક કરતી આ આંગણવાડી બહેનોના માસિક પગાર (માનદ વેતન) આપવામાં પણ તંત્ર દ્વારા ઘોર વિલંબ કરવામાં આવી રહ્યો છે. ગરીબ અને મધ્યમ વર્ગના ઘરમાં જ્યારે મહિનાની આખરે ચૂલો સળગાવવાના ફાંફા પડે, ત્યારે સરકારી બાબુઓ એસી કેબિનમાં બેસીને કઈ ફાઈલો દબાવી રહ્યા છે?

એકસાથે ૧૧૨ આંગણવાડી કાર્યકરોના સામૂહિક રાજીનામા પડતા જ સમગ્ર જામનગર વહીવટી આલમમાં અને ગાંધીનગર સુધી ભૂકંપ આવી ગયો છે. આ આક્રોશ દર્શાવે છે કે પાણી હવે માથા પરથી પસાર થઈ ચૂક્યું છે. બહેનોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, ભીખ નહીં પણ અમે અમારા હક પરસેવાની કમાણી માંગી રહ્યા છીએ. જો શાસકો અને અધિકારીઓ બાળકોના કુપોષણ મુક્ત ગુજરાતની મોટી-મોટી ગુલબાંગો ફેંકતા હોય, તો આ જમીની હકીકત કેમ નથી દેખાતી? આ સામૂહિક રાજીનામાના કારણે હજારો ગરીબ બાળકોના પોષણ પર જે સવાલિયા ચિહ્ન ઊભું થયું છે, તેનો જવાબદાર કોણ?

પાક્કો ગુજરાત સીધો સવાલ પૂછે છે...

મહિલા સશક્તિકરણની મોટી-મોટી ગુલાબી વાતો કરતા શાસકોને અમારો સીધો સવાલ છે કે, તમારી કચેરીઓમાં સરકારી ઉત્સવો માટે કરોડો રૂપિયાનો ધુમાડો કરવાના બજેટ છે, પણ આંગણવાડી બહેનોના હકના પગાર અને નાના બાળકોના નાસ્તાના બિલ ચૂકવવાના પૈસા કેમ નથી? પાક્કો ગુજરાત આ આંગણવાડી બહેનોના પડખે ઊભું છે અને જ્યાં સુધી આ ૧૧૨ બહેનોને ન્યાય નહીં મળે, ત્યાં સુધી તંત્રની આ પોલ ખોલતું રહેશે.

### સત્તાનો વૈભવ કે જનતાની સેવા?

# ભાડાના મકાનથી શરૂ થયેલી સફર 'કમલમ'ના ભવ્ય મહેલો સુધી પહોંચી, પણ સામાન્ય માણસ હજુ ત્યાં જ!

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં એક સમયે ભાડાની નાની ઓરડીઓમાંથી જે પક્ષે પોતાની સફર શરૂ કરી હતી, આજે તેના આલીશાન અને હાઈટેક 'કમલમ' કાર્યાલયો દરેક જિલ્લામાં કરોડોના ખર્ચે ઊભા થઈ ગયા છે.

પક્ષ માટે આ ગર્વની વાત હોઈ શકે, પરંતુ લોકશાહીમાં જનતાના પક્ષે ઊભા રહીને એક મોટો અને આકરો સવાલ પૂછવો અનિવાર્ય બન્યો છે: શું આ કરોડો રૂપિયાનો ધુમાડો પ્રજાની સેવા માટે છે કે પછી માત્ર સત્તાના પ્રદર્શન અને વૈભવ માટે?

વૈભવી કાર્યાલયો વિરુદ્ધ જનતાની લાચારી: આ તે કેવી પ્રાથમિકતા?

એક તરફ જ્યારે રાજ્યનો જગતનો તાત એટલે કે ખેડૂત પોતાના પાકના પોષણક્ષમ ભાવ મેળવવા માટે રસ્તા પર ઉતરીને સંઘર્ષ કરી રહ્યો છે, સિંચાઈના પાણી અને વીજળી માટે આજીજી કરી રહ્યો છે, ત્યારે બીજી તરફ શાસક પક્ષના એર-કંડિશન્ડ અને કોર્પોરેટ શૈલીના કાર્યાલયો ચમકી રહ્યા છે.

ડિગ્રીઓ હાથમાં લઈને રોજગારની શોધમાં ભટકતા યુવાનો અને પેપર લીકની ઘટનાઓથી ત્રસ્ત ભવિષ્ય વચ્ચે, રાજકીય પક્ષોના આ ભવ્ય બાંધકામો કોને ન્યાય આપી રહ્યા છે? મોંઘવારીના અસહ્ય બોજ નીચે દબાતો સામાન્ય માણસ જ્યારે સરકારી હોસ્પિટલોમાં બેડ કે શાળાઓમાં પૂરતી સુવિધાઓ માટે વલખાં મારે છે, ત્યારે કરોડોના ખર્ચે બનતા આ પક્ષીય મહેલો લોકશાહીની કઈ દિશા દર્શાવે છે?

જનતાના પ્રશ્નો હજુ પણ ભાડાના મકાન જેવા જ જર્જરિત!

રાજકીય પક્ષો દાવો કરી શકે છે કે આ ભંડોળ પક્ષના કાર્યકરો અને દાનમાંથી આવે છે. પરંતુ સવાલ એ છે કે, જે નેતાઓ પ્રજાના મતોથી સત્તાના શિખરે પહોંચે છે, તેમની નૈતિક પ્રાથમિકતા શું હોવી જોઈએ?

શાળાઓના જર્જરિત ઓરડા કે પક્ષના હાઈટેક મીટિંગ રૂમ?

ગામડાના તૂટેલા રસ્તા કે કાર્યાલયોના આલીશાન પાર્કિંગ?

ગરીબો માટે સસ્તા આવાસ કે પક્ષના વૈભવી કમલમ?

રાજકારણ જ્યારે જનસેવાના માધ્યમમાંથી બદલાઈને માત્ર કોર્પોરેટ સામ્રાજ્ય જેવું દેખાવા લાગે, ત્યારે સામાન્ય નાગરિક પોતાની જાતને છેતરાયેલી અનુભવે તે સ્વાભાવિક છે.

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે...

નેતાઓ સત્તાના નશામાં અને ભવ્ય ઈમારતોના ચણતરમાં કદાચ એ ભૂલી ગયા છે કે લોકશાહીનો અસલી પાયો પથ્થરોની ઈમારતો નથી, પણ જનતાનો વિશ્વાસ છે. જો સામાન્ય માણસની જિંદગી હજુ પણ સંઘર્ષના 'ભાડાના મકાન'માં જ વીતી રહી હોય, તો શાસકોના 'કમલમ' ગમે તેટલા ભવ્ય હોય, તે પ્રજાના આંસુ લૂછવામાં નિષ્ફળ સાબિત થયા છે. હવે સમય આવી ગયો છે કે જનતા જાગૃત બને અને પૂછે કે, આ વૈભવ કોના ભોગે?

# જસદણમાં ખાનગી બસ પલટી: "અમે 3-4 વાર ના પાડી, પણ ડ્રાઈવર ન માન્યો..." મોતને મ્હાત આપીને બચેલા યુવકની આપવીતી

### વહેલી સવારના સમયે રસ્તાઓ ખાલી હોવાનો ફાયદો ઉઠાવી ડ્રાઈવર બસ પરનો કાબૂ ગુમાવી બેઠો હતો

જસદણ

સુરતથી દેરડી કુંભાજી રૂટ પર દોડતી એક ખાનગી લક્ઝરી બસને જસદણના રેલ્વે સ્ટેશન પાસે વહેલી સવારે નડેલા ભયાનક અકસ્માતે સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. વહેલી સવારે અંદાજે ૪ વાગ્યાની આસપાસ જ્યારે મુસાફરો ગાઢ નિંદ્રામાં હતા, ત્યારે અચાનક ચીસાચીસ અને કંપારી છૂટી જાય તેવા અવાજ સાથે બસ ધડાકાભેર પલટી મારી ગઈ હતી. આ અકસ્માત સમયે બસમાં કુલ ૨૨ મુસાફરો સવાર હતા, જેમાંથી ૧૧ જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અકસ્માતમાંથી આબાદ બચી ગયેલા એક યુવકે જે હકીકત જણાવી છે તે આંખો



ઉઘાડનારી છે.

અકસ્માતનો ભોગ બનેલી બસમાંથી હેમખેમ બહાર નીકળેલા એક યુવકે રૂંવાડા ઊભા કરી દેતો દાવો કર્યો છે. યુવકના જણાવ્યા અનુસાર, સુરતથી ઉપડેલી આ બસનો ડ્રાઈવર શરૂઆતથી જ બસ અત્યંત પૂરપાટ ઝડપે ચલાવી રહ્યો હતો. વહેલી સવારના સમયે રસ્તાઓ ખાલી હોવાનો ફાયદો ઉઠાવી ડ્રાઈવર બસ પરનો કાબૂ ગુમાવી બેઠો હતો.

'૩ થી ૪ વખત ટકોર કરી, છતાં ડ્રાઈવરે સ્પીડ ઓછી ન કરી'

બચી જનાર યુવકે ભારે આક્રોશ સાથે જણાવ્યું કે, ડ્રાઈવર જે રીતે બેફામ સ્પીડમાં બસ હંકારી રહ્યો હતો, તે જોઈને બસમાં સવાર જાગૃત મુસાફરોએ તેને એક-બે વાર નહીં, પણ ૩ થી ૪ વખત સ્પીડ ધીમી કરવા માટે ટકોર કરી હતી. મુસાફરોએ ડ્રાઈવરને વિનંતી પણ કરી હતી કે ભાઈ, ગાડી શાંતિથી ચલાવો, અમારે સહીસલામત પહોંચવું છે. પરંતુ મુસાફરોની આ ચેતવણીને ડ્રાઈવરે સદંતર નજરઅંદાજ કરી દીધી હતી. ડ્રાઈવરની આ જ જીદ અને ઓવરસ્પીડના કારણે આખરે જસદણ રેલ્વે સ્ટેશન નજીક બસે પલટી મારી દીધી.

ઘાયલોને હોસ્પિટલ ખસેડાયા, ખાનગી ટ્રાવેલ્સ સામે સવાલો

અકસ્માત થતાં જ આસપાસના લોકો અને તંત્ર દોડી આવ્યું હતું. ઈજાગ્રસ્ત થયેલા ૧૧ મુસાફરોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર ખાનગી ટ્રાવેલ્સના ડ્રાઈવરોની બેદરકારી અને મુસાફરોના જીવ સાથે થતા ચેડાં પર મોટા સવાલો ઊભા કર્યા છે. જ્યારે મુસાફરો પોતે ડ્રાઈવરને ટોકી રહ્યા હતા, ત્યારે ડ્રાઈવરની આવી લાપરવાહી ગુનાહિત બેદરકારી સમાન છે.

# ચોમાસાના આગમન પહેલા જ માંગરોળ તરસ્યું : 'પાણી નહીં મળે તો રાજીનામું આપીશું'

### પોતાની જ સરકાર સામે ભાજપના બે સભ્યોએ બંડ પોકાર્યો, રોષે ભરાયેલી મહિલાઓ વાસણો લઈને પાલિકા સભ્યોના ઘરે ત્રાટકી

માંગરોળ

હજુ તો ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમનની ઘડીઓ ગણાઈ રહી છે, ત્યાં જૂનાગઢ જિલ્લાના માંગરોળ શહેરમાં પાણીની ભયાનક અછતે હાહાકાર મચાવી દીધો છે. માંગરોળમાં પીવાના પાણીની વિકરાળ સમસ્યા એટલી હદે વણસી ગઈ છે કે, હવે સત્તાધારી પક્ષ ભાજપની અંદર જ ભડકો થયો છે.

વિસ્તારમાં પાણીની તંગીથી પરેશાન જનતાના આક્રોશને જોઈને ભાજપના જ બે નગરપાલિકા સભ્યોએ પોતાની જ બોર્ડ અને સરકાર સામે મોરચો માંડ્યો છે અને સાફ ચીમકી ઉચ્ચારી છે કે, 'જો વહેલી તકે પ્રજાને પાણી નહીં મળે, તો અમે અમારા પદ પરથી રાજીનામું ધરી દઈશું.'

માંગરોળના કેટલાક વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી પીવાનું પાણી ન મળતા સ્થાનીક



મહિલાઓની ધીરજનો અંત આવ્યો છે. ગુસ્સે ભરાયેલી મહિલાઓનું મોટું ટોળું હાથમાં ખાલી બેડા, ડોલ અને વાસણો લઈને સીધું જ નગરપાલિકાના સભ્યોના ઘરે પહોંચી ગયું હતું. મહિલાઓએ પાલિકા સભ્યોના ઘર બહાર જ વાસણો પછાડીને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા અને રોષ ઠાલવ્યો હતો કે, 'ચૂંટણી વખતે મોટા-મોટા વાયદા કરવા આવો છો, પણ આજે કાળઝાળ ગરમીમાં અમારે ટીપું પાણી મેળવવા માટે દર-દર ભટકવું પડી રહ્યું છે.'

### મહેસાણામાં સહકારી આલમ શરમજનક સ્થિતિમાં

# અમૂલ પાર્લરોની હોડ વચ્ચે દૂધ મંડળીઓમાં સડો : પશુપાલકોએ રોષમાં દૂધ રસ્તા પર ઢોળ્યું!

મહેસાણા

મહેસાણા જિલ્લામાં એક તરફ અમૂલ પાર્લરો ખોલવાની આંધળી દોટ ચાલી રહી છે, તો બીજી તરફ શ્વેત ક્રાંતિના નામે પશુપાલકોનું લોહી ચૂસતી દૂધ મંડળીઓના વિવાદોનો ભયાનક સડો હવે સપાટી પર આવ્યો છે. સતલાસણાના ભીમપુર અને વડનગરના સબલપુર મંડળીના વિવાદોની રાખ હજુ ઠરી નહોતી, ત્યાં સતલાસણા તાલુકાના ભાણવાસ ગામમાંથી એક કાળજું કંપાવનારી અને આક્રોશ જગાડતી ઘટના સામે આવી છે. સત્તાધીશોની જોહુકમી અને મનસ્વી વહીવટના વિરોધમાં ત્રસ્ત પશુપાલકોએ પોતાનું પરસેવાનું દૂધ રસ્તા પર ઢોળીને સિસ્ટમ સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. ભાણવાસ ગામના પશુપાલકોનો આક્ષેપ છે કે સ્થાનિક દૂધ ડેરી છેલ્લા ચાર-ચાર દિવસથી તેમનું રોજનું અંદાજે 300થી 400 લીટર દૂધ સ્વીકારવાની સાફ ના પાડી રહી છે. મૂંગા પશુઓનું પેટ કાપીને, રાત-દિવસ એક કરીને મેળવેલું દૂધ જ્યારે ડેરી લેવાની ના પાડે ત્યારે પશુપાલકની હાલત શું થાય? આ સરમુખત્યારશાહી વલણના કારણે ગરીબ પશુપાલકોએ ખાનગી વાહનોના ખર્ચા વેઠીને દૂધ અન્ય જગ્યાએ મોકલવાની નોબત આવી છે. સવાલ એ થાય છે કે, પશુપાલકોના દમ પર કરોડોનું ટર્નઓવર કરતી આ મંડળીઓ કોના બાપની જાગીર છે કે તે દૂધ સ્વીકારવાની ના પાડી શકે? ભાણવાસ ડેરીના સંચાલકો સામે પશુપાલકોએ જે આક્ષેપ કર્યા છે તે સહકારી ક્ષેત્રના કપાળે કલંક સમાન છે. છેલ્લા ઘણા વર્ષોથી ડેરીના સંચાલનમાં કોઈ ફેરફાર થયો નથી. નિયમિત ચૂંટણીઓ કે કાયદેસરની વહીવટી પ્રક્રિયાઓ કાગળ પર જ સગેવગે કરી દેવાતી હોવાના ગંભીર સવાલો ઉભા થયા છે. પશુપાલકો જ્યારે પોતાના હક માટે અને આ અન્યાય સામે રજૂઆત કરવા જાય છે, ત્યારે સંચાલકો તરફથી કોઈ યોગ્ય જવાબ આપવાને બદલે માત્ર ધમકીઓ અને ઉદ્ધત વર્તન જ મળે છે.


જિલ્લા રજિસ્ટ્રાર અને દૂધ સાગર ડેરીનું વહીવટી તંત્ર શું માત્ર એસી કેબિનોમાં બેસીને તમાશો જોવા માટે છે? સતલાસણા અને વડનગર તાલુકાઓમાં એકપછી એક મંડળીઓના પાપ છાપરે ચડીને પોકારી રહ્યા છે, છતાં પણ વહીવટી તંત્ર કેમ મૌન સાધીને બેઠું છે? પશુપાલકોએ રસ્તા પર દૂધ વહાવી દેવું પડે એ શાસકો અને સહકારી નેતાઓ માટે ડૂબી મરવા જેવી બાબત છે.

### કેજીબીવી થરાદ ખાતે મહિલા સુરક્ષા કાર્યક્રમ યોજાયો

# PSI D.K. ચૌહાણે બહેનોની સુરક્ષા અંગેની માહિતી આપી સજાગ કર્યા..

થરાદ

શ્રી મહાવીર ગૃપ થરાદ અને લાયન્સ કલબ ઓફ થરાદના સંયુક્ત ઉપક્રમે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય થરાદ ખાતે મહિલા સુરક્ષાનો કાર્યક્રમ થરાદ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.કે. ચૌહાણના અધ્યક્ષતામાં યોજાયો હતો, કાર્યક્રમનો શુભારંભ શાબ્દિક સ્વાગત અને પરિચયથી થયા બાદ લાયન્સ કલબના પ્રમુખ અને મહાવીર ગૃપના પ્રમુખે ઉદ્દબોધન આપ્યુ હતું ત્યારબાદ પીએસઆઈ ડી.કે. ચૌહાણે બહેનોની સુરક્ષા માટે પોલીસની ટીમો કેવી રીતે કામ કરે છે અને બહેનોએ પોતાની સુરક્ષા કેવી રીતે સુનિશ્ચિત કરી શકાય તે વિશે સમજ આપી વિદ્યાર્થીની બહેનોને માર્ગદર્શન પુરું પાડયુ હતું. ૧૮૧ અભયમ ટીમની કાર્ય પધ્ધતિની સમજ થકી બહેનોએ પોતાની સુરક્ષા માટે મોબાઈલનો ઉપયોગ કરી કેવી રીતે સદુપયોગ કરવો એની સમજ અપાઈ હતી, કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ બહેનોને પેનની ભેટ અપાઈ હતી, આ પ્રસંગે લાયન ડિસ્ટ્રીક ઓફિસર ડૉ. રિતેશભાઈ પ્રજાપતિ, પ્રમુખ કીર્તીભાઈ આચાર્ય, મહાવીર ગૃપ થરાદના પ્રમુખ રાજેશભાઈ જોષી, યુવા પ્રમુખ અરવિંદભાઈ પુરોહિત, કિરણભાઈ રબારી, જગદીશભાઈ જોષી, અનોપસિંહ ચૌહાણ સહિત સમગ્ર ટીમ, પીએસઆઈ ડી.કે. ચૌહાણ, ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર બિનલબેન, હેડ કોન્સ્ટેબલ ખેમીબેન, સી ટીમની બહેનો, કેજીબીવી વોર્ડન સોનલબેન, આનંદ ક્લિનિકના ડૉ. નવિનભાઈ ચૌધરી, ચંદ્રિકાબેન ચૌધરી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## તંત્રી લેખ...

# રવિવાર સ્પેશિયલ વિચારભૂમિ: સમયના પ્રવાહ સાથે વહેવું એ જિંદગી છે, એક જ જગ્યાએ થીજી જવું એ પરાજય છે!

'વક્ત કે સાથ હર કોઈ બદલ જાતા હૈ, પર ગલતી ઊસકી નહી જો બદલ ગયા હૈ, ગલતી ઊસકી હૈ જો પહલે જૈસા રહ ગયા હૈ...!' જ્યારે આપણે આ પંક્તિઓ વાંચીએ છીએ, ત્યારે પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે કે આ કોઈ તૂટેલા દિલની દાસ્તાન છે કે પછી બદલાતા સંબંધો પર કરાયેલો કટાક્ષ છે. પરંતુ જરા અટકો, આંખો બંધ કરો અને ઊંડો શ્વાસ લઈને વિચારો... શું આ માત્ર શાયરી છે? ના, આ જિંદગીની સૌથી મોટી ફિલોસોફી (જીવનદર્શન) છે. આ પંક્તિઓ આપણને એ કડવા સનાતન સત્યનો અહેસાસ કરાવે છે કે પરિવર્તન એ માત્ર કુદરતનો નિયમ નથી, પણ માણસના અસ્તિત્વની અનિવાર્યતા છે.



૧. બદલાવની વ્યાખ્યા: દગો કે પરિપક્વતા?

આપણે ત્યાં ઘણીવાર 'બદલાઈ જવું' શબ્દને નકારાત્મક રીતે જોવામાં આવે છે. કોઈ વ્યક્તિ પોતાના કરિયર પર ધ્યાન આપવા માંડે, નકામી વાતોમાં સમય બગાડવાનું બંધ કરી દે કે પછી પોતાના સ્વાસ્થ્ય અને ખુશીઓને પ્રાથમિકતા આપવાનું શરૂ કરે, એટલે તરત આસપાસના લોકો કહેવા માંડે છે: 'જોયું ને? આ તો સમય આવ્યે બદલાઈ ગયો!' પરંતુ વાસ્તવમાં આ બદલાવ નથી, આ 'મેચ્યોરિટી' એટલે કે પરિપક્વતા છે. સમય માણસને ઘડે છે. ગઈકાલે જે બાબતો પર આપણે રડતા હતા, આજે એ બાબતો પર આપણને હસવું આવે છે–આ જ તો બદલાવ છે. જે વ્યક્તિ પાંચ વર્ષ પહેલાં જેવી નાદાન કે ભોળી હતી, જો આજે પણ એવી જ રહે તો તેનો અર્થ એ કે તેણે જિંદગીના અનુભવોમાંથી કશું જ શીખ્યું નથી. તેથી, સમય સાથે સમજદાર બની જવું એ ભૂલ નથી, એ તો પ્રગતિની નિશાની છે.

૨. જે સમય સાથે ન બદલાયો, તેને સમય કચડી નાખે છે

ઈતિહાસ સાક્ષી છે કે જેણે પણ સમયની બદલાતી ચાલને ઓળખવામાં ભૂલ કરી છે, તેનો અસ્ત નિશ્ચિત બન્યો છે.

ટેક્નોલોજીનું ઉદાહરણ:* એક જમાનો હતો જ્યારે 'નોકિયા' (Nokia) મોબાઈલ દુનિયા પર રાજ કરતો હતો. પરંતુ જ્યારે એન્ડ્રોઇડ સ્માર્ટફોનનો સમય આવ્યો ત્યારે નોકિયાએ પોતાનામાં બદલાવ લાવવાની ના પાડી દીધી. પરિણામ શું આવ્યું? આજે નોકિયા ક્યાંય રેસમાં નથી.*માનવીય જીવન:* જે વડીલ કે વ્યક્તિ આજે પણ 'અમારા જમાનામાં તો આમ થતું હતું' એ જ જીદ પકડીને બેસી રહે છે, તે નવી પેઢી સાથે ક્યારેય તાલમેલ મિલાવી શકતી નથી. સમયની માંગ છે કે આપણે નવી ટેક્નોલોજી, નવા વિચારો અને નવી વિચારસરણીને સ્વીકારતા શીખીએ.

૩. પહેલા જેવા રહી જવાની ભૂલ કેમ મોંઘી પડે છે?

જે લોકો સમય બદલાયા પછી પણ પોતાની જૂની આદતો, જૂના અહંકાર અને જૂની માનસિકતાને વળગી રહે છે, તેઓ અવારનવાર ડિપ્રેશન અને એકલતાનો ભોગ બને છે. તેઓ હંમેશાં એવી ફરિયાદ કરે છે કે, 'દુનિયા બહુ સ્વાર્થી થઈ ગઈ છે, લોકો બદલાઈ ગયા છે.'

પણ ખરેખર, દુનિયા તેના નિયમ પ્રમાણે ચાલી રહી છે. જો પક્ષીઓ વહેલી સવારે માળો છોડીને ચણવા ન જાય અને એમ વિચારે કે 'હું તો માળામાં જ બેસી રહીશ', તો તે ભૂખ્યું મરશે. એ જ રીતે, જો તમે વહેતા પાણીની જેમ આગળ વધવાને બદલે એક ખાબોચિયાની જેમ સ્થિર રહી જશો, તો તમારા વિચારોમાં પણ દુર્ગંધ આવવા માંડશે. ભૂતકાળના વળગણોમાંથી મુક્ત થઈને વર્તમાનમાં જીવવું જ હિતવાહક છે.

૪. બદલાવની હદ ક્યાં સુધી હોવી જોઈએ?

સમય સાથે બદલાવનો અર્થ એવો બિલકુલ નથી કે આપણે આપણા મૂળ સંસ્કારો, આપણી નૈતિકતા અને માનવતાને વેચી મારીએ. | સાચો બદલાવ (જે જરૂરી છે) | ખોટો બદલાવ (જેનાથી બચવું જોઈએ) | | નવું જ્ઞાન અને સ્કીલ્સ શીખવી. | સફળતા માટે કોઈને દગો આપવો. | | નકામા અને નકારાત્મક સંબંધોમાંથી બહાર નીકળવું. | પોતાના સગા મા-બાપ કે પરિવારને ભૂલી જવું. || પોતાના ભવિષ્ય માટે મહેનત કરવી અને શાંત બનવું. | પૈસાના ઘમંડમાં આવીને બીજાને નીચા બતાવવા. |

આખરી વિચાર...

જિંદગી એક પુસ્તક જેવી છે. જો તમે રોજ એક જ પાનું વાંચ્યા કરશો, તો ક્યારેય આખી વાર્તા સમજી નહીં શકો. આગળ વધવા માટે પાનું પલટવું જ પડે છે. જો કોઈ વ્યક્તિ તમારા જીવનમાંથી દૂર થઈ ગઈ છે, અથવા કોઈના વલણમાં પરિવર્તન આવ્યું છે, તો તેને દોષ આપવાનું છોડી દો. બની શકે કે જિંદગીની થાપટોએ તેને પોતાના રક્ષણ માટે કડક બનતા શીખવાડી દીધું હોય.

ભૂલ તેની નથી જે સમયના વહેણ સાથે તરી ગયો અને કિનારે પહોંચી ગયો. ભૂલ તેની છે જે પૂર વચ્ચે પણ વહેણની વિરુદ્ધ દિશામાં જૂની લાકડી પકડીને ઊભો રહ્યો અને આખરે ડૂબી ગયો. માટે, સમય સાથે અપગ્રેડ થાઓ, બદલાવને હસતા મુખે સ્વીકારો અને જિંદગીની સફરનો આનંદ માણો!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પાર્ટનર સ્વેપિંગને રોકી શકાશે નહીં !!

તાજેતરમાં સુરતના કેટલાંક કિસ્સાઓને નજરમાં રાખીને પાર્ટનર સ્વેપિંગનો મુદ્દો આજકાલ ખૂબ ચર્ચામાં છે.પાર્ટનર સ્વેપિંગ એટલે પત્નીઓની અદલા બદલી કરીને સેક્સ કરવું.

આ એક પ્રકારનો ખુલ્લેઆમ વ્યભિચાર છે તેમ કહી શકો. પણ તેને હવે રોકવું સંભવ નથી તેના કેટલાંક ઠોસ કારણો છે.

### મૂલ્યો નહીં મોજ

આપણે ત્યાં સહજીવનને મૂલ્યો અને સમર્પણ સાથે જોડાયેલું માનવામાં આવે છે. આ પ્રકારનું દાંપત્ય કે સ્ત્રીત્વ તેના ચરિત્ર સાથે જોડાયેલું છે. ચરિત્રને આપણે સમગ્ર જીવન સાથે જોડીએ છીએ. પરંતુ તેનું પહેલું પગથિયું એ સંયમપૂર્ણ અને સમર્પિત એવો ભોગ છે.પણ હવે પાશ્ચાત અસરોએ સૌના જીવન પર એટલી અસર કરી છે કે ત્યાં દેખાતા દુષણોને આપણે સુધારો સમજીને સ્વીકારી રહ્યા છીએ. એટલે સૌથી પહેલા અપર વર્ગના લોકોમાં દૂષણ દાખલ થાય છે અને પછી ધીમે ધીમે અન્ય કક્ષા સુધી તે પહોંચતું હોય છે.એક એ વાત પણ નોંધવી છે કે આવી પ્રવૃત્તિમા જોડાનારા જાતિય જીવનમાં બદલાવ ઈચ્છતા હોય છે તથા તે વધું પડતા ભોગવાદી હોય છે.જાતિય જીવનમાં રોચકતાને આવકારવા તેઓ આ વિષચક્રમાં હોમાય છે.દ્રૌપદીના ચિરહરણનો પ્રસંગ નારીના ચરિત્ર પર હાથ અડાડવાની ગુસ્તાખી એ કેવું મોટું મહાભારત સર્જી શકે છે,તે બતાવે છે!!! પરંતુ ત્યાં શુદ્ધતા અને ખુમારીને માટે બેજીજક એક દબદબો છે.આજે હવે કોઈને મૂલ્યો દેખાતા નથી.ધર્મથી આવતી સાંસ્કૃતિક સભ્યતા અને સંસ્કારો ધરબાઈ ગયાં છે.તેની જગ્યાએ આજની 'પળ મંગળ'એ વિચાર પ્રાધાન્ય બનતો ચાલ્યો છે. તેથી દરેક પોત પોતાના વિચારો-મંતવ્યોના રાજા બન્યા છે.

### દોડતું જીવન અને જીવનશૈલી

ઈન્ટરનેટમા ફાઈવ જી નું અવતરણ અને તેનાથી પણ વધારે ગતિમાન સૌ કોઈનું જીવન.સ્ત્રીઓને મળનારી વિશેષ સ્વતંત્રતા અને તેમાંથી ઊભી થતી



સ્વતંછંદતા પણ આ વિષય માટે કારણભૂત છે.મર્યાદાની સીમારેખાઓ ઓળંગાઈ ગઈ છે.ક્ષમતાથી પણ વધુ ભૌતિક સાધનો અને ભવ્યતાની અપેક્ષાઓ દરેક માણસને દોડવા મજબૂર કરે છે.તેનાથી માનસિક તનાવ એક હદ સુધી વધતો ચાલ્યો છે કે જ્યાં કોઈ અલ્પવિરામ ચિહ્ન નથી પરંતુ પૂર્ણ વિરામ છે.તેથી કદાચ સૌ કોઈએ બધું જ સ્વીકારી લેવાની તૈયારીઓ હંમેશા બતાવી છે. સંતોષ એ સુખ નો મંત્ર હવે ગાયબ છે તેની જગ્યાએ 'ખાવો,પીવો, આદર્શો ફેંકો ખાડમા અને મોજ કરો'નો મંત્ર છવાઈ ગયો છે.

### ભાવના નહીં ભોગ

સમાજ જીવનનો એક મહત્વનો આધાર સ્તંભ સંયુક્ત જીવન હતું પરંતુ હવે તેને ડુચ્ચો વાળીને ફેંકી દઈ, આપણે વિભક્ત જીવન તરફ વિચર્યા છીએ. બધાં સ્વતંત્ર રીતે કોઈપણ મર્યાદા વગર જીવી રહ્યા છે. ઘરમાં વડીલો અને મોટેરાઓની હાજરી મર્યાદા શીખવતી હતી પરંતુ હવે તે નથી. તેથી એકબીજા વચ્ચેની ભાવનાઓ પણ લુપ્ત થઈ છે. પિતા અને પુત્ર વચ્ચેના સંબંધો પણ ક્યાંક પશુતા દેખાઈ રહી છે કે જ્યાં આદર્શ નથી પણ ભોગનું પ્રભુત્વ વધ્યું છે. આપણી વૈદિક સનાતન પરંપરા મુજબ લગ્ન એક સંસ્કારની રીતે અગ્નિની સાક્ષીએ સાત ફેરા લેવામાં આવે છે. પતિ- પત્ની બંને આ પ્રતિબદ્ધતાના સોગંદ લે છે પરંતુ હવે તેને પણ ડસ્ટબિનમાં નાંખનારા દેખાઈ રહ્યા છે.આવતા દિવસોમાં તેની માત્રા અગણિત રીતે વધવાની છે.એકબીજા વચ્ચેની સામ્યતા અને સાયુજ્યનું સંકલન તૂટી રહ્યું છે. પુત્રો- પુત્રીઓને જો સંસ્કાર યુક્ત જીવન આપવું હોય તો તમારે તેને ધર્મના પાયાઓ સાથે અને ધાર્મિક ગ્રંથો સાથે જોડવા પડશે. ભગવત ગીતાના પહેલા અધ્યાયમાં કહેવાયું છે કે

**"અધર્માભિભવાત્કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ।સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ"**

અર્થાત અર્જુન કહે છે'હે કૃષ્ણ! અધર્મનું પ્રભુત્વ વધવાથી કુલની સ્ત્રીઓ દૂષિત થાય છે અને હે વાર્ષ્ણેય! સ્ત્રીઓ દૂષિત થતાં વર્ણસંકર સંતાનો ઉત્પન્ન થાય છે.આ રીતે જ આ વ્યભિચાર તે જ દિશાનું પગલું ગણી શકાય.

### સંમતિથી થયેલું સેક્સ ગુનો નથી

આજે હવે માત્ર પાર્ટનર સ્વેપિંગ નહીં, પરંતુ હની ટ્રેપના અનેક ગુનાઓ રોજ છાપામા દેખાઈ રહ્યાં છે.શીલ માટે સમરાંગણ કરનારી પ્રજા હવે તેને સરેઆમ સોશિયલ મીડિયા ઉપર નિલામ કરી રહી છે. પોતાની પત્નીને પૈસા માટે અન્ય સાથે જવા અને તેની સાથે ફોટો પાડવા ઝાળ ગોઠવે તે બતાવે છે કે અહીં હવે પૈસાની પ્રધાનતા છે આબરૂની અમારા માટે કોડીની પણ કિંમત નથી!! કોઈપણ વ્યક્તિ સાથે એકમેકની સંમતિથી થયેલું સેક્સ ગુનાહિત વ્યાખ્યામાં આવી શકે નહીં !પરંતુ કદાચ રખે ને તેને પકડી પાડવામાં આવે તો સંભવ છે કે તેને વ્યભિચાર નામનો ગુનો ગણી શકાય.તે માટે આવું જાહેર થવું ખૂબ અઘરું છે.

પશ્ચિમી સંસ્કૃતિ એટલે હદ સુધી સ્વતંત્રતા સાથે જોડાઈ ગઈ છે કે તેમાં હવે સંતાનો પણ આડશ બનીને ઉભા હોય તેવું વિચારનારા પણ હવે મળશે! આપણે એક હદથી વધારે સુધરવું નથી તે નક્કી કરવું પડશે! બગડવાની સીમારેખા નથી પરંતુ વર્તનનો અને વ્યવહારનો એક લીટો જરૂરી છે.

**- તખુભાઈ સાંડસુર**

# વખાણથી હરખાવાનું નહીં ને નિંદાથી ડરવાનું નહીં: જો તમે સત્યના માર્ગે છો, તો સિંહની જેમ અડીખમ રહો!

આજની ભાગદોડ ભરેલી જિંદગીમાં માણસનું સુખ અને દુઃખ બીજાના અભિપ્રાયો પર નિર્ભર થઈ ગયું છે. કોઈ ચાર સગાં-વહાલાં કે સોશિયલ મીડિયા પર બે-ચાર લોકો વખાણ કરી દે તો માણસ હરખાઈને હવામાં ઊડવા લાગે છે, અને એ જ લોકો જ્યારે કોઈ કારણસર અપમાન કરે કે ટીકા કરે, ત્યારે માણસ ગભરાઈને, હિંમત હારીને બેસી જાય છે.

પરંતુ કડવું સત્ય એ છે કે, જેમના વલણ પ્રજાના અભિપ્રાયો સાથે બદલાતા રહે છે, તેઓ ક્યારેય ઈતિહાસ નથી રચી શકતા. જો તમે અંદરથી સાચા છો અને સત્યના માર્ગે ઊભા છો, તો તમારે કોઈના પ્રમાણપત્રની જરૂર નથી.

આજના સામાજિક માનસિક બદલાવ અને આત્મવિશ્વાસ પર પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરનો ખાસ પ્રેરણાદાયી લેખ:

### વખાણ અને અપમાન: બંને ક્ષણભંગુર છે

લોકોનો સ્વભાવ હવાના ઝોકા જેવો હોય છે, જે ઘડીકમાં બદલાઈ જાય છે. જે લોકો આજે તમારી વાહ-વાહ કરી રહ્યા છે, તેઓ જ કાલે તમારી સામાન્ય ભૂલ પર તમારી નિંદા કરતા અચકાશે નહીં. વખાણ ઘણીવાર માણસમાં અહંકાર જગાડે છે, જ્યારે અપમાન માણસને અંદરથી તોડી નાખે છે. આ બંને પરિસ્થિતિઓથી પર થઈને સ્થિર રહેવું એ જ સાચી પરિપક્વતા છે.

જ્યારે તમે કોઈ સારું કે સાચું કામ કરો છો, ત્યારે શરૂઆતમાં વિરોધ થવો નિશ્ચિત છે. ઈતિહાસ સાક્ષી છે કે દુનિયામાં જેટલા પણ મહાન પરિવર્તનો આવ્યા છે, તે લાવનારાઓને શરૂઆતમાં અપમાન અને તિરસ્કાર જ મળ્યા હતા. પણ તેઓ ગભરાયા વિના પોતાના માર્ગે ચાલતા રહ્યા અને આખરે દુનિયાએ તેમને સલામ કરવી પડી.

### સત્યનો માર્ગ અઘરો છે, પણ અજેય છે

સત્યના રસ્તે ચાલવામાં કદાચ શરૂઆતમાં તમે એકલા પડી જશો, કદાચ લોકો તમારી મજાક ઉડાવશે કે તમને નીચા બતાવવાનો પ્રયાસ કરશે. પરંતુ યાદ રાખો:

ખોટા વખાણથી બચો: ખોટા વખાણથી હરખાવું એ ઝેરી મીઠાઈ ખાવા સમાન છે, જે ક્ષણિક આનંદ આપે છે પણ અંતે નુકસાન કરે છે.

અપમાન એ કસોટી છે: સાચા માર્ગે હોવ ત્યારે મળેલું અપમાન એ તમારી પરીક્ષા છે, પરાજય નહીં. તે તમને વધુ મજબૂત બનાવે છે.

નિયંત્રણ પોતાના હાથમાં રાખો: તમારી આંતરિક શાંતિ અને ખુશીઓનો રિમોટ કંટ્રોલ ક્યારેય બીજાના હાથમાં ન આપો. લોકો ગમે તે બોલે, તમારો આત્મવિશ્વાસ ડગવો જોઈએ નહીં.

જ્યારે તમારો અંતરાત્મા સાક્ષી પૂરતો હોય કે તમે જે કરી રહ્યા છો તે સાચું છે, અને કોઈના અધિકાર કે ન્યાય માટે છે, ત્યારે દુનિયાની કોઈ તાકાત તમને ડગાવી શકવી જોઈએ નહીં. અપમાન કરનારાઓ તો થોડા સમય પછી શાંત થઈ જશે, પણ તમારું સત્ય કાયમ અડીખમ રહેશે.

### પાક્કો ગુજરાતની અંતિમ વાત...

જીવનમાં જો સાચી પ્રગતિ કરવી હોય તો લોકલાજ અને વણજોઈતી ટીકાઓનો ડર છોડવો જ પડશે. સૂરજને પણ રોજ વાદળો ઘેરી લે છે, પણ સૂરજ ક્યારેય ચમકવાનું છોડતો નથી. આવી જ રીતે, જો તમે સત્યના માર્ગે છો, તો ગભરાયા વિના, નીડરતાથી આગળ વધો. લોકોનું કામ કહેવાનું છે, તમારું કામ જીતવાનું છે.

ખોટું લાગે તો માફ કરજો, પણ દુનિયામાં આદર એનો જ થાય છે જે વાવાઝોડા સામે પણ પોતાના સત્ય પર અડગ ઊભો રહે છે!

# અયોધ્યા રામમંદિરમાં 'કથિત ગોટાળા'ના આરોપોથી ખળભળાટ

## સવાલોના ઘેરામાં આવેલા રામમંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય કોણ છે? જાણો પૂરો અહેવાલ

પાક્કો ગુજરાત ન્યૂઝ, અયોધ્યા.

ભગવાન શ્રીરામની નગરી અયોધ્યામાં બનેલું ભવ્ય રામમંદિર અત્યારે માત્ર આસ્થાનું કેન્દ્ર જ નહીં, પરંતુ રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપોનું પણ મુખ્ય કેન્દ્ર બની ગયું છે. રામમંદિરના નિર્માણ અને જમીનની ખરીદીને લઈને 'કથિત ગોટાળા'ના એક પછી એક ગંભીર આરોપો સામે આવી રહ્યા છે. વિપક્ષી પક્ષો અને સોશિયલ મીડિયા પર મંદિરના સંચાલનમાં પારદર્શિતાને લઈને સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. આ તમામ વિવાદોની વચ્ચે જે નામ સૌથી વધુ ચર્ચામાં છે અને સવાલોના ઘેરામાં છે, તે છે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ'ના મહાસચિવ ચંપત રાય. લોકોના મનમાં સવાલ થઈ રહ્યો છે કે આખરે કોણ છે આ ચંપત રાય અને રામમંદિર આંદોલનથી લઈને ટ્રસ્ટના વહીવટ સુધી તેમનું શું યોગદાન છે? આવો જાણીએ વિગતવાર.

### કોણ છે ચંપત રાય? આંદોલનથી ટ્રસ્ટ સુધીની સફર

ચંપત રાય એ રામમંદિર આંદોલનનો એવો ચહેરો છે જેઓ દાયકાઓથી પડદા પાછળ અને આગળ સક્રિય રહ્યા છે. તેમનો જન્મ ઉત્તર



પ્રદેશના બિજનૌર જિલ્લાના નગીના નગરમાં થયો હતો. તેઓ વ્યાવસાયિક રીતે રસાયણશાસ્ત્ર (કેમિસ્ટ્રી) ના પ્રોફેસર રહી ચૂક્યા છે, પરંતુ યુવાનીના દિવસોથી જ તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે જોડાઈ ગયા હતા.

RSS થી VHP સુધીની સફર: કટોકટી (ઈમરજન્સી) દરમિયાન જેલવાસ ભોગવ્યા બાદ તેઓ સંઘના પૂર્ણકાલીન પ્રચારક બન્યા હતા. ત્યારબાદ તેમને વિશ્વ હિન્દુ પરિષદ (VHP) માં મોકલવામાં આવ્યા, જ્યાં તેમણે વર્ષો સુધી સંગઠન માળખાને મજબૂત કરવાનું કામ કર્યું.

રામમંદિર આંદોલનની કમાન્ડ: 1990 ના દાયકામાં જ્યારે રામમંદિર આંદોલન ચરમસીમા પર હતું, ત્યારે ચંપત રાય અયોધ્યામાં રહીને સમગ્ર ગતિવિધિઓનું સંચાલન કરતા હતા. અયોધ્યા વિવાદના કોર્ટ કેસ દરમિયાન દસ્તાવેજો અને પુરાવાઓ એકત્રિત કરવામાં પણ તેમની ભૂમિકા મહત્વની માનવામાં આવે છે.

ટ્રસ્ટમાં સર્વોચ્ચ પદ: સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા બાદ જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા રામમંદિરના નિર્માણ માટે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ'ની રચના કરવામાં આવી, ત્યારે ચંપત રાયને તેના 'મહાસચિવ' (General Secretary) જેવું સૌથી મહત્વપૂર્ણ પદ સોંપવામાં આવ્યું. મંદિરના નિર્માણથી લઈને ફંડના સંચાલનની મુખ્ય જવાબદારી તેમની પાસે છે.

### શા માટે ઉઠી રહ્યા છે સવાલો? 'કથિત ગોટાળા'ના આક્ષેપો

છેલ્લા કેટલાક સમયથી અયોધ્યામાં જમીન ખરીદીના સોદા અને મંદિરના ફંડ મેનેજમેન્ટને લઈને વિપક્ષી નેતાઓ અને કેટલાક સંગઠનો દ્વારા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. આરોપ છે કે કરોડો રૂપિયાની જમીન ખૂબ જ ટૂંકા સમયમાં અનેક ગણી ઊંચી કિંમતે ટ્રસ્ટ દ્વારા ખરીદવામાં આવી, જેમાં વચેટિયાઓએ મોટો ફાયદો ઉઠાવ્યો. આ જમીન સોદાના દસ્તાવેજો પર ટ્રસ્ટના વડા તરીકે ચંપત રાયની સહીઓ હોવાના કારણે વિપક્ષ સીધા તેમના પર નિશાન સાધી રહ્યો છે અને સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસની માંગ કરી રહ્યો છે.

### વિવાદો પર ચંપત રાય અને ટ્રસ્ટનો પક્ષ

જોકે, પોતાના પર લાગેલા આરોપો અંગે ચંપત રાય અને રામમંદિર ટ્રસ્ટે હંમેશાં તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમનું કહેવું છે કે તમામ જમીનની ખરીદી ખુલ્લા બજારની કિંમત (માર્કેટ રેટ) અને કાયદાકીય પ્રક્રિયાને અનુસરીને જ કરવામાં આવી છે. આ આક્ષેપોને તેઓ મંદિર વિરોધી માનસિકતા ધરાવતા લોકોનું રાજકીય ષડયંત્ર ગણાવે છે.

રામમંદિર જેવા કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર સાથે જોડાયેલા ટ્રસ્ટ પર જ્યારે આવા આરોપો લાગે છે, ત્યારે સામાન્ય જનતામાં પણ ચિંતાની લાગણી જન્મે છે. હવે જોવાનું એ રહેશે કે આ આરોપો માત્ર રાજકીય કાદવ ઉછાળવાનો ભાગ છે કે પછી ભવિષ્યમાં આ અંગે કોઈ મોટી તપાસ સામે આવે છે.

# ખોટું લાગે તો માફ કરજો, પણ કડવું સત્ય આ જ છે: નવી પેઢીને કોસવા કરતાં પોતાના પૂર્વગ્રહોનો ચશ્મો બદલવો વધુ જરૂરી છે!




'અમારા જમાનામાં તો આમ થતું હતું...' આ એક એવું વાક્ય છે જે દરરોજ હજારો ઘરોમાં નવી અને જૂની પેઢી વચ્ચે અદ્રશ્ય દીવાલ ચણી દે છે. સમય વહેતો રહે છે, કેલેન્ડરના પાનાં બદલાય છે, વિચારો બદલાય છે અને તેની સાથે આખી પેઢીઓ પણ બદલાઈ જાય છે. પરંતુ અફસોસ એ વાતનો છે કે બદલાતા સમય સાથે આપણી વિચારવાની રીત જડ બની જતી હોય છે. નવી પેઢીને સમજવા માટે, તેમના વિચારોને સ્વીકારવા માટે સૌથી પહેલાં આપણે આપણા મનમાં ઘર કરી ગયેલા પૂર્વગ્રહોના ચોકઠા છોડવા પડશે. આજના આધુનિક સામાજિક બદલાવ પર પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરનો ખાસ અને ચિંતનાત્મક લેખ: પરિવર્તન એ સંસારનો નિયમ છે, તો પછી નવી પેઢીથી આટલો નફરત કેમ? આજે સોશિયલ મીડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ યુગના કારણે દુનિયાની ઝડપ બમણી થઈ ગઈ છે. આજનો યુવાન ૯ થી ૫ ની પરંપરાગત નોકરી કરવાને બદલે સ્ટાર્ટઅપ, ફ્રીલાન્સિંગ કે ડિજિટલ ક્રિએટર બનવાના સપના જુએ છે. તે સંબંધોમાં વધુ સ્પષ્ટ છે અને પોતાના કરિયરને લઈને વધુ સભાન છે. પરંતુ, ઘણીવાર વડીલો કે જૂની પેઢી આ બદલાવને બગાડ તરીકે જુએ છે. સત્ય એ છે કે, જે નવી પેઢીને આપણે ઘણીવાર 'ચીડિયા' કે 'મોબાઈલમાં ડૂબેલી' કહીને વગોવીએ છીએ, એ જ પેઢી આજે દેશ અને દુનિયામાં મોટા મોટા પરિવર્તનો લાવી રહી છે. પરિવર્તનને સ્વીકારવું એ માત્ર સમયની માંગ નથી, પણ વિકાસની સાચી ઓળખ છે. જો આપણે વહેતી નદીને રોકવાનો પ્રયાસ કરીશું તો પૂર આવશે, પણ જો તેની સાથે વહીશું તો પ્રગતિના નવા સમુદ્ર સુધી પહોંચી શકાશે. પૂર્વગ્રહોની બેડીઓ તોડવી પડશે જ્યાં સુધી આપણે એવું વિચારતા રહીશું કે 'જે અમે કર્યું એ જ સાચું હતું', ત્યાં સુધી આપણે નવી પેઢી સાથે ક્યારેય કનેક્ટ નહીં થઈ શકીએ. સંસ્કાર અને મૂલ્યો ક્યારેય જૂના નથી થતા, પણ તેને રજૂ કરવાની અને જીવવાની પદ્ધતિ ચોક્કસ બદલાય છે. નવી પેઢી પાસે જો આધુનિક ટેક્નોલોજીનું જ્ઞાન છે, તો જૂની પેઢી પાસે અનુભવનું ભાથું છે. જો આ બંનેનો સમન્વય થાય, તો સંઘર્ષને બદલે સુંદર સમાજનું નિર્માણ થઈ શકે. વિચારોની જડતા છોડો, સંવાદના દરવાજા ખોલો. પ્રશ્નો પૂછતી પેઢીને બળવાખોર નહીં, પણ જિજ્ઞાસુ સમજો. ભૂલો કરવાની આઝાદી આપો, કારણ કે અનુભવ ઠોકર ખાધા પછી જ મળે છે.

# લગ્નની પીઠીએ જીવનને બેરંગ બનાવ્યું, નવવધૂનું મોત

થોડા દિવસો પહેલા મધ્ય પ્રદેશના ખરગોન જિલ્લામાંથી ભેળસેળવાળી હળદરનો એક ખતરનાક કિસ્સો સામે આવ્યો. અહીં લગ્ન પહેલાં પીઠીની વિધિ દરમિયાન વર-વધૂ સહિત ઘણા લોકોની તબિયત અચાનક બગડી ગઈ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હળદર (પીઠી) લગાવ્યાના થોડા સમય પછી લોકોના શરીર પર લાલ ચકામા પડવા લાગ્યા. સોજો આવી ગયો અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. તાત્કાલિક વર-વધૂને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં સારવાર દરમિયાન વધૂનું મોત નિપજ્યું. પ્રાથમિક તપાસમાં એલર્જીનું કારણ ભેળસેળવાળી હળદર જણાવવામાં આવ્યું. આ ઘટનાએ સૌને સ્તબ્ધ કરી દીધા. ત્યારબાદ ભેળસેળવાળી હળદરને લઈને દેશભરમાં તાબડતોડ કાર્યવાહી કરવામાં આવી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ખાદ્ય વિભાગે માધુપુરા માર્કેટમાંથી 2,500 કિલોગ્રામ ભેળસેળયુક્ત હળદર જપ્ત કરી. જ્યારે કાનપુર ફૂડ ડિપાર્ટમેન્ટે ચકેરી ઈન્ડસ્ટ્રિયલ એરિયામાંથી 398 કિલો ભેળસેળયુક્ત હળદરનો પાવડર સીઝ કર્યો. આવી સ્થિતિમાં પ્રશ્ન એ છે કે, ક્યાંક આપણે પણ ભેળસેળવાળી હળદર તો નથી ખાઈ રહ્યા ને? હળદરનો રંગ ઘેરો પીળો બતાવવા, માત્રા વધારવા અને ઓછા ખર્ચે વધુ નફો કમાવવા માટે તેમાં ઘણી પ્રકારની ભેળસેળ થઈ શકે છે. આમાં સૌથી ખતરનાક લેડ ક્રોમેટ (લેડ-આધારિત પીળો પેઈન્ટ) અને મેટાનિલ યલો (સિન્થેટિક ડાઈ) છે. આને ખાવામાં વાપરવાની પરવાનગી નથી. આ ઉપરાંત, બીજી ઘણી વસ્તુઓની ભેળસેળ થઈ શકે છે. લેડ ક્રોમેટ એક પીળા રંગનું ઔદ્યોગિક રસાયણ (ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ) છે. તેનો ઉપયોગ પેઈન્ટ, પ્લાસ્ટિક અને ઘણા નોન-ફૂડ ઉત્પાદનોમાં થાય છે. તેમાં લેડ અને ક્રોમિયમ જેવા ઝેરી તત્વો હોય છે. કેટલાક ભેળસેળ કરનારા હળદરનો રંગ વધુ તેજસ્વી પીળો બતાવવા માટે તેને ભેળવે છે.

# સંયુક્ત રાષ્ટ્રમાં ઇઝરાયલી રાજદૂત અને UN અધિકારી વચ્ચે ઉગ્ર બોલાચાલી

સંયુક્ત રાષ્ટ્ર

સંયુક્ત રાષ્ટ્ર (UN) માં શુક્રવારે એક બેઠક દરમિયાન ઈઝરાયલના રાજદૂત ડેની ડેનોન અને UN મહાસચિવના વિશેષ પ્રતિનિધિ પ્રમિલા પેટન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. આ બેઠક યુદ્ધ દરમિયાન થતી યૌન હિંસાને રોકવાના આંતરરાષ્ટ્રીય દિવસના પ્રસંગે ન્યૂયોર્કમાં યોજાઈ હતી. બેઠકમાં ઈઝરાયલના રાજદૂતે UN અધિકારી પેટનના રાજીનામાની માંગ કરી. ડેનને આરોપ લગાવ્યો કે પેટનના રિપોર્ટને કારણે ઈઝરાયલનું નામ પ્રથમ વખત યૌન હિંસા સંબંધિત આરોપોના મામલે સંયુક્ત રાષ્ટ્રની બ્લેકલિસ્ટમાં આવ્યું. તેમનું કહેવું હતું કે રિપોર્ટ નિષ્પક્ષ ન હતો અને તેમાં ઈઝરાયલ વિરુદ્ધ પક્ષપાત દર્શાવવામાં આવ્યો હતો. ડેનને પેટન પર આરોપ લગાવતા કહ્યું, "તમે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના ઈઝરાયલ-વિરોધી વલણના દબાણમાં આવી ગયા છો." તેમનો દાવો હતો કે ગુટેરેસ સતત ઈઝરાયલની ટીકા કરતા રહ્યા છે અને પેટનનો રિપોર્ટ પણ તે જ વિચારથી પ્રભાવિત હતો. વિવાદ વધ્યા પછી UNના અધિકારી વેનેસા ફ્રેઝરે હસ્તક્ષેપ કર્યો. ફ્રેઝરે ડેનનને કહ્યું કે તેઓ વ્યક્તિગત હુમલા કરવાનું ટાળે. તેમણે એમ પણ કહ્યું કે રિપોર્ટ પુરાવાઓ પર આધારિત છે. આના પર ડેનન વધુ નારાજ થયા. તેમણે ફ્રેઝરને કહ્યું કે તેઓ ચૂપ રહે. ડેનને કહ્યું, અમે સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશ છીએ અને તમે સંયુક્ત રાષ્ટ્રના કર્મચારી છો. હવે તમે ચૂપ રહેશો. તમે અને તમારો આ શરમજનક રિપોર્ટ બંને ચૂપ રહેશે ખરેખરમાં, સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે એવા દેશો, સેનાઓ અને સશસ્ત્ર જૂથોની યાદી બહાર પાડે છે જેના પર સંઘર્ષ દરમિયાન જાતીય હિંસાના ગંભીર આરોપો હોય છે. આ વખતે પ્રથમ વખત ઈઝરાયલને આ યાદીમાં સામેલ કરવામાં આવ્યું. આ સાથે જ હમાસ અને અન્ય પેલેસ્ટિનિયન સશસ્ત્ર જૂથોને પણ યાદીમાં રાખવામાં આવ્યા. 29 મેના રોજ જાહેર કરાયેલા આ અહેવાલ અનુસાર- ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયલી અટકાયત કેન્દ્રો સાથે સંકળાયેલી યૌન હિંસા અને જાતીય દુર્વ્યવહારના આરોપો સામે આવ્યા છે. આરોપો ઈઝરાયલી સેના, પોલીસ અને જેલ સેવાના કેટલાક અધિકારીઓ પર લાગ્યા.



પાક્કો ગુજરાત

રવિવાર | 21 જૂન 2026 | અમદાવાદ

દિલ્હી-મુંબઈ કોરિડોરથી અસરગ્રસ્ત 14 ગામોના આગેવાનોની પ્રાંત અધિકારીને રજૂઆત

# ખેતરો અને મકાનોમાં વરસાદી પાણી ભરાતા ગ્રામજનોમાં રોષ, કાયમી ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં દિલ્હી-મુંબઈ કોરિડોરથી અસરગ્રસ્ત 14 ગામોના આગેવાનો અને ગ્રામજનોએ પ્રાંત અધિકારીને રજૂઆત કરીને પાણી ભરાવાની ગંભીર સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગણી કરી છે.

ગઈકાલે પડેલા ધોધમાર વરસાદના કારણે અનેક ગામોના ખેડૂતોના ખેતરો તેમજ રહેણાંક મકાનોમાં પાણી ઘૂસી જતા ભારે નુકસાન સર્જાયું હતું. ખેતરોમાં પાણી ભરાઈ જતાં પાકને નુકસાન પહોંચ્યું છે, જ્યારે ઘણા પરિવારોને ઘરઆંગણે પાણી ભરાવાની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.

ગ્રામજનોના જણાવ્યા મુજબ છેલ્લા ચાર વર્ષથી દિલ્હી-મુંબઈ કોરિડોરના કામને કારણે વરસાદી પાણીના નિકાલમાં



અવરોધ ઊભો થયો છે. આ મુદ્દે અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેના કારણે અસરગ્રસ્ત ગામોના ખેડૂતો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આગેવાનો દ્વારા રજૂઆત દરમિયાન જણાવાયું હતું કે વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાથી દર વર્ષે ચોમાસા દરમિયાન ગામો અને ખેતરોમાં પાણી ભરાઈ જાય છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થાય છે અને ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવું પડે છે.

પ્રાંત અધિકારી સાથે યોજાયેલી બેઠક દરમિયાન આગામી સોમવારે સંકલન વિભાગના અધિકારીઓ તથા નેશનલ હાઈવે કોરિડોરના અધિકારીઓની હાજરીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ફરી સર્વે હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાંત અધિકારીએ પાણીના નિકાલની કામગીરીને પ્રાથમિકતા આપી તાત્કાલિક જરૂરી પગલાં ભરવાની ખાતરી આપી હતી.

જોકે, ગ્રામજનો અને આગેવાનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આ સમસ્યાનો યોગ્ય અને કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે તો આવનારા સમયમાં દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવે બંધ કરીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તેમજ તે દરમિયાન થનારા કોઈપણ નુકસાનની સંપૂર્ણ જવાબદારી શાસન અને પ્રશાસનની રહેશે.

ઝાલોદ-ચાકલિયા પોલીસની મોટી કાર્યવાહી

# ડુંગળીના થેલાઓ નીચે છુપાવેલો 6.60 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## દિલ્હી-મુંબઈ કોરિડોરના છાયણ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ દરમિયાન બોલેરો પીકઅપમાંથી 3,144 બોટલો જપ્ત, એક આરોપી ઝડપાયો અને એક કિશોર કસ્ટડીમાં

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના ચાકલિયા પોલીસ સ્ટેશનને દારૂબંધીના અમલમાં વધુ એક મોટી સફળતા મળી છે. ચાકલિયા પોલીસ સ્ટાફ દ્વારા દિલ્હી-મુંબઈ કોરિડોર પર આવેલ છાયણ ચેકપોસ્ટ ખાતે નિયમિત વાહન ચેકિંગ દરમિયાન એક બોલેરો પીકઅપ ગાડીમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ ચાકલીયા પોલીસ તથા તેમની ટીમ વાહન ચેકિંગમાં હતી ત્યારે મધ્યપ્રદેશ તરફથી આવતી બોલેરો પીકઅપ ગાડી (નં. GJ 35 T 3375)ને રોકી તપાસ હાથ ધરવામાં આવી હતી. શરૂઆતમાં ગાડીમાં માત્ર ડુંગળીના થેલાઓ ભરેલા હોવાનું જણાતું હતું, પરંતુ પોલીસને શંકા જતા પંચોની હાજરીમાં તપાસ કરતાં ડુંગળીના થેલાઓની નીચે દારૂની પેટીઓ છુપાવેલી મળી આવી હતી.

પોલીસે ગાડીમાંથી કુલ 80 પેટીઓમાં ભરેલી 3,144 બોટલો જપ્ત કરી હતી. જેમાં ટીન બિયર, વોડકા અને પ્રીમિયમ



વિસ્કીનો સમાવેશ થાય છે. આ દારૂનો કુલ જથ્થો આશરે 788 લીટર 640 મીલી હોવાનું સામે આવ્યું છે, જેની કિંમત 3.45 લાખ આંકવામાં આવી છે.

આ ઉપરાંત દારૂની હેરાફેરીમાં વપરાયેલી બોલેરો પીકઅપ ગાડી કિંમત 3 લાખ, એક મોબાઈલ ફોન કિંમત 15 હજાર અને આર.સી. બુક સહિત કુલ 6.60 લાખનો મુદ્દામાલ પોલીસે કબજે લીધો છે. આ કેસમાં પોલીસે *નરેન્દ્ર બબલુભાઈ વર્મા (ઉંમર 23, મૂળ રાજસ્થાન, હાલ ઉજ્જૈન, મધ્યપ્રદેશ)*ની ધરપકડ કરી છે, જ્યારે તેની સાથે રહેલો એક સગીર કિશોર કાયદાના સંઘર્ષમાં આવેલ હોવાથી તેને કસ્ટડીમાં રાખી પરિવારજનોને જાણ કરવામાં આવી છે. વધુમાં દારૂ સપ્લાય કરનાર નાસીર મોહમંદ નદીમ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ચાકલિયા પોલીસે આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન ઈન્સાક્ષ્ય એપ્લિકેશન મારફતે વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

રોયલ્ટી વિના રેતી ભરેલી બે ટ્રકો ઝડપાઈ

# મામલતદાર એન.એસ. વસાવાએ રૂપિયા 90 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર મામલતદાર એન.એસ. વસાવા અને તેમની ટીમે ગેરકાયદેસર રેતી પરિવહન સામે કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી દરમિયાન રોયલ્ટી વિના રેતી ભરીને ગ્રામ્ય વિસ્તારોમાં વેચાણ માટે લઈ જવાતી બે ટ્રકોને ઝડપી પાડવામાં આવી હતી. આશરે 90 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, જંબુસર તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં રોયલ્ટી વિના રેતીનું વેચાણ થતું હોવાની બાતમી મામલતદાર એન.એસ. વસાવાને મળી હતી. આ બાતમીના આધારે તેમની ટીમે ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન રેતી ભરેલી બે ટ્રકોને અટકાવવામાં આવી હતી. વાહનચાલકો પાસે માન્ય રોયલ્ટી પાસ કે અન્ય જરૂરી પુરાવા ન હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આથી, તંત્ર દ્વારા બંને વાહનો સહિત આશરે 90 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા વાહનોને વધુ કાયદેસરની કાર્યવાહી માટે કાવી અને જંબુસર પોલીસ સ્ટેશન ખાતે જમા કરવામાં આવ્યા છે. સંબંધિત વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. રાજ્ય સરકારની તિજોરીને નુકસાન પહોંચાડતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કરાયેલી આ કાર્યવાહીથી રેતી માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. મામલતદાર એન.એસ. વસાવાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ગેરકાયદેસર ખનન અને ખનીજ ચોરી જેવી પ્રવૃત્તિઓ સામે આગામી દિવસોમાં પણ સઘન અભિયાન ચાલુ રહેશે.

અકસ્માતને ખુલ્લું આમંત્રણ

# જેતપુરના વાડાસડામાં જુગારધામ પર LCBના દરોડા : 7 ઝડપાયા, 3.64 લાખનો મુદ્દામાલ જપ્ત

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ ગ્રામ્ય જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.) ટીમે જેતપુર તાલુકાના વાડાસડા ગામની સીમમાં જુગારના અખાડાનો ચાલી રહ્યો છે તે બાતમીના આધારે પોલીસે સ્થળ પરથી જુગાર રમતા 7 ઈસમોને રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય એસપી વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ, એલ.સી.બી.ની ટીમ દારૂ અને જુગારની બદીને નાબૂદ કરવા કાર્યરત હતી. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે વાડાસડા ગામના રહીશ રામકુભાઈ લખુભાઈ માકડ પોતાની વાડીના મકાનમાં બહારથી માણસો બોલાવી, તેમને સુખ-સુવિધા પૂરી પાડી ગંજીપત્તા વડે તીનપત્તીનો



હારજીતનો જુગાર રમાડી રહ્યા છે. એલ.સી.બી.ની ટીમે બાતમી વાળી જગ્યા પર રેઈડ કરતા જુગાર રમતા 7 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા સ્થળ પરથી રોકડ રૂપિયા 84,800, 7 નંગ મોબાઈલ ફોન (કિંમત રૂપિયા 45,000) અને 4 વાહનો (કિંમત રૂપિયા 2,35,000) મળીને કુલ રૂપિયા 3,64,800 નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ તમામ આરોપીઓને જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનને સોંપીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓમાં લલીતભાઈ ઉર્ફે લાલો કેશુભાઈ વેકરીયા, ભરતભાઈ ભનુભાઈ ઓત્રાદી, રામકુભાઈ લખુભાઈ માકડ, અશોકભાઈ વિરજીભાઈ આકોલીયા, નિર્મળભાઈ રાવતભાઈ ગુજરીયા, જયેશભાઈ નરશીભાઈ ધામેલીયા અને ભાવેશભાઈ ડાયાભાઈ ઠુંગાને ઝડપી લીધા હતા.તમામ સાત આરોપીઓ સામે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓમાં લલીતભાઈ ઉર્ફે લાલો કેશુભાઈ વેકરીયા અને ભરતભાઈ ભનુભાઈ ઓત્રાદી અગાઉ પણ જુગારના ગુનામાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે.

# 25 દિવસ બાદ અમલેશ્વર બ્રાંચ કેનાલમાં પાણી છોડવાની શરૂઆત


## ભરૂચ શહેરના 2 લાખ લોકોને આજથીબે ટાઇમ પાણી મળશે પણ ડહોળુ હશે

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરમાં આજે શનિવારના રોજથી શહેરમાં બે ટાઈમ પાણી આપવાનું શરૂ કરી દેવાશે. અમલેશ્વર બ્રાંચ કેનાલને રીપેરિંગ માટે બંધ કરવામાં આવતાં શહેરમાં બેના બદલે એક ટાઈમ પાણી આપવામાં આવતું હતું. પાણી એક જ સમય આપવામાં આવતું હોવાના કારણે લોકો પાણીનો સંગ્રહ કરતાં હતાં.

સંગ્રહિત પાણીના નમૂના લઈ તેને સરકારી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યાં હતાં જેમાં પાણીમાં કલોરીનની માત્રા શૂન્ય જોવા મળી હતી. કલોરીન વિનાના પાણીના કારણે ચોમાસામાં રોગચાળો ફેલાઈ તેવી સંભાવના વધી હતી. હવે નગરપાલિકાએ શનિવારથી શહેરમાં રાબેતા મુજબ બે સમય પાણી આપવામાં આવશે તેવી જાહેરાત કરી દીધી છે.

અમલેશ્વર બ્રાંચ કેનાલમાંથી રોજનું 47 કરોડ લીટર જેટલું પાણી મેળવીને તેને વિવિધ



વિસ્તારોમાં વિતરીત કરવામાં આવે છે. છેલ્લા 25 દિવસથી કેનાલને રીપેરિંગ માટે બંધ કરી દેવાતાં પાણીકાપ મુકવામાં આવ્યો હતો. શહેરમાં બેના બદલે એક જ ટાઈમ પાણી આપવામાં આવી રહયું હતું.

લોકો પાણીનો સંગ્રહ કરી તેનો ઉપયોગ કરતાં હતાં પણ પાણીમાંથી કલોરીન ઉડી જતો હોવાથી આવું પાણી આરોગ્ય માટે જોખમકારક બની ગયું હતું.

ટેબલ પર મૂકેલું કંપનીનું ડેલ લેપટોપ પણ ચોરાઈ ગયું

# સાબરકાંઠા જિલ્લાના વડાલી શહેરમાં ઝેરોક્ષ દુકાનમાંથી 90 હજાર રોકડ ચોરાઈ

ઈડર, જાકીર મેમણ

તાળું તોડી કંપનીનું લેપટોપ પણ તસ્કરો ઉઠાવી ગયા સાબરકાંઠા જિલ્લાના વડાલી શહેરમાં તસ્કરોએ એક ઝેરોક્ષ દુકાનને નિશાન બનાવી છે. તાલુકા પંચાયત સામે અને પોલીસ સ્ટેશન નજીક આવેલી ખેતીવાડી માર્કેટના પ્રથમ માળે આવેલી 'વીર ઝેરોક્ષ' દુકાનનું તાળું તોડી અજાણ્યા ચોર 90 હજાર રૂપિયા રોકડા અને એક કંપનીનું લેપટોપ ચોરી ફરાર થઈ ગયા હતા.આ દુકાન વડાલીના રાઠોડફળી વિસ્તારમાં રહેતા દશરથસિંહ ગંભીરસિંહ રાઠોડની છે. તેઓ રૂપિટલ ફાયનાન્સ પ્રા. લિ.માં કલેક્શન ઓફિસર તરીકે પણ ફરજ બજાવે છે. ચોરી થયેલી




90 હજારની રોકડમાં મુથુટ ગોલ્ડ ફાયનાન્સમાંથી લીધેલી લોનના 40 હજાર, તેમની બચતના 15 હજાર અને કંપનીના કલેક્શનના 35 હજાર રૂપિયાનો સમાવેશ થાય છે. ગત 19 જૂનની રાત્રે દશરથસિંહ દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. બીજા દિવસે સવારે તેઓ દુકાન પર પહોંચ્યા ત્યારે દુકાનનું તાળું ગાયબ હતું અને આગળ બે મોટા પથ્થર પડેલા હતા. અંદર તપાસ કરતાં પૈસા રાખવાનું ડ્રોઅર ખોતરી નાખવામાં આવ્યું હતું અને તેમાં રાખેલી તમામ રોકડ ગાયબ હતી. ટેબલ પર મૂકેલું કંપનીનું ડેલ લેપટોપ પણ ચોરાઈ ગયું હતું.

ચોરી થયેલા લેપટોપમાં ફાયનાન્સ કંપનીના અગત્યના ડેટા હોવાથી કંપની માટે આ એક મહત્વપૂર્ણ બાબત બની છે. ઉપરાંત, ઘરના બાંધકામ માટે રાખેલી રકમ પણ ચોરાઈ જતાં દશરથસિંહના પરિવારને આર્થિક અસર થઈ છે.આ બનાવ અંગે દશરથસિંહ રાઠોડે વડાલી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી છે. પોલીસે અજાણ્યા તસ્કરોને શોધવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે. શહેરના મધ્ય વિસ્તારમાં બનેલી આ ચોરીની ઘટનાથી સ્થાનિક વેપારીઓમાં ચિંતાનો માહોલ છે.

# જંબુસરના ખેડૂતોને હાઈટેન્શન લાઇનનું વળતર ચૂકવાયું નથી : અણખી સહિત અનેક ગામોમાં ટાવર ઉભા કરાતા રોષ

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર તાલુકાના અણખી, જાફરપુરા, વાવલી અને જંબુસર સહિતના અનેક ગામોના ખેડૂતોને હાઈટેન્શન લાઈનો નાખવા બદલ હજુ સુધી વળતર ચૂકવાયું નથી. પાવરગ્રીડ કંપની દ્વારા ખેતરોમાં ટાવર ઉભા કરાયા હોવા છતાં વળતર ન મળતા ખેડૂતોમાં રોષ વ્યાપ્યો છે અને તેઓ વળતરની માંગ કરી રહ્યા છે.

પાવરગ્રીડ કંપની દ્વારા વટામણથી નવસારી જતી 750kv હાઈટેન્શન લાઈન માટે ખેડૂતોના ખેતરોમાં અનેક ટાવરો ઉભા કરવામાં આવ્યા છે. આ કામગીરીથી ખેડૂતોને પાક અને જમીનને નુકસાન થયું છે.

કંપની દ્વારા ખેડૂતોને કોઈપણ પ્રકારનું વળતર ચૂકવ્યા વિના જ તેમના ખેતરોમાં ટાવરો ઉભા કરી દેવામાં આવ્યા છે. આના કારણે ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ખેડૂતોએ જણાવ્યું છે કે જો આગામી દિવસોમાં તેમને યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે, તો તેઓ પોતાના ખેતરોમાં આવી કોઈપણ કામગીરી આગળ વધારવા દેશે નહીં.

મહંમદપુરાના રહીશોએ સુવિધાઓ બંધ કરાતા નગરપાલિકામાં કરી રજૂઆત

# ભરૂચના જર્જરિત સિટીઝન શોપિંગ સેન્ટરમાં કનેક્શન કપાતા રહીશોમાં રોષ : વૈકલ્પિક વ્યવસ્થાની માગ કરાઈ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચના મહંમદપુરા રોડ પર આવેલા જર્જરિત સિટીઝન શોપિંગ સેન્ટરમાં વીજળી, પાણી અને ગેસના કનેક્શન કાપી નાખવામાં આવતા રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો છે. મૂળભૂત સુવિધાઓ અચાનક બંધ થતાં અસરગ્રસ્ત પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુદ્દે રહીશોએ ભરૂચ નગરપાલિકા કચેરી ખાતે પહોંચી વિરોધ નોંધાવી તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ સાથે રજૂઆત કરી હતી.

ભરૂચ નગરપાલિકા દ્વારા સિટીઝન શોપિંગ સેન્ટરને જર્જરિત જાહેર કરવામાં આવ્યું છે. ચોમાસાની ઋતુ દરમિયાન ઈમારત ધસી પડવાનો ભય હોવાથી નગરપાલિકા, વીજ કંપની અને ગુજરાત ગેસ કંપનીએ સંયુક્ત કામગીરી હાથ ધરી ઈમારતના વીજળી, પાણી અને ગેસના કનેક્શન બંધ કર્યા



હતા.

જોકે, અચાનક સુવિધાઓ બંધ થતાં ગરમી અને બફારાભર્યા વાતાવરણમાં રહીશો અંધકારમય રાત પસાર કરવા મજબૂર બન્યા હોવાનું જણાવ્યું હતું. રહીશોના મતે, કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના લેવાયેલા આ નિર્ણયથી તેમના દૈનિક જીવન પર ગંભીર અસર પડી રહી છે.

સમગ્ર મામલે ભરૂચ નગરપાલિકાના પ્રમુખ દેવેન્દ્ર વસાવાએ સ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે રહીશોની સમસ્યાઓને ધ્યાનમાં રાખી યોગ્ય ઉકેલ લાવવા માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# દેવગઢ બારિયા નગરપાલિકા ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા નગરપાલિકા પરિસરમાં નગરપાલિકા પ્રમુખ ધર્મેશભાઈ કલાલના અધ્યક્ષસ્થાને જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ, પ્રમાણપત્રો, કલ્યાણકારી સહાય તેમજ જાહેર સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ સ્થળ પર જ અરજીઓ સ્વીકારવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી, જેના કારણે નાગરિકોને સરળતાથી સેવાઓનો લાભ મળી શક્યો હતો.

શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ વિભાગોની સેવાઓનો લાભ મેળવ્યો હતો.





કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારની જનહિતકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો તેમજ લોકોની સમસ્યાઓનું ઝડપી અને અસરકારક નિરાકરણ લાવવાનો હતો. નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિવિધ વિભાગોના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી નાગરિકોને જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડી.

# તરસાણા ગામે મહાકાય મગર દેખાતા મચ્યો ફફડાટ : મોટી દુર્ઘટના ઘટે તે પહેલાં વન વિભાગ પાંજરું મૂકે તેવી ઉગ્ર માંગ!

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઈ તાલુકાના તરસાણા ગામમાંથી એક અત્યંત ચિંતાજનક અને ડર પેદા કરનારો કિસ્સો સામે આવ્યો છે. ગામના સ્થાનિક તળાવમાં એક વિશાળકાય મગર દેખાતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે. તળાવના કિનારે મગર ખુલ્લેઆમ આંટાફેરા કરતો હોવાનો વીડિયો સામે આવતા જ ગ્રામજનોના જીવ તાળવે ચોંટ્યા છે અને ભારે ભયનો માહોલ વ્યાપી ગયો છે. તરસાણા ગામનું આ તળાવ સ્થાનિકોની રોજિંદી પ્રવૃત્તિઓ




માટે ખૂબ મહત્વનું છે. ગામની મહિલાઓ સવાર-સાંજ અહીં કપડાં-વાસણ કરવા તેમજ પશુપાલકો પોતાના પશુઓને પાણી પીવડાવવા માટે તળાવ કિનારે જતા હોય છે. આ ઉપરાંત, આસપાસના ખેતરોમાં કામ કરતા ખેડૂતો અને ખેતમજૂરો પણ સતત આ જ માર્ગનો ઉપયોગ કરે છે. મગરના આતંકના કારણે હવે લોકોએ તળાવ કિનારે જવાનું બંધ કરી દીધું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ મગર કદમાં ઘણો મોટો છે. તે ગમે ત્યારે કોઈ નિર્દોષ માણસ કે મૂંગા પશુ પર જીવલેણ હુમલો કરી શકે છે. ખેતરે જતા ખેડૂતો પણ હવે ખેતરમાં પગ મૂકતા ડરી રહ્યા છે, જેના કારણે ખેતીકામ પર પણ માઠી અસર પડી રહી છે.

ગામના અગ્રણીઓ અને ગ્રામજનો દ્વારા વન વિભાગ સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલાં તંત્ર તાત્કાલિક એક્શનમાં આવે. સમય બગાડ્યા વિના તળાવ કિનારે મગરને પકડવા માટે મજબૂત પાંજરું ગોઠવવામાં આવે અને આ 'મહાકાય' મગરને રેસ્ક્યૂ કરી કોઈ સુરક્ષિત કે જંગલ વિસ્તારમાં ખસેડવામાં આવે. હવે જોવાનું એ રહે છે કે વન વિભાગ આ બાબતને કેટલી ગંભીરતાથી લે છે અને ક્યારે ગામ લોકોને આ ભયમાંથી મુક્તિ અપાવે છે.

# ઈડર માર્કેટ યાર્ડની ચૂંટણીની જાહેરાત કરાઈ

ઈડર, જાકીર મેમણ

ઈડર APMC ચૂંટણી, ૯ સપ્ટેમ્બરે 14બેઠક પર મતદાન: નવા કાયદા મુજબ બે બેઠકો રદ કરાઈ, સહકારી માળખામાં ગરમાવ ઈડર માર્કેટ યાર્ડ (APMC) ની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર નિયામકે આ જાહેરાત કરી છે. આગામી ૯ સપ્ટેમ્બરના રોજ યાર્ડના ૧૪ ડિરેક્ટર માટે મતદાન યોજાશે. આ જાહેરાતથી તાલુકાના સહકારી માળખામાં ગરમાવો જોવા મળી રહ્યો છે. વર્તમાન વ્યવસ્થાપક કમિટીની મુદત ગત ફેબ્રુઆરી મહિનામાં પૂર્ણ થતી હતી. જોકે, તે સમયે ચૂંટણી પ્રક્રિયા શક્ય ન હોવાથી રાજ્ય સરકારે વર્તમાન કમિટીને વધુ છ મહિનાનું એક્સ્ટેન્શન આપ્યું હતું. આ એક્સ્ટેન્શનની મુદત આગામી ઓગસ્ટ માસમાં પૂર્ણ થાય તે પહેલાં ચૂંટણી જાહેર કરાઈ છે.જાહેરાત મુજબ, ૯




સપ્ટેમ્બરના રોજ સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી ખેડૂત અને વેપારી વિભાગની કુલ ૧૪ બેઠકો માટે મતદાન થશે. ત્યારબાદ, ૧૦ સપ્ટેમ્બરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે અને તે જ દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે.આ ચૂંટણીમાં ખેડૂત વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૪ બેઠકોનો સમાવેશ થાય છે. નવા કાયદા મુજબ લાયકાત ધરાવતી ન હોવાને કારણે સહકારી ખરીદ વેચાણ મંડળી વિભાગની બે બેઠકો રદ કરવામાં આવી છે.



### બિગ બોસ માટે કપડાં ન આપનાર ડિઝાઇનર્સે શૉ બાદ લાખોની ઓફર આપી

# રહાના ભટ્ટે કાસ્ટિંગ કાઉચનો સામનો કર્યો, ચાર મહિનાની હતી, ત્યારે પિતા છોડીને ચાલ્યા ગયા...

મુંબઇ

બાળપણમાં સગાંવહાલાં મહેણાં-ટોણાં મારતા હતા કે આ પરિવારની ઈજ્જત ખરાબ કરી દેશે. પિકનિક પર લઈ જતા પહેલાં માથા પર દુપટ્ટો રાખવાની શરત રાખવામાં આવતી હતી અને તેને તિરસ્કાર સહન કરવો પડતો હતો. પરંતુ ફરહાના ભટ્ટે હાર માનવાને બદલે પોતાને સાબિત કર્યા. આઠમા ધોરણથી તેણે પોતાના અભ્યાસનો ખર્ચ જાતે ઉઠાવવાનું શરૂ કરી દીધું. મોડેલિંગ કર્યું, પત્રકારત્વમાં હાથ અજમાવ્યો અને પછી એક્ટિંગની દુનિયામાં પગ મૂક્યો. કરિયરની શરૂઆતમાં મુંબઈમાં એક કથિત કાસ્ટિંગ સ્કેમનો સામનો કર્યો, જ્યાં કોન્ટ્રાક્ટમાં કલાકારોને ડિરેક્ટરના ફાર્મહાઉસ પર રહેવા જેવી શંકાસ્પદ શરતો હતી. બિગ બોસમાં જતા પહેલાં જે ડિઝાઈનરોએ કપડાં આપવાનો ઈનકાર કર્યો હતો, શો પછી તે જ લોકો લાખો રૂપિયાની ઓફર લઈને પહોંચ્યા. આજની સક્સેસ સ્ટોરીમાં જાણીએ ફરહાના ભટ્ટના કરિયર અને અંગત જીવન સાથે જોડાયેલી વાતો ફરહાના ભટ્ટનો જન્મ 15 માર્ચ 1997ના રોજ કાશ્મીરમાં થયો હતો. જ્યારે તે માત્ર ચાર મહિનાની હતી, ત્યારે તેના પિતા તેને અને તેની માતાને છોડીને ચાલ્યા ગયા હતા. ત્યારબાદ તેનો ઉછેર તેની માતા અને નાનાએ કર્યો. ટેલીઈન્ડિયા સાથેની વાતચીતમાં ફરહાનાએ જણાવ્યું કે તેણે બાળપણથી જ સંઘર્ષ જોયો છે. આર્થિક અને સામાજિક પડકારો વચ્ચે તેની માતાએ તેને એકલા હાથે ઉછેરી. આ જ કારણોસર તેણે નાની ઉંમરે જવાબદારીઓ સમજી અને આગળ જતાં પોતાના અભ્યાસ અને જરૂરિયાતોનો ખર્ચ જાતે ઉઠાવવા લાગી. આઠમા ધોરણથી જાતે ઉઠાવી રહી હતી અભ્યાસનો ખર્ચ એક્ટ્રેસ ફરહાના ભટ્ટે જણાવ્યું કે તેણે આઠમા ધોરણથી પોતાના ભણતરનો ખર્ચ પોતે જ ઉઠાવવાનું શરૂ કરી દીધું હતું. આ જ કારણે તેણે કાશ્મીરની પહેલી ઈ-કોમર્સ કંપની માટે મોડેલિંગ શરૂ કર્યું. તે સમયે તેમને લગભગ 1500 રૂપિયા પ્રતિદિન મળતા હતા. તેની માતાને આની જાણકારી હતી, પરંતુ પરિવારના બાકીના લોકોને નહીં. ફરહાનાનું કહેવું છે કે જવાબદારીઓ સંભાળ્યા પછી તેણે ક્યારેય કોઈની પાસેથી પૈસા માંગ્યા નથી. ટીવી પર જાહેરાત આવતા જ ઘરમાં મચી ગયો હોબાળો ફરહાનાએ જણાવ્યું કે શરૂઆતમાં તે છૂપી રીતે મોડેલિંગ અને જાહેરાતોમાં કામ કરતી હતી. પરિવારને આની જાણકારી ત્યારે થઈ જ્યારે તેની એક જાહેરાત ટીવી પર પ્રસારિત થઈ. આ પછી ઘરમાં હોબાળો મચી ગયો. સંબંધીઓએ સવાલ ઉઠાવ્યો કે ઘરની છોકરી ટીવી પર કેવી રીતે દેખાઈ શકે છે. કેટલાક લોકોનું કહેવું હતું કે આનાથી પરિવારની બદનામી થશે.

**બાળપણમાં તેમને પરિવારના ઘણા કાર્યક્રમો અને પિકનિકમાં સામેલ કરવામાં આવતા ન હતા**

## આમિર ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે રજિસ્ટર્ડ મેરેજ કરશે

### 61 વર્ષીય 'મિસ્ટર પરફેક્શનિસ્ટ' ઘરે જ ત્રીજા લગ્ન કરશે, માત્ર નજીકના મિત્રો-સંબંધીઓ હાજર રહેશે

મુંબઇ

બોલિવૂડનો 'મિસ્ટર પરફેક્શનિસ્ટ' આમિર ખાન, 61 વર્ષની ઉંમરે ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે ત્રીજા લગ્ન કરવા જઈ રહ્યો છે. આ લગ્ન 5 જુલાઈએ થશે, જેમાં આમિર અને ગૌરીના કેટલાક સંબંધીઓ ઉપરાંત માત્ર નજીકના મિત્રો જ સામેલ થશે. લગ્ન માટે આમિર ખાન ફિલ્મોમાંથી બ્રેક લેવાનો છે. લગ્ન વિશે વાત કરતા આમિર ખાને 'ડેકન ક્રોનિકલ'ને જણાવ્યું, 'આ ઘરમાં થનારા એક અત્યંત સાદા રજિસ્ટર્ડ મેરેજ હશે, જેમાં ફક્ત બંને પરિવારોના સભ્યો અને કેટલાક અત્યંત નજીકના મિત્રો સામેલ થશે. અમે બંને આ સમારોહને ખૂબ જ સાદો અને ખાનગી રાખવા માંગીએ છીએ.' 5 જુલાઈએ થશે લગ્ન આમિર ખાને ગયા વર્ષે 60મા જન્મદિવસના અવસરે મીડિયા સામે ગૌરી સ્પ્રેટનો પરિચય કરાવ્યો હતો. ત્યારથી જ બંને અનેક પ્રસંગોએ સાથે જોવા મળે છે. ગયા મહિને તેમના લગ્નના સમાચાર ચર્ચામાં રહ્યા હતા. આમિરે 'વેરાયટી ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યુમાં લગ્નના સમાચારો પર મહોર લગાવી હતી. તેણે કહ્યું હતું, 'હું અત્યારે અમેરિકામાં છું. લગ્નના સમાચાર સાચા છે. અમારા લગ્ન 5 જુલાઈએ થશે.' તેણે આગળ કહ્યું હતું કે, ગૌરી અને હું એકબીજા પ્રત્યે ગંભીર છીએ. અમે એક મજબૂત સંબંધમાં છીએ. મનોમન તો હું પોતાને પહેલેથી જ તેમનો પતિ માનું છું. હવે આ સંબંધને લગ્નનું નામ આપવું એ અમારા સાથેની એક સ્વાભાવિક આગામી શરૂઆત છે. પહેલા કહ્યું હતું- લગ્ન વગર જ ખુશ છું લગ્નની પુષ્ટિ આપવાના થોડા સમય પહેલા જ આમિરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરવા મારી પ્રાથમિકતા નથી. હું લગ્ન વગર જ તેમની સાથે ખુશ છું.' 'હું ભાગ્યશાળી છું કે મને ગૌરી મળી' મે 2026માં NBTને આપેલા ઈન્ટરવ્યુમાં આમિરે ગૌરી સાથેના પોતાના સંબંધો વિશે કહ્યું હતું, 'હું ખૂબ નસીબદાર છું કે મને ગૌરી મળી અને અમારો સંબંધ શરૂ થયો. તે ઉત્તમ છે અને તેમની સાથે મને ખૂબ શાંતિ મળે છે. જોકે, રીના દત્તા અને કિરણ રાવ સાથે પણ મારો સંબંધ ખૂબ ઊંડો હતો, પરંતુ વસ્તુઓ આગળ વધી શકી નહીં.



## કોમેડિયન સમય રૈનાની ધમાકેદાર વાપસી: 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ સીઝન 2' ની જાહેરાત

### એક લાંબા સમય બાદ આ ફિલ્મ થકી સુપરહિટ જોડી જોવા મળશે. સની પાજ્જી અને પ્રીતિ ઝિન્ટાની જોડી સ્ક્રિન પર દેખાશે

મુંબઇ

પોતાના અનોખા અને ડાર્ક હ્યુમર માટે જાણીતા ભારતીય કોમેડિયન સમય રૈનાએ સોશિયલ મીડિયા પર ચાહકોને એક મોટી સરપ્રાઈઝ આપી છે. ભૂતકાળમાં ભારે વિવાદોમાં ઘેરાયેલા અને બંધ કરાયેલા શો "ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ" ની બીજી સીઝનની તેણે સત્તાવાર જાહેરાત કરી દીધી છે. સમયે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર 19 જૂનના રોજ એક ખાસ પ્રોમો વીડિયો શેર કરીને આ માહિતી આપી હતી.

આ વખતે શોમાં એક મોટો ફેરફાર જોવા મળશે, કારણ કે નવી સીઝન હવે માત્ર YouTube પર જ નહીં પરંતુ વૈશ્વિક ઓટીટી જાયન્ટ Netflix પર પણ એકસાથે પ્રસારિત કરવામાં આવશે. સમય રૈનાએ શેર કરેલા રમુજી જાહેરાત વીડિયોમાં તે પોતાના સાથી કોમેડિયન મિત્ર બલરાજ સિંહ સાથે જોવા મળે છે. વીડિયોમાં બલરાજ તેને પૂછે છે કે બંને પ્લેટફોર્મના વર્ઝન વચ્ચે શું તફાવત હશે? તેના જવાબમાં સમય સ્પષ્ટતા કરે છે કે કન્ટેન્ટમાં 0% નો તફાવત હશે. બંને પ્લેટફોર્મ પર એક જ દિવસે અને એક જ સમયે સમાન એપિસોડ રિલીઝ થશે.

જોકે, જે યુઝર્સ કોઈપણ પ્રકારની જાહેરાતો વિના સીમલેસ અનુભવ મેળવવા માંગે છે તેઓ તેને Netflix પર જોઈ શકશે, જ્યારે YouTube પર આ શો હંમેશાની જેમ ફ્રી પરંતુ જાહેરાતો સાથે ઉપલબ્ધ રહેશે. નોંધનીય છે કે "ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ" ની પ્રથમ સીઝન જૂન 2024 માં શરૂ થઈ હતી અને તે યુવાનોમાં ભારે લોકપ્રિય બની હતી. જોકે, શો દરમિયાન રણવીર અલ્હાબાદિયા, સમય રૈના અને અપૂર્વ મખીજા સહિતના જજ દ્વારા કરાયેલી કેટલીક વાંધાજનક અને વિવાદાસ્પદ ટિપ્પણીઓને કારણે આખો શો કાનૂની મુશ્કેલીમાં મુકાયો હતો. આ મામલે એફઆઈઆર (FIR) દાખલ થતાં આખરે ફેબ્રુઆરી 2025 માં સમય રૈનાને આ શો સત્તાવાર રીતે બંધ કરવાની ફરજ પડી હતી અને તેના તમામ જૂના એપિસોડ પણ યુટ્યુબ પરથી હટાવી દેવાયા હતા. હવે આશરે 1 વર્ષથી વધુ સમયના લાંબા બ્રેક બાદ સમય રૈના ફરીથી ડિજિટલ સ્ક્રીન ગજવવા માટે તૈયાર છે, જોકે શોની ચોક્કસ રિલીઝ ડેટ હજુ જાહેર કરાઈ નથી. પોતાના અનોખા અને ડાર્ક હ્યુમર માટે જાણીતા ભારતીય કોમેડિયન સમય રૈનાએ સોશિયલ મીડિયા પર ચાહકોને એક મોટી સરપ્રાઈઝ આપી છે.





## સ્લીવલેસ ડ્રેસ પહેરીને ગીત ગાનારી ઇરાની સિંગરની વધી મુશ્કેલી

### ઈરાનમાં સ્ત્રીઓને લઈને કેટલાક આકરા નિયમો બનાવવામાં આવ્યા છે. નિયમનું પાલન ન કરનારાને અમાનવીય સજા આપવામાં આવે છે.


તહેરાન

ઈરાનની જાણીતી સિંગર પરસ્તુ અહમદીને પોતાની પસંદગીના કપડા પહેરીને ગીત ગાવા પર સજા મળી છે. 74 વખત એને ચાબુકથી ફટકારવામાં આવશે, આવી ક્રુર સજા પાછળ એનો દોષ એટલો જ છે કે, તેણે પોતાની પસંદગીના કપડા પહેર્યા હતા. ઈરાનમાં સ્ત્રીઓને લઈને કેટલાક આકરા નિયમો બનાવવામાં આવ્યા છે.નિયમનું પાલન ન કરનારાને અમાનવીય સજા આપવામાં આવે છે. ઈરાનમાં સ્ત્રીઓની સ્વતંત્રતા પર ફરી સવાલ ઊભા થઈ રહ્યા છે. એટલું જ નહીં સિંગરને કોઈપણ ભોગે ઈરાન ન છોડવાના પણ આદેશ આપવામાં આવ્યા છે. આગામી બે વર્ષ સુધી ઈરાન ન છોડવાના આદેશ આપવામાં આવ્યા છે. ઈરાનની કોમ પ્રાંતની કોર્ટે અશ્લીલ કોન્ટેટ ફેલાવવા બદલ દોષિત જાહેર કરી દીધી છે. આ મામલે માનવ અધિકારના કાર્યકર્તાઓનું કહેવું છે કે, પરસ્તુ અહમદીને આપવામાં આવેલી સજા એ વાતનો પુરાવો છે કે, ઈરાનમાં હજુ સુધી કંઈ બદલ્યું જ નથી.આ દેશમાં કોઈ પ્રકાનો બદલાવ આવ્યો નથી. ડીસેમ્બર 2024માં યુટ્યુબ પર એક લાઈવ કોન્સર્ટ કર્યો હતો. જેમાં ઈરાની દેશભક્તિનું ગીત અજ ખુને જવાનાને વતન તેણે લલકાર્યું હતું.આ પર્ફોમન્સ આપતી વખતે તેણે હિજાબ પહેરવાના બદલે સ્લીવલેસ ડ્રેસ પહેર્યો હતો. આ કારણે આ કારણે ઈરાનના રૂઢિચુસ્ત આકાઓ ભડક્યા હતા. આ વિડિયો થોડા સમયમાં વાયરલ થઈ ગયો હતો. લાખો લોકોએ આ વિડિયો જોયો હતો. આ પછી સિંગર સાથે કામ કરનારા કેટલાક લોકોની પણ અમાનવીય રીતે ધરપકડ઼ કરવામાં આવી હતી. એ પછી આ કલાકારોને છોડી દેવાયા અને સિંગરની સામે કાયદેસરની કાર્યવાહી થઈ હગતી. સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સ ઈન ઈરાનના ડાયરેક્ટર બહાર ગંદેહારીએ આ કેસને લઈને પોતાની વાત મૂકી હતી. એમનું એવું કહેવું છે કે,74 વાર ચાબુક મારવાની સજા એ યાદ અપાવે છે કે, ઈરાનમાં માનવાધિકારની સ્થિતિમાં કોઈ પ્રકારનો સુધારો થયો જ નથી. ઈરાન સરકાર ભલે યુદ્ધ દરમિયાન પોતાની છબી સુધારવા માટે એક એજન્ડા અનુસાક કામ કરી રહી હોય પણ ગ્રાઉન્ડ લેવલ પર હકીકત ઘણી અલગ છે.

## આખરે 16 વર્ષ બાદ સ્ક્રિન પર દેખાશે રેંચો, ઓલ ઈઝ વેલ પછી ક્યો મેસેજ આપશે '3 ઈડિયટ્સ'ની સિક્વલ

મુંબઇ

બોલિવૂડની વન ઓફ ધ બિગેસ્ટ બ્લોકબસ્ટર ફિલ્મ '3 ઈડિયટ્સ'ના સીક્વલને લઈને ડાયરેક્ટર રાજકુમાર હિરાણીએ એક મોટું અને રસપ્રદ અપડેટ આપ્યું છે. '3 ઈડિયટ્સ'ની સિક્વલ ફિલ્મમાં પત્ની અને બાળકો સાથે રેંચો જોવા મળશે. આ ફિલ્મમાં લીડ એક્ટર્સની કોઈ કૉલેજ લાઈફની વાત નહીં હોય એવી વાત સામે આવી રહી છે. ફિલ્મનિર્માતા રાજકુમાર હિરાણી અને તેમના રાઈટર અભિજાત જોશી અત્યારે ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. આ સ્ક્રિપ્ટમાં એ બતાવવામાં આવશે કે રેંચો, ફરહાન અને રાજુ 15-20 વર્ષ પછી પોતાની જિંદગીમાં શું કરી રહ્યા છે.ત્રણેય કલાકારોની કૉલેજ પછીની લાઈફની અહીંયા વાત કરવામાં આવી છે. વર્ષ 2009માં આવેલી મૂળ ફિલ્મમાં આમિર ખાન('રેંચો') લદ્દાખમાં શિક્ષક/વૈજ્ઞાનિક બન્યો, આર. માધવન ('ફરહાન') વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર અને શરમન જોશીનો('રાજુ') પોતાની કરિયરમાં સેટલ થઈ ગયો હતો.હવે આ પછીની વાર્તા આ ફિલ્મમાં જોવા મળવાની છે. વિષય શું રહેશે એ અંગે ડાયરેક્ટરે કોઈ પ્રકારની ઝલક જાહેર કરી નથી. રાજકુમાર હિરાણીએ જણાવ્યું કે,હું હજુ પણ એ સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છું, ઘણું કામ બાકી છે.આ પછી બધુ ફાયનલ થશે.આ ફિલ્મ કૉલેજ વિશે બિલકુલ નથી.15-20 વર્ષ પછી આ પાત્રોનું શું થાય છે.એના પર સમગ્ર વાર્તાનું ફોક્સ રહેલું છે. હવે તેઓ પરણિત છે, તેમને બાળકો છે અને તેઓ મિડ-લાઈફ ક્રાઈસિસ માંથી પસાર થઈ રહ્યા છે.હવે આ કિસ્સાઓ ક્યા છે એ ફિલ્મમાં જોવા મળશે. ફિલ્મમાં પણ મેસેજ હશે? શું આ સીક્વલમાં પણ કોઈ મોટો મેસેજ હશે? એવું જ્યારે હિરાણીને પૂછવામાં આવ્યું કે તો તેમણે હસીને કહ્યું, 'બિલકુલ,એક બહુ જ મોટો મેસેજ હશે!', આના પરથી એવું અનુમાન લગાવવામાં આવે છે આ ફિલ્મમાં પેરેન્ટિંગને લઈને કોઈ મોટી વાત હોઈ શકે છે. એવી આશા છે કે આ સીક્વલમાં આમિર ખાન, આર. માધવન, શરમન જોશી અને કરીના કપૂર ખાન પોતાના જૂના રોલમાં પાછા ફરશે.હવે તેમનો અવતાર બદલી ચૂક્યો છે અને તેઓ એક સિનિયર સિટિઝન તરીકે પણ જોવા મળી શકે છે. આ પરથી કેટલાક કિસ્સાઓ પણ કનેક્ટ થઈ શકે છે.



પાક્કો ગુજરાત

રવિવાર । 21 જૂન 2026 । અમદાવાદ

### એક ખેલાડીને ગંભીર ઈજાઓ થતાં સ્ટ્રેચર પર બહાર લઈ જવાયો

# ફિફા વર્લ્ડ કપનું મેદાન બન્યું જંગનું મેદાન: કેનેડા-કતારના ખેલાડીઓ વચ્ચે મારામારી

લખનઉ

ફિફા વર્લ્ડ કપ 2026માં શુક્રવારે એટલે કે 19 જૂનના રોજ કેનેડા અને કતાર વચ્ચે રમાયેલી મેચના અંતમાં બંને ટીમના ખેલાડીઓ વચ્ચે જોરદાર અણબનાવ અને મારામારી જોવા મળી હતી. મેચ દરમિયાન થયેલી હિંસક ટક્કરના કારણે એક ખેલાડીને સ્ટ્રેચર પર મેદાનની બહાર લઈ જવાની ફરજ પડી હતી. વૅન્કૂવરમાં રમાયેલી આ રોમાંચક મેચમાં કેનેડાની ટીમે શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો હતો અને કતાર સામે 6-0થી ભવ્ય જીત મેળવી હતી. જોકે, કેનેડાના સ્ટાર ખેલાડી ઈસ્માઈલ કોને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં આ જીતનો આનંદ થોડો મોળો પડી ગયો હતો. મેચ પૂર્ણ થતાં જ બંને ટીમના ખેલાડીઓ વચ્ચે ઉગ્ર ચર્ચા અને ધક્કા-મુક્કી શરૂ થઈ ગઈ હતી. કતારના આસિમ માદિબોના ખતરનાક ટૅકલ બાદ કેનેડાના મિડફિલ્ડર ઈસ્માઈલ કોનેને સ્ટ્રેચર પર મેદાનની બહાર લઈ જવામાં આવ્યા હતા. આ વિવાદની શરૂઆત મેચ દરમિયાન ઘટેલી એક ઘટનાથી થઈ હતી. કતારના ખેલાડી અસીમ મદીબોના એક આક્રમક ચેલેન્જનો સામનો કરતી વખતે કેનેડાના મિડફિલ્ડર ઈસ્માઈલ કોને ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજા એટલી ગંભીર હતી કે તેઓ મેદાન પર જ ફસડાઈ પડ્યા હતા અને સ્ટાફે તેમને સ્ટ્રેચર પર બહાર લઈ જવા પડ્યા હતા. આ ઘટના બાદ VAR (Video Assistant Referee) સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં મદીબોના આ ફાઉલને ગંભીર ગણીને રેમ્પાર્ટ તરીકે તેમને રેડ કાર્ડ બતાવી મેદાનની બહાર મોકલી દેવાયા હતા. મેચ સત્તાવાર રીતે પૂરી થતાં જ બંને ટીમના ખેલાડીઓ આમને-સામને આવી ગયા હતા અને તેમની વચ્ચે તીખી દલીલો શરૂ



થઈ હતી. મામલો એટલો બિચક્યો કે ખેલાડીઓ એકબીજાને ધક્કા મારવા લાગ્યા હતા. કેનેડાના ખેલાડીઓ મેચ દરમિયાન કતારની ટીમ દ્વારા કરવામાં આવી રહેલા સતત આક્રમક અને જોખમી ટૅકલિંગથી અત્યંત નારાજ હતા, જેના કારણે મેદાન પરનું વાતાવરણ તંગ બની ગયું હતું. સ્થિતિને કાબૂ બહાર જતી જોઈને બંને ટીમના મુખ્ય કોચ જેસી માર્શ અને જુલેન લોપેટગી પણ મેદાનમાં દોડી આવ્યા હતા અને આ ચર્ચામાં સામેલ થયા હતા. આ વિવાદિત અને આક્રમક મેચમાં કતારની ટીમને મળેલા રેડ કાર્ડના કારણે તેઓ અંતમાં માત્ર 9 ખેલાડીઓ સાથે જ રમતા જોવા મળ્યા હતા. બીજા હાફની શરૂઆતમાં જ ઈસ્માઈલ કોને પર જીવલેણ ટૅકલ કરવાના ગુનામાં મેડિબોને રેડ કાર્ડ આપવામાં આવ્યું હતું. કોનેના ડાબા પગના નીચેના ભાગમાં ગંભીર ઈજા થઈ હતી. જ્યારે તેઓ મેદાન પર પીડાથી કણસતા હતા, ત્યારે તેમની ઈજાની ગંભીરતા જોઈને કેનેડાના તમામ ખેલાડીઓ તેમની આસપાસ એકઠા થઈ ગયા હતા. મેદાન પર થયેલી લડાઈ-ઝગડાને બાદ કરીએ તો, આ મુકાબલો કેનેડાની ફૂટબોલ ટીમ માટે ખૂબ જ ઐતિહાસિક સાબિત થયો છે. આ ટીમે ફિફા વર્લ્ડ કપ 2026માં પોતાની પ્રથમ વિજયી શરૂઆત નોંધાવી છે.

## IPL 2027: રિષભ પંતની દિલ્હી કેપિટલ્સમાં 'ઘરવાપસી'

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2027ની આગામી સીઝન પહેલા ક્રિકેટ જગતના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આ સીઝનના પ્રથમ મોટા ટ્રેડિંગ અંતર્ગત લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) તેમના સ્ટાર ખેલાડી રિષભ પંતને તેની જૂની ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ્સ (DC)માં પરત મોકલે તેવા રિપોર્ટ બહાર આવી રહ્યાં છે. આ ડીલના બદલામાં દિલ્હી કેપિટલ્સના ઘાતક બોલર કુલદીપ યાદવ લખનૌની ટીમમાં સામેલ થશે એવી ચર્ચા છે. જોકે આ વિશે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી. મળતી માહિતી મુજબ, વર્ષ 2025ના મેગા ઓક્શનમાં LSGએ રિષભ પંતને INR 27 કરોડની ઐતિહાસિક કિંમતે ખરીદીને આઈપીએલ ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બનાવ્યો હતો. જોકે, હવે આ ટ્રેડ અંતર્ગત પંત INR 15 કરોડની રકમ સાથે દિલ્હી કેપિટલ્સમાં પરત ફરશે. બંને ફ્રેન્ચાઈઝી હાલમાં આ ડીલની અંતિમ ઔપચારિકતાઓ પૂરી કરી રહી છે અને ટૂંક સમયમાં જ તેને મંજૂરી માટે BCCI સમક્ષ મોકલવામાં આવશે એવી ચર્ચા છે. લખનૌ સુપર જાયન્ટ્સ: પંતના જવાથી અને કુલદીપ યાદવ (સેલરી: INR 13.25 કરોડ)ના આવવાથી લખનૌના પર્સમાં INR 13.75 કરોડનો ફાયદો થશે અને આ રકમ તેમની વૉલેટમાં ઉમેરવામાં આવશે. દિલ્હી કેપિટલ્સ: દિલ્હીની ટીમે પંતને INR 15 કરોડ ચૂકવવા માટે પોતાના પર્સમાંથી INR 1.25 કરોડની કપાત કરવી પડશે. રવીન્દ્ર જાડેજા પછી રિષભ પંત આઈપીએલ ઈતિહાસનો બીજો એવો મોટો ખેલાડી બનશે જે ટ્રેડિંગ દરમિયાન પોતાની સેલરીમાં કાપ મૂકવા તૈયાર થયો હોય. અગાઉ IPL 2026 પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સે સંજુ સેમસનના બદલામાં જાડેજાને રાજસ્થાન રોયલ્સ સાથે સ્વેપ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, પંતનો સંપર્ક દિલ્હી ઉપરાંત અન્ય એક ફ્રેન્ચાઈઝીએ પણ કર્યો હતો જે અગાઉ એક કરતાં વધુ વખત આઈપીએલ ટાઈટલ જીતી ચૂકી છે.

### વિરાટ કોહલીની 26મી જૂને ફિટનેસ ટેસ્ટ

## ભારતીય ટીમને મોટો ઝટકો, ઈંગ્લૅન્ડ સામેની શ્રેણીમાંથી હાર્દિક પંડ્યા બહાર

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની વનડે (ODI) સીરિઝ રમી રહી છે, પરંતુ તે પૂરી થાય તે પહેલાં જ આગામી ઈંગ્લૅન્ડ પ્રવાસને લઈને મોટા અહેવાલો સામે આવ્યા છે. ભારતી ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત હોવાના કારણે ઈંગ્લૅન્ડ સામેની આગામી સીરિઝમાંથી બહાર થઈ ગયો છે. બીજી તરફ, વિરાટ કોહલીની પસંદગી પણ તેના ફિટનેસ ટેસ્ટના પરિણામ પર નિર્ભર રહેશે. હાર્દિક પંડ્યા સંપૂર્ણ સીરિઝમાંથી બહાર અહેવાલો અનુસાર, ઈજાગ્રસ્ત હાર્દિક પંડ્યાને અફઘાનિસ્તાન સામેની વનડે સીરિઝમાં પણ સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ ફિટનેસ સમસ્યાઓના કારણે તે એક પણ મેચ રમી શક્યો



નથી. હવે તે ઈંગ્લૅન્ડ પ્રવાસ સુધી પણ રિકવર થઈ શકે તેમ ન હોવાથી, તેને આ મહત્ત્વપૂર્ણ સીરિઝમાંથી બહાર રાખવાનો નિર્ણય લેવાયો છે. IPLની આ સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બૅંગ્લોર(RCB)ને સતત બીજી વખત ચેમ્પિયન બનાવવામાં વિરાટ કોહલીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી અને ફાઈનલમાં શાનદાર અડધી સદી ફટકારી હતી. જોકે, આ દરમિયાન તેને હેમસ્ટ્રિંગની ઈજા થઈ હતી, જેના કારણે તે અફઘાનિસ્તાન સામેની વનડે સીરિઝ રમી શક્યો નથી. કોહલી હાલ રમતથી દૂર છે અને આગામી 26મી જૂને ઈંગ્લૅન્ડમાં જ તેમનો ફિટનેસ ટેસ્ટ થશે. જો વિરાટ આ ટેસ્ટ પાસ કરશે, તો જ તેને ઈંગ્લૅન્ડ સામેની સીરિઝ માટે ટીમમાં પસંદ કરવામાં આવશે. આવું છે ઈંગ્લૅન્ડ પ્રવાસનું શેડ્યૂલ ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેનો પ્રવાસ પહેલી જુલાઈથી શરૂ થશે.

## ભારતે અફઘાનિસ્તાનને 9 વિકેટથી હરાવ્યું:સિરીઝ 3-0થી જીતી

### ત્રીજી વન-ડેમાં જયસ્વાલની સેન્ચુરી, રોહિતની ફિફ્ટી, પ્રસિદ્ધની 5 વિકેટ

લંડન

ભારતે અફઘાનિસ્તાનને ત્રીજી વન-ડેમાં 9 વિકેટથી હરાવ્યું. આ સાથે જ ટીમે ક્લીન સ્વીપ કરીને સિરીઝ 3-0થી પોતાના નામે કરી લીધી છે. ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં અફઘાનિસ્તાને ભારતને 220 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ભારતે 28.4 ઓવરમાં એક વિકેટ ગુમાવીને 224 રન બનાવી જીત મેળવી લીધી. યશસ્વી જયસ્વાલે પોતાની કરિયરની બીજી વન-ડે સેન્ચુરી ફટકારતા 110* રન બનાવ્યા, જેમાં તેણે 14 ચોગ્ગા અને 3 સિક્સર પણ ફટકારી. રોહિત શર્માએ 79 રનની ઈનિંગ્સ રમી, જેમાં 9 ચોગ્ગા અને 3 સિક્સર સામેલ હતી. બંનેએ પહેલી વિકેટ માટે 170 રન જોડીને જીતનો પાયો નાખ્યો હતો. શ્રેયસ અય્યર 20 રન બનાવીને અણનમ પરત ફર્યો. આ પહેલા અફઘાનિસ્તાનના કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીએ વન-ડે કરિયરની



પહેલી સદી ફટકારતા 102 રન બનાવ્યા હતા. ઓમરઝઈએ 50 રનની ઈનિંગ્સ રમી હતી. અફઘાનિસ્તાનની ટીમ 49.3 ઓવરમાં 219 રન પર સમેટાઈ ગઈ હતી. ભારત તરફથી પ્રસિદ્ધ ક્રિષ્નાએ ઘાતક બોલિંગ કરતા 5 વિકેટ ઝડપી હતી. ગુરનૂર બરાર, હર્ષ દુબે અને પ્રિન્સ યાદવને એક-એક સફળતા મળી. ભારતે ત્રીજી વન-ડેમાં અફઘાનિસ્તાનને 9 વિકેટથી હરાવીને શાનદાર જીત નોંધાવી છે. 219 રનના ટાર્ગેટને ચેઝ કરતા ભારતે માત્ર 28.4 ઓવરમાં 224/1 રન બનાવીને મેચ પોતાના નામે કરી લીધી. જીતનો હીરો યશસ્વી જયસ્વાલ રહ્યા, જેણે નોટઆઉટ સેન્ચુરી ઈનિંગ્સ રમી હતી. તેણે મોહમ્મદ નબીના બોલ પર સિક્સર ફટકારીને પોતાની સેન્ચુરી પૂરી કરી અને પછી એ જ ઓવરમાં ચોગ્ગો અને સિક્સર ફટકારીને મેચ પૂરી કરી દીધી. યશસ્વી જયસ્વાલે 83 બોલમાં પોતાની સેન્ચુરી પૂરી કરી લીધી છે. તેણે 28.1 ઓવરમાં મોહમ્મદ નબીના બોલ પર શાનદાર સિક્સર ફટકારીને આ સેન્ચુરી પૂરી કરી. ભારતને 22.5 ઓવરમાં પહેલો ઝટકો લાગ્યો છે. રોહિત શર્મા 79 રન બનાવીને આઉટ થઈ ગયો. મોહમ્મદ નબીના થોડા શોર્ટ બોલ પર રોહિતે પુલ શોટ રમવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બોલ બેટ પર સરખી રીતે આવ્યો નહીં અને સીધો ડીપ મિડવિકેટ પર ઉભેલા સબસ્ટિટ્યુટ ફીલ્ડર સેદિકુલ્લાહ અટલના હાથમાં ચાલ્યો ગયો. આઉટ થયા પછી રોહિત ખૂબ જ નિરાશ દેખાયો, કારણ કે તે પોતાની સેન્ચુરી તરફ આગળ વધી રહ્યો હતો. રોહિતે 69 બોલની પોતાની ઈનિંગ્સમાં 9 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા. ભારત જીતની ખૂબ જ નજીક પહોંચી ગયું છે. 21 ઓવર પછી ટીમનો સ્કોર કોઈ પણ નુકસાન વિના 153 રન છે. રોહિત શર્મા 62 બોલમાં 65 રન અને યશસ્વી જયસ્વાલ 66 બોલમાં 75 રન બનાવીને ક્રિઝ છે. રોહિત શર્માએ 15.2 ઓવરમાં રાશિદ ખાનના બોલ પર ચોગ્ગો ફટકારીને પોતાની ફિફ્ટી પૂરી કરી. લેગ સ્ટમ્પ પર નાખેલા બોલને રોહિતે શાનદાર સ્વીપ શોટ રમતા બાઉન્ડરી લાઈનને પાર પહોંચાડ્યો. આ તેના વન-ડે કરિયરની 62મી ફિફ્ટી હતી, જે તેણે 47 બોલમાં પૂરી કરી.



### ઈરાન યુદ્ધ પછી નિર્ણય; 17.5 લાખ મેટ્રિક ટન સ્ટોરેજ થશે

# ₹15000 કરોડના ખર્ચે ઇમરજન્સી ઓઇલ રિઝર્વ બનશે

મુંબઈ

અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન સર્જાયેલી ઓઈલ કટોકટી પછી કેન્દ્ર સરકારે નવો ઈમરજન્સી ઓઈલ રિઝર્વ બનાવવાનો નિર્ણય લીધો છે. આ રિઝર્વ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) બનાવશે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, આ સમગ્ર પ્રોજેક્ટમાં આશરે 15,000 કરોડના ખર્ચનો અંદાજ છે. આ ભૂગર્ભ ઈમરજન્સી ઓઈલ ભંડાર કર્ણાટકના મેંગલુરુમાં બનાવવામાં આવશે. તેમાં 17.5 લાખ મેટ્રિક ટન ઓઈલ રાખી શકાશે. હાલમાં ભારતની કુલ વ્યૂહાત્મક ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા 53.3 લાખ મેટ્રિક ટન એટલે કે લગભગ 3.9 કરોડ બેરલ છે, જેનો ઉપયોગ યુદ્ધ અથવા ઓઈલ કટોકટી જેવી કટોકટીની પરિસ્થિતિઓમાં થાય




છે. ભારત દરરોજ લગભગ 50 લાખ બેરલ ઓઈલનો વપરાશ કરે છે, તેથી, આ રિઝર્વ દેશની જરૂરિયાતો લગભગ 8-9 દિવસ સુધી પૂરી કરી શકે છે. 1.75 મિલિયન મેટ્રિક ટન એટલે કે 1.28 લાખ બેરલના નવા વ્યૂહાત્મક ઓઈલ ભંડારનો પ્રોજેક્ટ પૂર્ણ થવા પર, આ ક્ષમતા લગભગ 33% વધી જશે. પેટ્રોલિયમ રિઝર્વ એટલે ક્રૂડ ઓઈલ અથવા પેટ્રોલ-ડીઝલનો સ્ટોક, જેને કોઈ દેશ ભવિષ્યના પુરવઠા માટે સાચવીને રાખે છે.આને પેટ્રોલિયમની તિજોરીની જેમ સમજો. આને સરકાર દ્વારા ઈમરજન્સી માટે રાખવામાં આવે છે. તેનો ઉપયોગ સામાન્ય દિવસોમાં થતો નથી. યુદ્ધ, ઓઈલ સંકટ કે સપ્લાય અટકી જવા પર જ તેનો ઉપયોગ થાય છે. મેંગલોર, પાદુર અને વિશાખાપટ્ટનમમાં ભારતના 3 સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ છે. જ્યાં જમીનની નીચે મોટા ગુફા જેવા ટેન્કોમાં ઓઈલ રાખવામાં આવે છે. ઈન્ડિયન ઓઈલ જેવી ઓઈલ કંપનીઓ પોતાની પાસે કોમર્શિયલ સ્ટોક રાખે છે, જેથી પેટ્રોલ પંપો પર સપ્લાય જળવાઈ રહે. આ રોજિંદી જરૂરિયાતો માટે હોય છે. આ મોટાભાગે જમીન ઉપર મોટા ટેન્કોમાં રાખવામાં આવે છે.

### સેબીની બોર્ડ મીટિંગમાં મહત્વના નિર્ણયો લેવાયા

# શેરોના ફરી ઓપન માર્કેટ થકી બાયબેકને સેબીની મંજૂરી

મુંબઈ

ઓપન માર્કેટમાંથી શેરોના બાયબેકને ફરીથી દાખલ કરવાના પ્રસ્તાવને મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ મંજૂરી આપી છે. આ માર્ગે બાયબેક ૧લી ઓગસ્ટ થી અમલી બનશે એમ સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ સેબીની બોર્ડ મીટિંગ બાદ જણાવ્યું હતું. હાલમાં, કંપનીઓને ટેન્ડર ઓફર દ્વારા શેરોનું બાયબેક કરવાની પરવાનગી છે, જ્યાં શેરધારકો પ્રપોર્શનેટલી-પ્રમાણસર રીતે ભાગ લે છે અથવા ઓડ-લોટ બાયબેક અને અન્ય માળખાગત માર્ગો દ્વારા બાયબેકમાં જોડાય છે. જો કે, સ્ટોક એક્સચેન્જ દ્વારા ઓપન માર્કેટ મેકેનિઝમ, બિનકાર્યક્ષમતા અને સમાન ભાગીદારીના અભાવને કારણે અગાઉ તબક્કાવાર રીતે આ માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. ઓપન માર્કેટ રૂટ સામાન્ય રીતે કંપનીઓને ચોક્કસ સમયગાળા




દરમિયાન સેકન્ડરી માર્કેટમાંથી સીધા શેર ખરીદવાની મંજૂરી આપે છે, જે અમલીકરણ અને સમયમાં સુગમતા પ્રદાન કરે છે. અલબત ઐતિહાસિક રીતે બધા શેરધારકોને ભાગીદારીને ગેરંટી ન આપવા અને કંપનીઓને બજાર ભાવોને પ્રભાવિત કરવા સક્ષમ બનાવવા બદલ તેની ટીકા કરવામાં આવી હતી. નવા નિયમ હેઠળ, ઓપન માર્કેટ બાયબેક સમયગાળાની મર્યાદા ૬૦ દિવસની રહેશે અને ઓછામાં ઓછા ૪૦ ટકા ફંડનો ઉપયોગ કરવો પડશે. કંપનીઓ દ્વારા શેરધારકોને સરપ્લસ કેશ પરત કરવા, શેર દીઠ કમાણી સુધારવા અને ભવિષ્યની સંભાવનાઓમાં વિશ્વાસ દર્શાવવા માટે મૂડી ફાળવણીના સાધન તરીકે બાયબેકનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. ઓપન માર્કેટ રૂટની ગેરહાજરીમાં મર્યાદિત અમલીકરણ વિકલ્પો છે, ખાસ કરીને એવી કંપનીઓ માટે જે નિશ્ચિત ટેન્ડર ઓફર કરવાને બદલે સમય જતાં ખરીદીને તબક્કાવાર કરવા માંગે છે. સેબીએ જણાવ્યું હતું કે, સ્ટોક એક્સચેન્જ રૂટ દ્વારા ઓપન માર્કેટ બાયબેક હાલના બાયબેક ફ્રેમવર્ક હેઠળ વધારાના વિકલ્પ તરીકે રહેશે. સેબીએ કરવેરા માળખામાં અનુગામી ફેરફારોએ વિવિધ બાયબેક પદ્ધતિઓ વચ્ચેની અગાઉની અસમાનતાને દૂર કરી છે.

### પાંચ વર્ષના બોન્ડ યીલ્ડ 6.50%ની આસપાસ રહી શકે છે

# RBIના કડક પગલાંથી બોન્ડ માર્કેટની ગતિ ધીમી પડે તેવી વકી

### સરકાર દ્વારા વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે લેવામાં આવેલા તાજેતરના નિર્ણયોને પગલે બોન્ડ માર્કેટમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે

મુંબઈ

સરકાર દ્વારા વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે લેવામાં આવેલા તાજેતરના નિર્ણયોને પગલે બોન્ડ માર્કેટમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. ટૂંકા ગાળાના સરકારી બોન્ડની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. જોકે, નિષ્ણાતો કહે છે કે આ ઉછાળો લાંબો સમય ટકી શકશે નહીં, કારણ કે રિઝર્વ બેંક ટૂંક સમયમાં બજારમાંથી વધારાનું ભંડોળ પાછું ખેંચી શકે છે.

ખરેખર, ૫ જૂને, સરકારે વિદેશી રોકાણકારો માટે બોન્ડ રોકાણ હળવું કર્યું. આ પછી, વિદેશી રોકાણ વધ્યું, અને પાંચ વર્ષના સરકારી બોન્ડ પર ઉપજ ઘટીને ૬.૪૯% થઈ ગયો. ઉપજ ઘટવાનો અર્થ બોન્ડના ભાવમાં વધારો થાય છે.

પરંતુ હવે, રિઝર્વ બેંકની ફુગાવા અંગે ચિંતા વધી રહી છે. પરિણામે, તે બેંકિંગ સિસ્ટમમાં વધારાની તરલતા ઘટાડવા માટે પગલાં લઈ શકે છે. એવું માનવામાં આવે છે કે આગામી મહિનાઓમાં સિસ્ટમમાં વધારાની તરલતા રૂ. ૮ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. ટૂંકા ગાળાના બોન્ડમાં હવે વધારે ઉછાળા માટે કોઈ જગ્યા નથી. જો રિઝર્વ બેંક લિક્વિડિટી ઘટાડવા અથવા બેંકો માટે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) વધારવા માટે પગલાં લે છે, તો બજારમાં વધારાનું નાણું ઘટશે.

નિષ્ણાતો માને છે કે રિઝર્વ બેંક રિવર્સ રેપો જેવા પગલાં દ્વારા




બજારમાંથી પૈસા ઉપાડી શકે છે. આનાથી પાંચ વર્ષના બોન્ડ યીલ્ડ ૬.૫૦%ની આસપાસ રહી શકે છે. હાલમાં, બેંકિંગ સિસ્ટમમાં રોકડ સરપ્લસ ઘટીને રૂ. ૨૯,૪૦૦ કરોડની આસપાસ થઈ ગઈ છે, પરંતુ સરકારી ખર્ચ અને રિઝર્વ બેંક ડિવિડન્ડ ચુકવણીને કારણે મહિનાના અંત સુધીમાં રોકડ ફરી વધી શકે છે. દરમિયાન, ફુગાવો ચિંતાનો વિષય છે. મે મહિનામાં જથ્થાબંધ ફુગાવાનો દર ૯.૬૮% રહ્યો હતો. નબળા ચોમાસાની અપેક્ષાઓ પણ ભાવ દબાણમાં વધારો કરી શકે છે. આ કારણોસર, કેટલાક નિષ્ણાતો માને છે કે રિઝર્વ બેંક આ વર્ષના અંતમાં વ્યાજ દરો વધારવાનું વિચારી શકે છે. સરકાર દ્વારા વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે લેવામાં આવેલા તાજેતરના નિર્ણયોને પગલે બોન્ડ માર્કેટમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. ટૂંકા ગાળાના સરકારી બોન્ડની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. જોકે, નિષ્ણાતો કહે છે કે આ ઉછાળો લાંબો સમય ટકી શકશે નહીં, કારણ કે રિઝર્વ બેંક ટૂંક સમયમાં બજારમાંથી વધારાનું ભંડોળ પાછું ખેંચી શકે છે.

ખરેખર, ૫ જૂને, સરકારે વિદેશી રોકાણકારો માટે બોન્ડ રોકાણ હળવું કર્યું. આ પછી, વિદેશી રોકાણ વધ્યું, અને પાંચ વર્ષના સરકારી બોન્ડ પર ઉપજ ઘટીને ૬.૪૯% થઈ ગયો. ઉપજ ઘટવાનો અર્થ બોન્ડના ભાવમાં વધારો થાય છે. પરંતુ હવે, રિઝર્વ બેંકની ફુગાવા અંગે ચિંતા વધી રહી છે. પરિણામે, તે બેંકિંગ સિસ્ટમમાં વધારાની તરલતા ઘટાડવા માટે પગલાં લઈ શકે છે. એવું માનવામાં આવે છે કે આગામી મહિનાઓમાં સિસ્ટમમાં વધારાની તરલતા રૂ. ૮ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. ટૂંકા ગાળાના બોન્ડમાં હવે વધારે ઉછાળા માટે કોઈ જગ્યા નથી. જો રિઝર્વ બેંક લિક્વિડિટી ઘટાડવા અથવા બેંકો માટે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) વધારવા માટે પગલાં લે છે, તો બજારમાં વધારાનું નાણું ઘટશે.

# આ અઠવાડિયે સોના-ચાંદીમાં ઘટાડો રહ્યો

- **ચાંદીની કિંમત ₹10609 ઘટીને ₹2.32 લાખ પ્રતિ કિલો થઈ, સોનું ₹2830 સસ્તું થઈને ₹1.45 લાખ થયું**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,830 રૂપિયા ઘટીને 1.45 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 13 જૂને 1.48 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.43 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.32 લાખ રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે તેની કિંમત 10,609 રૂપિયા સસ્તી થઈ. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 31 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં 142 દિવસમાં ચાંદી 1.54 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. યુએસ-ઈરાન કરાર: અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર થયા છે. આના કારણે પશ્ચિમ એશિયામાં યુદ્ધનું જોખમ ઓછું થયું, જેના કારણે રોકાણકારોએ સોના-ચાંદી જેવા 'સુરક્ષિત રોકાણ'માંથી પોતાના પૈસા કાઢવાનું શરૂ કરી દીધું. યુએસ ફેડરલ રિઝર્વનો અભિગમ: ફેડરલ રિઝર્વે હાલમાં સંકેત આપ્યા છે કે તે આ વર્ષે વ્યાજ દરોમાં ઘટાડો કરવાને બદલે તેમને વધારી શકે છે. વ્યાજ દરો વધવાની અપેક્ષાથી સોના જેવી વ્યાજ વગરની ધાતુની ચમક ઓછી થઈ જાય છે.

# લાઈટના થાંભલા વળી ગયા પણ સાહેબોની આંખો ન ઊઘડી...! :

# સ્ટ્રીટ લાઈટ ફરતે ગેરકાયદે બાંધકામના પાપે TDO ઇન્સ્પેક્ટર ભેરવાયા



## જનતાની માંગ છે કે આવા બેદરકાર અધિકારીઓને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવે અને એ ગેરકાયદે બાંધકામ પર ત્વરિત બુલડોઝર ફેરવી દેવામાં આવે

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદમાં ગેરકાયદે બાંધકામ કરનારા ભૂમાફિયાઓ અને ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતનો વધુ એક જીવતો-જાગતો પુરાવો કુબેરનગર વિસ્તારમાંથી સામે આવ્યો છે. કુબેરનગર જી વોર્ડમાં એક આખેઆખા સ્ટ્રીટ લાઈટના સરકારી થાંભલાને જ ગળી જઈને તેની આસપાસ પાકું ગેરકાયદે બાંધકામ ખડકી દેવાનો કારસો રચાયો હતો. આ ગંભીર બેદરકારી સામે આવતા જ આખરે ઉચ્ચ તંત્ર સફાળું જાગ્યું છે. હવે આ સમગ્ર કૌભાંડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ટીડીઓ (Town Development Officer) ઈન્સ્પેક્ટરની ગરદન ફસાઈ છે અને તેમની પાસેથી ૭ દિવસની અંદર આ મામલે લેખિતમાં ખુલાસો માંગવામાં આવ્યો છે.

રોડ પરનો સરકારી થાંભલો પ્રાઈવેટ પ્રોપર્ટી બની ગયો?

કુબેરનગર વિસ્તારમાં જે સ્ટ્રીટ લાઈટનો થાંભલો જાહેર જનતા માટે રોડ પર રોશની આપવાનું કામ કરતો હતો, તેની આજુબાજુ કોઈ પણ પ્રકારના ડર વગર ગેરકાયદે દીવાલો ચણી દેવામાં આવી. તંત્રના નિયમોના ધજાગરા ઉડાવીને આ સરકારી સંપત્તિને પોતાની જાગીર સમજીને બાંધકામમાં વણી લેવામાં આવી હતી. નવાઈની વાત એ છે કે આટલું મોટું બાંધકામ થઈ ગયું, છતાં સ્થાનિક વોર્ડના જવાબદાર અધિકારીઓ ઘોરતા રહ્યા! કાં તો આ અધિકારીઓ અંધારામાં હતા અથવા તો 'ગાંધીછાપ'ની ચમક પાછળ આંખો મીંચીને બેઠા હતા, તેવા ગંભીર સવાલો જનતા પૂછી રહી છે.

આ ગેરકાયદે બાંધકામનો મામલો મીડિયા અને ઉચ્ચ સ્તરે ગાજ્યા બાદ એ.એમ.સી. (AMC) ના ઉચ્ચ અધિકારીઓએ આકરી કડકાઈ બતાવી છે. વિસ્તારની સુરક્ષા અને કાયદાની જવાબદારી જેના શિરે હતી, તે જી વોર્ડના ટીડીઓ ઈન્સ્પેક્ટરને કારણદર્શક નોટિસ ફટકારી દેવામાં આવી છે. તેમને સાફ શબ્દોમાં અલ્ટીમેટમ અપાયું છે કે, ૭ દિવસની અંદર આ બાબતનો ખુલાસો રજૂ કરો. તમારી નજર સામે આ સરકારી થાંભલાની આસપાસ બાંધકામ કેવી રીતે થઈ ગયું? જો સમયસર સંતોષકારક જવાબ નહીં મળે, તો આ આળસુ અધિકારી પર કાયદાનો કોરડો વીંઝાશે તે નક્કી છે.

પ્રજાના ટેક્સના પૈસાનું નિકંદન કાઢતા અધિકારીઓ સામે ક્યારે સસ્પેન્શનના હથિયાર ઉગામાશે?

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સવાલ ઉઠાવે છે કે, જ્યારે સામાન્ય નાગરિક પોતાના ઘરમાં એક નાની બારી કે ઓટલો પણ મંજૂરી વગર બનાવે તો કોર્પોરેશનનું બુલડોઝર બીજા જ દિવસે પહોંચી જાય છે. તો પછી કુબેરનગરમાં આખો સરકારી થાંભલો બાંધકામની અંદર પુરાઈ ગયો ત્યાં સુધી કઈ 'લિંક' કામ કરી રહી હતી? માત્ર ખુલાસા માંગવાથી આ દૂષણ બંધ નહીં થાય.

જનતાની માંગ છે કે આવા બેદરકાર અધિકારીઓને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવે અને એ ગેરકાયદે બાંધકામ પર ત્વરિત બુલડોઝર ફેરવી દેવામાં આવે. હવે જોવાનું એ રહે છે કે ૭ દિવસની મુદતમાં ઈન્સ્પેક્ટર સાહેબ કેવું 'બહાનુ' કાઢે છે, કે પછી તંત્ર આ મામલે કડક દાખલો બેસાડતી કાર્યવાહી કરે છે.

---

કાંકરિયા લેકફ્રન્ટમાં સિક્યુરિટીવાળા જ બાખડ્યા

## સુપરવાઈઝર અને ઇન્ચાર્જ વચ્ચે જાહેરમાં ઉગ્ર ડખ્ખો : વીડિયો વાયરલ

અમદાવાદ



અમદાવાદનું શાન ગણાતું અને હજારો મુલાકાતીઓથી ઉભરાતું કાંકરિયા લેકફ્રન્ટ આજે એક હાઈવોલ્ટેજ ડ્રામાનું કેન્દ્ર બન્યું છે. કાંકરિયા પરિસરની સુરક્ષાની જવાબદારી જેમના માથે છે, તેવા સિક્યુરિટી સુપરવાઈઝર અને સિક્યુરિટી ઈન્ચાર્જ વચ્ચે જાહેરમાં જ ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થતો હોવાનો એક ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. લડાઈ એટલી હદે વણસી હતી કે ત્યાં હાજર સહેલાણીઓમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ સર્જાયો હતો. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આ સિક્યુરિટીના બે ઉચ્ચ હોદ્દેદારો વચ્ચે કોઈ સરકારી કે સુરક્ષાના મુદ્દે નહીં, પરંતુ એક મહિલા સિક્યુરિટી ગાર્ડને મેસેજ કરવા બાબતે મામલો બિચક્યો હતો. મેસેજ કરવાના અંગત મુદ્દે બંને અધિકારીઓ ભાન ભૂલ્યા હતા અને કાંકરિયા જેવા જાહેર સ્થળે, જ્યાં સેંકડો પરિવારો ફરવા આવે છે ત્યાં જ એકબીજા પર તાડૂક્યા હતા અને ગંદી ગાળાગાળી પર ઉતરી આવ્યા હતા. આ ઘટનાનો વીડિયો કોઈ મુલાકાતીએ કેમેરામાં કેદ કરી લેતા તે વાયરલ થયો છે. વીડિયોમાં બંને જવાબદારો જાહેરમાં કાયદાના લીરેલીરા ઉડાડતા દેખાઈ રહ્યા છે. જે લોકો પર લાખો મુલાકાતીઓની સુરક્ષાનો દારોમદાર છે, તેઓ જ આ રીતે લફરાબાજી અને અંગત અદાવતમાં જાહેરમાં તમાશો કરે તો સામાન્ય જનતાએ કોના ભરોસે રહેવું?

---

ડ્રોન, લાઈવ સીસીટીવી અને એસ્કોર્ટ બંદોબસ્ત સાથે સુરક્ષાનો લોખંડી કિલ્લો તૈયાર

## NEET પરીક્ષાને લઈને અમદાવાદ પોલીસ સુપર એક્શન મોડમાં

વિધાર્થીઓને કેન્દ્ર પર પહોંચવામાં કોઇ તકલીફ ન પડે અને ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય તે માટે ટ્રાફિક પોલીસને પણ ખાસ એક્શન પ્લાન સાથે રોડ પર ઉતારવામાં આવી છે

અમદાવાદ

સમગ્ર દેશમાં સૌથી પ્રતિષ્ઠિત અને મહત્વની ગણાતી NEET (મેડિકલ પ્રવેશ પરીક્ષા) ને લઈને અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણ રીતે સજ્જ અને એલર્ટ બની ગઈ છે. લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી આ પરીક્ષા કોઈ પણ પ્રકારની ગેરરીતિ વિના અને એકદમ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા સુરક્ષાનો અભેદ્ય કિલ્લો તૈયાર કરવામાં આવ્યો છે. ચુસ્ત બંદોબસ્ત એવો ગોઠવાયો છે કે ક્યાંય એક ચકલો પણ ન મારી શકે!

પરીક્ષા દરમિયાન કોઈ પણ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પોલીસ કમિશનર કચેરીના મુખ્ય કંટ્રોલ રૂમથી શહેરના તમામ પરીક્ષા કેન્દ્રો પર સેકન્ડે-સેકન્ડની નજર રાખવામાં આવશે.

શહેરના કુલ ૨૩ પરીક્ષા કેન્દ્રોની આસપાસ આવેલા સીસીટીવી (CCTV) કેમેરાનું સીધું લાઈવ મોનિટરિંગ કંટ્રોલ રૂમથી કરવામાં આવશે.



મુવિંગ કેમેરા અને ડ્રોન કમાન્ડ: પરીક્ષા કેન્દ્રોની બહાર ખાસ મુવિંગ સીસીટીવી કેમેરા તૈનાત કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ની કડક ગાઈડલાઈન મુજબ, ૮ હાઈટેક ડ્રોન કેમેરા હવામાં ઉડાડીને સમગ્ર વિસ્તાર પર બાજ નજર રાખવામાં આવશે.

આ ભવ્ય સુરક્ષા વ્યવસ્થાને સંભાળવા માટે અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ મેદાનમાં ઉતર્યા છે. બંદોબસ્તમાં ૬ ડીસીપી (DCP) અને ૧૫ પીઆઈ (PI) સહિતનો વિશાળ પોલીસ સ્ટાફ સતત કાર્યરત રહેશે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેરના ૧૫ પોલીસ સ્ટેશન અને ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રૂપે ચાલે તે માટે ૧૪ ટ્રાફિક પોલીસ સ્ટેશનના સ્ટાફને સ્પેશિયલ ડ્યુટી સોંપવામાં આવી છે. પરીક્ષાના અતિ ગોપનીય એવા પ્રશ્નપત્રોને લોકરથી લઈને પરીક્ષા કેન્દ્રો સુધી સહીસલામત પહોંચાડવા માટે ખાસ પોલીસ એસ્કોર્ટ અને લોખંડી બંદોબસ્ત તૈનાત કરી દેવાયો છે.

અમદાવાદ શહેરના જુદા જુદા ૨૩ કેન્દ્રો પર આ વર્ષે કુલ ૧૦,૪૪૫ જેટલા વિદ્યાર્થીઓ NEET ની પરીક્ષા આપવાના છે. વિદ્યાર્થીઓને કેન્દ્ર પર પહોંચવામાં કોઈ તકલીફ ન પડે અને ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય તે માટે ટ્રાફિક પોલીસને પણ ખાસ એક્શન પ્લાન સાથે રોડ પર ઉતારવામાં આવી છે.


અમદાવાદ પોલીસની આ કડક સજ્જતા જોઈને સ્પષ્ટ થાય છે કે, પરીક્ષામાં પારદર્શિતા રાખવા અને વિદ્યાર્થીઓને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડવા માટે તંત્રએ કોઈ કસર બાકી રાખી નથી.

---

સ્માર્ટ સિટી અમદાવાદનું વરવું ચિત્ર

## બહેરામપુરામાં ગંદકીનું સામ્રાજ્ય, તંત્ર ક્યારે જાગશે?

અમદાવાદ



સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત અને સ્માર્ટ સિટી અમદાવાદના દાવાઓ વચ્ચે શહેરના જ એક વિસ્તારમાંથી ચોંકાવનારી હકીકત સામે આવી છે. દાણીલીમડા વોર્ડમાં આવેલા બહેરામપુરા મ્યુનિસિપલ પબ્લિક હેલ્થ ક્વાર્ટર્સની દશા જોઈને તંત્રની પોકળ વાતોની પોલ ખુલી ગઈ છે. લીલાધર ભટ્ટ હોલની બાજુમાં અને બહેરામપુરા પોસ્ટ ઓફિસ પાસે આવેલા પબ્લિક ટોયલેટની હાલત અત્યંત દયનીય અને ગંભીર બની ગઈ છે. અહીંના શૌચાલયના માર્ગો, ટાઈલ્સ અને દરવાજા સદંતર તૂટી ગયા છે. શૌચાલય ગંદકીથી ઉભરાઈ રહ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ અને નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ ભયાનક ગંદકીના કારણે સ્થાનીક અરજદારો અને રહીશોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. ગંદકીના સામ્રાજ્યને લીધે વિસ્તારમાં ઘરે-ઘરે લોકો બીમાર પડી રહ્યા છે અને રોગચાળો ઝડપથી ફેલાઈ રહ્યો છે.

સ્થાનિક લોકોનો આક્રોશ છે કે જો આ ગંદકીના કારણે આગામી સમયમાં કોઈ મોટી મહામારી ફેલાશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનના બેદરકાર અધિકારીઓની રહેશે.

---

અમદાવાદમાં જમીન હડપવાનું મહાકૌભાંડ

## ખેડૂતોની જમીન પર ત્રાટક્યા ભૂમાફિયાના એજન્ટો : AMCના નકલી અધિકારી બની ખેલાયો ખતરનાક ખેલ!

આ ઘટનાએ લાલબત્તી ધરી દીધી છે કે અમદાવાદની આસપાસ આવેલી કરોડો-અબજોની ખેતીની જમીનો હવે સુરક્ષિત નથી

અમદાવાદ

અમદાવાદના લીલાપુર વિસ્તારમાં સનસનાટી મચાવી દે તેવો અને ખેડૂતોની ઊંઘ ઉડાડી દેતો એક ભયાનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જમીનોના કરોડો રૂપિયાના ભાવ સાંભળીને લાળ ટપકાવતા ભૂમાફિયાઓએ હવે ખેડૂતોને લૂંટવા માટે નવો અને ઘાતક પેંતરો અજમાવ્યો છે. લીલાપુરમાં ખેડૂતોની કિંમતી જમીનો હડપ કરવા માટે ભૂમાફિયાના એજન્ટો સીધા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના નકલી અધિકારીઓ બનીને ત્રાટક્યા હોવાનો સનસનાટીભર્યો આરોપ લાગ્યો છે.

મળતી વિગતો મુજબ, આ હાઈટેક ભૂમાફિયાઓએ ખેડૂતોને ડરાવવા અને છેતરવા માટે પૂરેપૂરું પ્લાનિંગ કર્યું હતું. તેઓ AMCના ઉચ્ચ અધિકારીઓ હોવાનો ડોળ કરીને ફરતા હતા. નકલી ઓળખપત્રો (ID Cards) અને સરકારી કાગળો જેવા જ દેખાતા તદ્દન ખોટા દસ્તાવેજો ઉભા કરીને તેમણે ભોળા ખેડૂતોની જમીનો સંબંધિત મોટી ગેરરીતિઓ આચરવાનો આક્રમક પ્રયાસ કર્યો હતો. ખેડૂતો સરકારી પ્રક્રિયાના નામે ડરી જાય અથવા સહીઓ કરી દે, તેવો આ આખો કારસો હતો.

આ ઘટનાએ લાલબત્તી ધરી દીધી છે કે અમદાવાદની આસપાસ આવેલી કરોડો-અબજોની ખેતીની જમીનો હવે સુરક્ષિત નથી. AMCના નામે નકલી અધિકારીઓ બનીને લોકોના ખેતરો સુધી પહોંચી જવાની હિંમત આ એજન્ટોમાં આવી ક્યાંથી? આની પાછળ કયા મોટા માથાઓનો હાથ છે? પાયા વગરના કાગળો બનાવીને ખેડૂતોને કાયદાકીય ગૂંચવણમાં ફસાવી દેવાનું આ બહુ મોટું આંતરરાષ્ટ્રીય કક્ષાનું કૌભાંડ હોવાની આશંકા સેવાઈ રહી છે.

એક તરફ ખેડૂત કુદરતી આફતો સામે લડીને માંડ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે, ત્યાં બીજી તરફ આવા નકલી અધિકારીઓ બનીને ફરેલા એજન્ટો તેમની પેઢીઓની કમાણી એક ઝાટકે આંચકી લેવા ફરે છે. જો કોર્પોરેશન અને પોલીસ તંત્ર આ નકલી અધિકારીઓની ટોળકીના મૂળ સુધી નહીં પહોંચે, તો લીલાપુર જેવી અનેક ઘટનાઓ આખા અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવી દેશે.

પાક્કો ગુજરાત સીધો સવાલ પૂછે છે...

AMC પ્રશાસન અને અમદાવાદ પોલીસને અમારો સીધો સવાલ છે કે, તમારા નામે નકલી સિક્કા અને નકલી હોદ્દાઓ વાપરીને ખેડૂતોને ધમકાવનારા આ એજન્ટો હજુ પણ જેલના સળિયા પાછળ કેમ નથી? ખેડૂતોની જમીન હડપવાનું આ નેટવર્ક કેટલું ઊંડું છે તેની તટસ્થ તપાસ થવી જ જોઈએ. પશુપાલકો હોય કે ખેડૂતો, પાક્કો ગુજરાત પ્રજાના હક માટે આ ભૂમાફિયાઓ સામે અવાજ ઉઠાવતું રહેશે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ 'નકલી બાબુઓ' ના અસલી આકાઓને ક્યારે પકડે છે!

---

## ચેઇન સ્નેચિંગ કરતા બે રીઢા ગુનેગાર ઝડપાતા 6 ગુના ઉકેલાયા, મંદિર-દેરાસર વિસ્તારમાં શોધતા હતા ટાર્ગેટ

અમદાવાદ

અમદાવાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB) ઝોન-1ની ટીમે વહેલી સવારે મંદિરો અને જૈન દેરાસરોમાંથી દર્શન કરીને પરત ફરતા લોકોને નિશાન બનાવતી એક રીઢા ગુનેગારોની ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે સ્નેચર્સની ધરપકડ કરીને ચેઈન સ્નેચિંગના 6 મોટા ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ સાથે જ ચોરાયેલા દાગીના ખરીદનારી એક મહિલાને ફરાર જાહેર કરી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

આ સફળતાની શરૂઆત નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસથી થઈ હતી. આઠમી મે 2026ના રોજ સવારે મીઠાખળી જૈન દેરાસરથી દર્શન કરીને ઘરે પરત ફરી રહેલી એક મહિલાને વૈદેહી એપાર્ટમેન્ટ નજીક બાઈક સવાર બે બદમાશોએ આંતરી હતી. બાઈક પાછળ બેઠેલા શખ્સે મહિલાના ગળામાંથી સોનાની ચેઈન આંચકી લીધી હતી અને બંને ફરાર થઈ ગયા હતા. શહેરમાં વહેલી સવારે વધતા સ્નેચિંગના બનાવોને ગંભીરતાથી લઈને LCB ઝોન-1ની ટીમે આ મામલે સઘન તપાસ શરૂ કરી હતી.

આરોપીઓ સુધી પહોંચવા માટે પોલીસ અધિકારીઓએ શહેરના વિવિધ વિસ્તારોના 500થી વધુ સીસીટીવી(CCTV) કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા.

---

## અમદાવાદમાં PCBની સપાટો: ચાંદલોડિયા સીનિયર સીટીઝન પાર્ક સામેથી લાખોનો વિદેશી દારૂ ઝડપાયો

પાયલોટિંગ કરતી કાર સહિત 37.99 લાખનો મુદ્દામાલ જપ્ત : મહેસાણા જિલ્લો બન્યો વિદેશી દારૂનું એપીસેન્ટર...? અમીરમિયાં સૈયદ સહિત 11 બુટલેગરો ફરાર, પોલીસની ઊંઘ હરામ..!

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતો વધુ એક ચોંકાવનારો કિસ્સો રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદમાંથી સામે આવ્યો છે. અમદાવાદ પીસીબી (Police Commissioner's Brain - PCB) એ બાતમીના આધારે લાલ આંખ કરીને ચાંદલોડિયા વિસ્તારમાં આવેલા સીનિયર સીટીઝન પાર્કની બિલકુલ સામે જાહેરમાં ચાલી રહેલી દારૂની હેરાફેરીના મસમોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ હાઈપ્રોફાઈલ દારૂના કૌભાંડમાં ચોંકાવનારી વિગતો એ સામે આવી છે કે, આ આખા ખેલના તાર મહેસાણા જિલ્લા સાથે જોડાયેલા છે, જે હવે જાણે ઈંગ્લિશ દારૂનું મોટું હબ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે.

ફિલ્મી ઢબે થતું હતું પાયલોટિંગ: બે કારમાં દારૂ અને આગળ ત્રીજી કાર

પીસીબીની ટીમે જ્યારે દરોડો પાડ્યો ત્યારે બુટલેગરોની મોડસ ઓપરેન્ડી જોઈને પોલીસ



પણ ચોંકી ગઈ હતી. બુટલેગરો એટલા બેફામ બન્યા હતા કે જાહેર રોડ પર ફિલ્મી સ્ટાઈલમાં દારૂની હેરાફેરી થઈ રહી હતી. અહીં બે લક્ઝરી કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરવામાં આવ્યો હતો, જ્યારે પકડાઈ ન જવાય તે માટે આગળ એક ત્રીજી કાર આ દારૂ ભરેલી ગાડીઓનું પાયલોટિંગ (વાતમી આપવાનું કામ) કરી રહી હતી. જોકે, પીસીબીની બાજ નજર સામે બુટલેગરોની આ ચાલાકી કામ ન આવી અને પોલીસે ઘેરો ઘાલીને આખો પ્લાન ફ્લોપ કરી દીધો.

પોલીસે આ રેડ દરમિયાન બંને કારમાંથી રૂપિયા 4.63 લાખની કિંમતની કુલ 1253 બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સાથે જ દારૂની હેરાફેરી અને પાયલોટિંગમાં વપરાયેલી 3 લક્ઝરી કાર સહિત કુલ રૂપિયા 37 લાખ 99 હજારનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટના સ્થળેથી પોલીસે કડકાઈ વાપરીને ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે, જેમાં: સાજીદ વોરા, ફિરોજ મલેક, સલીમ અંસારી, મહમંદ સાકિર.

જ્યારે આ ચારેયની આકરી પૂછપરછ કરવામાં આવી ત્યારે અસલી કિંગપિનનું નામ સામે આવ્યું છે. આ દારૂનો જથ્થો મહેસાણાના કુખ્યાત અમીરમિયાં સૈયદે ભરી આપ્યો હોવાનો ખુલાસો થયો છે.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**


Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI